ન્યુ રીનોવેટેડ એ/સી લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક
ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૫-૧૧-૨૦૨૫, શનિવાર
વર્ષઃ ૧૪, અંક : ૨૧૨
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરિકન
હાર્મોનિક-લેસોટ્રેક્સ લેસર-HAL-IRC-K.S.
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહત દરે સારવાર

### મોદીનો ગોફણીયો ઘા... વિપક્ષ તમામ મોરચે ચીત

# બિહારમાં પુરૂષો કરતા મહિલાઓને ડબલ એન્જીન સરકારમાં વધુ વિશ્વાસ

## તેજસ્વી યાદવને ત્રણ ભૂલો ભારે પડી ગઈઃ પુરૂષો કરતા મહિલાઓનું મતદાન વધુઃ જંગલરાજ સામે વિકાસની રાજનીતિનું પલટુ ખુબ ભારે રહ્યું

### બિહારની જીતે બંગાળનો રસ્તો સાફ કરી દીધોઃ વડાપ્રધાને હવે પછીનું મિશન પણ નકકી કરી લીધું

### વિજયના વધામણાના સંબોધનમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નીતિશકુમાર સાથે ચિરાગ પાસવાનને પણ જીતનો શ્રેય આપ્યોઃ સાથી પક્ષોને કોંગ્રેસનો સાથ છોડી દેવા નરેન્દ્રભાઈની સલાહ

**અબતક, રાજકોટ**


બિહાર વિધાનસભાની ચુંટણીમાં ભાજપ પ્રેરિત એનડીએ ગઠબંધનનો શાનદાર વિજય થયો છે. ઐતિહાસિક જીત બાદ કાર્યકર્તાઓને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ હવે પછી પોતાનું મિશન બંગાળમાં પણ ભાજપને જીત અપાવવાનું છે તેવું સ્પષ્ટ કરી દીધું હતું. નરેન્દ્રભાઈના ગોફણીયા સામે વિપક્ષ ચિત થઈ ગયા છે. બિહારમાં પુરૂષો કરતા મહિલાઓએ ડબલ એન્જિન સરકાર પર વધુ વિશ્વાસ બતાવ્યો છે. મોદીએ પણ 'એમવાય' એટલે કે મહિલા અને યુથને જીતના સારથી ગણાવ્યા હતા. ઐતિહાસિક જીતનો શ્રેય મુખ્યમંત્રી નીતીનકુમાર સાથે યુવા નેતા ચિરાગ પાસવાનનો પણ આપ્યો હતો.

૨૦૨૫ ની ચૂંટણીને અલગ પાડતી બાબત ફક્ત એનડીએની મોટી જીત જ નહીં, પરંતુ બિહારના મહિલા મતદારોમાં મતદાનમાં ઐતિહાસિક વધારો છે.

બિહારના ઈતિહાસમાં પહેલીવાર, મતદાન મથકો પર મહિલાઓએ પુરુષો કરતાં વધુ મતદાન કર્યું એટલું જ નહીં, પરંતુ મતદાનના રેકોર્ડ પણ તોડી નાખ્યા. જ્યારે કુલ મતદાન ૬૬.૯૧ ટકા રહ્યું, ત્યારે અસાધારણ ૭૧.૬ ટકા મહિલાઓએ મતદાન કર્યું, જે પુરુષોમાં ૬૨.૮ ટકા મતદાન કરતાં લગભગ નવ ટકા વધુ છે. મોટી સંખ્યામાં, મહિલાઓએ પુરુષો કરતાં વધુ મતદાન કર્યું, જે રાજ્ય માટે ઐતિહાસિક પ્રથમ ઘટના હતી અને બિહારના રાજકીય પરિદૃશ્યને બદલવાની સંભાવના દર્શાવે છે.

બિહાર ચૂંટણીમાં મહિલાઓ સૌથી મોટી વિજેતા રહી છે. તેમની જબરદસ્ત ભાગીદારીએ એનડીએ તરફ જનાદેશ ઝુકાવ્યો, જે મહિલાઓ માટે કલ્યાણકારી યોજનાઓ દ્વારા વધ્યો. ચૂંટણી પહેલા સૌથી વધુ ચર્ચામાં રહેલી યોજનાઓમાંની એક નાના ઉદ્યોગો શરૂ કરવા માંગતી મહિલાઓ માટે ૧૦,૦૦૦ રૂપિયાની સહાય હતી.

એનડીએએ પહેલાથી જ લાભ પહોંચાડી દીધો હતો, જ્યારે



ભલે પધાર્યા નરેન્દ્રભાઈ

મહાગઠબંધનની ઓફર એક ચૂંટણી વચન રહી. ઘણી મહિલાઓ માટે, તે તફાવત, બેંકમાં પહેલાથી જ પૈસા અને ભવિષ્યમાં મદદનું વચન, મહત્વપૂર્ણ હતું.

એક જ લાભ પર આધારિત સમર્થન પરંતુ મહિલાઓમાં નીતિશ કુમાર માટેનો ટેકો એક જ ચૂંટણી ચક્રમાં બનાવવામાં આવ્યો ન હતો. તે ખૂબ લાંબા પાયા પર ટકે છે. લગભગ બે દાયકાથી સત્તામાં, નીતિશની સરકારે સતત મહિલાઓને ધ્યાનમાં રાખીને નીતિઓ રજૂ કરી છે - પંચાયતી રાજ અનામતથી લઈને જીવિકા સ્વ-સહાય જૂથ ચળવળ સુધી. આ પગલાંથી મહિલાઓની આર્થિક ભૂમિકાઓનો વિસ્તાર થયો અને સ્થાનિક શાસનમાં તેમની હાજરી મજબૂત થઈ.

૨૨ લાખ મહિલાઓને લક્ષ્ય બનાવતી મહિલા રોજગાર યોજના, એક કરોડ 'લખપતિ દીદીઓ' બનાવવાની યોજના, અને મહિલા-આગેવાની હેઠળના ઉદ્યોગો માટે મિશન કરોડપતિ પ્રોત્સાહન - આ બધું આર્થિક સશક્તિકરણની પરિચિત વાર્તામાં ફેરવાય છે. સીધા રોકડ ટ્રાન્સફર પર વિપક્ષના ધ્યાનથી વિપરીત, એનડીએ કૌશલ્ય, ધિરાણ ઍક્સેસ અને -સંચાલિત વૃદ્ધિના મિશ્રણ પર આધાર રાખ્યું, મહિલાઓને બિહારની વિકાસ વાર્તામાં કેન્દ્રસ્થાને સ્થાન આપ્યું. બિહાર ચૂંટણી રાજ્યમાં મહિલાઓના નિર્ણાયક મતદાન જૂથ તરીકે ઉભરી આવવાના સ્પષ્ટ

(અનુ. આઠમા પાને)

### કોંગ્રેસને ૬ વિધાનસભાની ચૂંટણીમાં ૧૦૦ બેઠકો પણ મળી નથી

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કોંગ્રેસને આડે હાથે લેતા જણાવ્યું હતું કે ૨૦૨૪માં યોજાયેલી લોકસભાની ચૂંટણી બાદ દેશના અલગ અલગ છ રાજયોમાં વિધાનસભાની ચુંટણી યોજાઈ હતી. જેમાં કોંગ્રેસને મળેલી કુલ બેઠકોનો આંક પુરો ૧૦૦ થતો નથી. બિહારમાં એક જ ચુંટણીમાં ભાજપના જેટલા ઉમેદવારો ચૂંટાયા છે તેટલા છ ચૂંટણીમાં કોંગ્રેસના ધારાસભ્યો બન્યા નથી. કોંગ્રેસ પરજીવી પાર્ટી બની ગઈ છે.

# જન જાતિય ગૌરવ દિવસની ઉજવણીમાં સામેલ થતા પીએમઃ રૂ.૯૭૦૦ કરોડના વિકાસ કામોની ભેટ

### સુરતના પલસાણા તાલુકાના અંગોલી બુલેટ ટ્રેન સ્ટેશનની મૂલાકાત લઈ પ્રોજેકટની સમીક્ષા

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે એક દિવસ માટે માદરે વતન ગુજરાતની મૂલાકાતે આવ્યા છે. તેઓ ડેડિયાપાડામાં જનજાતીય ગૌરવ દિવસની રાષ્ટ્રીય ઉજવણીમાં સામેલ થયા હતા. રૂ.૯૭૦૦ વિકાસ કામોની ભેટ આપી હતી. સુરતમાં પલસાણા તાલુકાના અંગોલી બૂલેટ ટ્રેન સ્ટેશન ખાતે બૂલેટ ટ્રેન પ્રોજેકટની સમીક્ષા કરી હતી.

આ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેવમોગરા ધામમાં માતાજીની પૂજા અર્ચના કરી આશીર્વાદ લીધા હતા. સાતપુડાની ગિરિમાળામાં આવેલું આ ધામ આદિજાતિ સમાજના લોકોની શ્રદ્ધાનું કેન્દ્ર છે.

ગુજરાતની વિકાસયાત્રાને મજબૂત બનાવવા માટે આ ઉજવણીના ભાગરૂપે કેન્દ્ર સરકાર તરફથી ₹૭૬૬૭ કરોડ અને રાજ્ય સરકાર તરફથી ₹૨૧૧૨ કરોડના વિકાસકાર્યોની ભેટ આપી હતી. આ દિવસે સાંજના સમયે ધરતી આબા ભગવાન બિરસા મુંડાના જીવન પર આધારિત એક વિશેષ નાટ્ય પ્રસ્તુતિનું આયોજન એકતાનગર ખાતે કરવામાં આવ્યું છે. આ ઉજવણીનું જીવંત પ્રસારણ રાજ્યના આદિજાતિ જિલ્લાના ૨૩ તાલુકાઓમાં કરવામાં આવશે. આ કાર્યક્રમમાં વડાપ્રધાન સભાને સંબોધિત પણ કરશે.

કેન્દ્ર સરકાર તરફથી આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં ₹૭૬૬૭ કરોડના મૂલ્યની વિવિધ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે ૪ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને ૬ વિકાસકાર્યોનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યું હતુ.

₹૩૭૭૭ કરોડના ખર્ચે ૧૯૦ આશ્રમ શાળાઓ, ૫૦ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ, ૧૪ ટ્રાઈબલ મલ્ટી માર્કેટિંગ કેન્દ્રો અને ૭૪૮ કિ.મી રોડ કનેક્ટિવિટી (૬

(અનુ. આઠમા પાને)

### ધરતી આબા ભગવાન બિરસા એક વ્યક્તિ નહીં એક પરંપરા છેઃ વડાપ્રધાન

વડાપ્રધાને કહ્યું છે કે, ધરતી આબા ભગવાન બિરસા મુંડાએ સમાજ માટે જીવન સમર્પિત કર્યું. પોતાની સંસ્કૃતિ, પોતાના દેશ માટે પ્રાણોનો પરિત્યાગ કર્યો. આ કારણે તેઓ આજે પણ આપણી આસ્થાઓમાં, આપણી ભાવનાઓમાં ઉપસ્થિત છે. આ કારણે જ હું જ્યારે પણ દેશના વિકાસમાં આદિવાસી સમાજને જોઉં છું ત્યારે મને ધરતી આબા ભગવાન બિરસા મુંડાનો ચહેરો જોવા મળે છે. આપણાં બધા માટે ધરતી આબા ભગવાન બિરસા એક વ્યક્તિ નહીં એક પરંપરા છે. સદીઓથી તેઓ ભારતના આત્માનો હિસ્સો છે. જે સમયે આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકામાં રંગભેદ સામે માનવતાનો અવાજ બની રહ્યા હતા, લગભગ તે જ સમયે બિરસા મુંડા ગુલામી વિરૂદ્ધ એક અધ્યાય લખી ચુક્યા હતા.

### દેવમોગરા ધામ ખાતે માતાજીના દર્શન કર્યાઃ એકતાનગર ખાતે બિરસા મુંડાના જીવન પર આધારિત નાટય પ્રસ્તૃતી નિહાળી

### ડેટા ઈઝ કિંગ...તમારી વિગતો તમે જ સુરક્ષિત કરી શકશો

# હવે તમારો ડેટા તમે જાતે જ સુરક્ષિત કરી શકશો

### સરકારે ડેટા પ્રોટેક્શન કાયદો લાગુ કર્યોઃ ડેટા પ્રોટેકશન બોર્ડની પણ રચના થશે

**અબતક, નવી દિલ્હી**

ભારત સરકારે ડિજિટલ વ્યક્તિગત ડેટા સુરક્ષા કાયદાના નિયમો જાહેર કર્યા છે. આ કાયદો ઓગસ્ટ ૨૦૨૩માં પાર્લામેન્ટમાં પસાર થયો હતો. હવે લાખો લોકો જે ઓનલાઈન થાય છે, તેમને તેમના ડિજિટલ ડેટા પર પૂરૂ નિયંત્રણ મળશે.

**બાળકો માટે વિશેષ નિયમઃ** ૮ વર્ષથી નાના બાળકોને ફેસબુક, ઈન્સ્ટાગ્રામ જેવી સોશિયલ મીડિયા પર જોડવા માટે માતા-પિતાની સ્પષ્ટ સંમતિ જરૂરી છે. આ સંમતિ 'વેરિફાયેબલ' (ચકાસણીય) હોવી જોઈએ.

**સંમતિ આધારિત વ્યવસ્થાઃ** સોશિયલ મીડિયા, ઓનલાઈન ખરીદી, ગેમિંગ, બેંકિંગ, ચૂકવણી અને સરકારી સેવાઓ માટે ડેટા વાપરવા માટે વપરાશકર્તાની સંમતિ લેવી પડશે.



**દંડની શક્યતાઃ** નિયમો ભંગ કરનાર કંપનીઓને ૨૫૦ કરોડ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. ડેટા લીક થાય તો કંપનીઓએ તરત જ વપરાશકર્તાઓ અને નવા ડેટા સુરક્ષા બોર્ડને જાણ કરવી પડશે. જાણમાં સરળ ભાષા વાપરીને લીકનું કારણ, અસર અને ઉપાય કહેવા પડશે.

**પરિભાષણ સમયઃ** કંપનીઓને નવા નિયમો અપનાવવા માટે ૧૮ મહિનાનો સમય મળશે, કારણ કે તેમને પાછળની વ્યવસ્થામાં મોટા ફેરફારો કરવા પડશે.

**વિદેશમાં ડેટા નહીં મોકલાયઃ** કેટલાક ડેટા વિદેશ મોકલવા પર પ્રતિબંધ છે.

**સાત મુખ્ય સિદ્ધાંતોઃ** આ કાયદો સંમતિ-પારદર્શિતા, હેતુ મર્યાદા, ડેટા ઓછું રાખવું, સચોટતા, સંગ્રહ મર્યાદા, સુરક્ષા અને જવાબદારી જેવા સાત મુખ્ય સિદ્ધાંતો પર આધારિત છે. બાળકો અને વિશેષ જરૂરિયાતવાળા માટેઃ બાળકોના ડેટા માટે વિશેષ સંમતિ જરૂરી છે. આરોગ્ય, શિક્ષણ અને તાત્કાલિક સુરક્ષા જેવા આવશ્યક કાર્યો માટે મર્યાદિત છૂટ છે. જો વ્યક્તિ અપંગ અને સંમતિ આપી ન શકે તો કાનૂની ગાર્ડિયનની સંમતિ લેવી પડશે. કંપનીઓએ તકનીકી માધ્યમથી આ સંમતિ મેળવવી પડશે.

### સોશિયલ મીડિયા અને સર્ચ એન્જીનો વચ્ચે લડાઈ જામી

# યુટ્યુબે ડિઝનીને બહાર કર્યા બાદ માંડ સમાધાન થયુ

### યૂટ્યૂબે ઈએસપીએન, એબીસી અને ડિઝની ચેનલનું કન્ટેન્ટ હટાવ્યા બાદ પુનઃસ્થાપિત કર્યુ

**અબતક, નવી દિલ્હી**

ગૂગલની પેરેન્ટ કંપની, આલ્ફાબેટ અને વોલ્ટ ડિઝની વચ્ચે થયેલા નવા કરાર બાદ, દર્શકો માટે ઈએસપીએન, એબીસી અને ડિઝની ચેનલનું કન્ટેન્ટ યુટ્યુબ ટીવી પર પાછું આવી રહ્યું છે. બંને પક્ષો નવા લાઈસન્સિંગ કરાર પર સંમત ન થયા બાદ ૩૦ ઓકટોબરે યુટ્યુબ ટીવી પરથી ડિઝની કન્ટેન્ટ દૂર કરવામાં આવ્યું હતું. આમાં મુખ્ય અમેરિકન કોલેજ ફૂટબોલ મેચો અને વ્યાવસાયિક રમતોનું કવરેજ શામેલ હતું.

વોલ્ટ ડિઝનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "નવા કરાર હેઠળ, ઈએસપીએન, એબીસી સહિત તમામ ડિઝની નેટવર્ક અને સ્ટેશનો યુટ્યુબ ટીવી સબ્સ્ક્રાઈબર્સ માટે પુનઃસ્થાપિત થવાનું શરૂ થઈ ગયું છે." નવી ભાગીદારી હેઠળ, દર્શકોને યુટ્યુબ ટીવી પર ઈએસપીએન નેટવર્ક્સ, એબીસી, ડિઝની-બ્રાન્ડેડ ચેનલો, ફ્રીફોર્મ, એફએક્સ નેટવર્ક્સ અને નેશનલ જિયોગ્રાફિક ચેનલોની ઍક્સેસ હશે. નવી શરતો હેઠળ, ઈએસપીએનની નવી ડાયરેક્ટ-ટુ-કન્ઝ્યુમર સેવા (અનલિમિટેડ પ્લાન) યુટ્યુબ ટીવી સબ્સ્ક્રાઈબર્સ માટે કોઈપણ વધારાના ખર્ચ વિના ઉપલબ્ધ થશે.






ઈએસપીએન, એબીસી શો ઉપરાંત, વિવાદ દરમિયાન નેટગો, એફએક્સ, ફ્રીફોર્મ, એસઈસી નેટવર્ક અને એસીસી નેટવર્ક સહિત અન્ય ડિઝની-માલિકીની ચેનલોની કન્ટેન્ટ યુટ્યુબ ટીવી પરથી દૂર કરવામાં આવી હતી. યુટ્યુબ ટીવીએ જણાવ્યું હતું કે ડિઝની એવી શરતો ઓફર કરી રહી છે જે ખૂબ જ ભારે હશે, કિંમતો વધારી રહી છે અને ગ્રાહકો માટે વિકલ્પો ઘટાડી રહી છે. ડિઝનીએ દાવો કર્યો હતો કે યુટ્યુબ ટીવીએ તેની ચેનલો માટે વાજબી કિંમત ચૂકવવાનો ઈનકાર કર્યો હતો.

# બોર્ડની પરીક્ષામાં સજજ થવા ધો.૯ના વિદ્યાર્થીઓની ટેસ્ટ ૨૮મી જાન્યુઆરીથી લેવાશે

**અબતક, રાજકોટ**

ધોરણ ૯ના વિદ્યાર્થીઓ માટેની ટેલેન્ટ સર્ચ ટેસ્ટ (ટીએસટી)નું આયોજન આગામી ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ રાજ્યભરમાં કરવામાં આવશે. બોર્ડે તમામ માધ્યમિક શાળાઓના આચાર્યોને પરિપત્ર જારી કરીને પરીક્ષાના સમયપત્રક તથા અરજી પ્રક્રિયા વિશે માહિતી આપી છે.



ઓનલાઈન અરજીઓ ૧૫ નવેમ્બરથી શરૂ થશે અને શાળાઓ ૩૦ નવેમ્બર સુધી વિદ્યાર્થીઓના ફોર્મ બોર્ડની સત્તાવાર વેબસાઈટ દ્વારા સબમિટ કરી શકશે. ફોર્મ ભરવા માટેની વિગતવાર માર્ગદર્શિકા પણ ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવશે. વિદ્યાર્થીઓએ બેંકની વિગતો - જેમ કે ખાતાધારકનું નામ, ખાતા નંબર, બ્રાન્ચનું નામ અને આઈએફએસસી કોડ - ખૂબ જ ભરવાના રહેશે, કારણ કે મેરિટ લિસ્ટમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને મળનાર ઈનામની રકમ સીધી જ તેમના ખાતામાં જમા કરવામાં આવશે, એમ બોર્ડે સ્પષ્ટ કર્યું છે.

ટીએસટીનો મુખ્ય હેતુ શૈક્ષણિક રીતે પ્રતિભાશાળી

(અનુ. આઠમા પાને)

# શ્રીનગરના નૌગામ પોલીસ સ્ટેશનમાં બ્લાસ્ટ નવના મોત, ૨૭થી વધુ લોકો ઈજાગ્રસ્ત

### ફરીદાબાદથી ઝડપાયેલ એમોનિયમ નાઈટ્રેટનાં પરીક્ષણ દરમિયાન વિસ્ફોટઃ માનવ અંગો ૩૦૦ ફૂટ દૂર સુધી વિખેરાઈ ગયા

**અબતક, રાજકોટ**

જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરમાં નૌગામ પોલીસ સ્ટેશન પાસે દિલ્હી શૈલીના વિસ્ફોટમાં નવ લોકો માર્યા ગયા હતા. જયારે ૨૭ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા, અને અનેક વાહનો નાશ પામ્યા હતા. પોલીસ સ્ટેશનની ઈમારતનો એક ભાગ પણ નાશ પામ્યો હતો. વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે શરીરના ભાગો ટુકડા થઈ ગયા હતા અને માનવ અંગો ૩૦૦ ફૂટ દૂર સુધી વિખેરાઈ ગયા હતા. બ્લાસ્ટને લઈ સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. મોડી રાતે ૧૧.૨૨ વાગ્યે બ્લાસ્ટની ઘટના બની હતી. પોલીસ સ્ટેશનની અંદર વિસ્ફોટક સામગ્રી રખાઈ હતી. ૩૬૦ કિલો એમોનિયમ નાઈટ્રેટ વિસ્ફોટક રખાયો હતો. બ્લાસ્ટની ઘટનાના કનેક્શનની તપાસ શરુ કરાઈ હતી.

આ પ્રચંડ બ્લાસ્ટને કારણે પોલીસ સ્ટેશનની ઈમારતને પણ મોટું નુકસાન થયું હતું અને ત્યાં આસપાસ ઊભેલા વાહનો પણ સળગી ગયા હતા. લગભગ ૩૦૦ ફૂટ સુધીના વિસ્તારમાં માનવઅંગો ફેલાઈ ગયા હતા. આ દૃશ્ય જોતા જ આત્મા ધ્રૂજી ઊઠ્યો હતો.



શુક્રવારે રાતે લગભગ ૧૧:૨૨ વાગ્યે થયેલા વિસ્તારોમાં અત્યાર સુધીમાં ૯ લોકોના મોત નીપજ્યા છે અને ૨૭થી વધુ ઈજાગ્રસ્તોની હોસ્પિટલમાં સારવાર કરવામાં આવી રહી છે જેમાં અનેકની હાલત ગંભીર હોવાની જાણકારી મળી રહી છે. કાટમાળમાં હજુ ઘણાં લોકો દટાયેલા હોવાની પણ આશંકા છે.

સીસીટીવી ફૂટેજ અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યાનુસાર આ વિસ્ફોટની તીવ્રતા એટલી ખતરનાક હતી કે ધૂમાડાના ગોટેગોટા આકાશમાં ઊડ્યા હતા. એના પછી એક પછી એક નાના-મોટા વિસ્ફોટને કારણે રાહત બચાવ ટુકડીને અંદર સુધી પ્રવેશ કરવામાં લગભગ એક કલાકથી વધુ સમય લાગી ગયો હતો. આ ભયાનક ધમાકો ત્યારે થયો જ્યારે પોલીસ અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફએસએલ)ની ટીમ પોલીસ સ્ટેશનની અંદર રાખવામાં આવેલા વિસ્ફોટક સામગ્રીના નમૂનાઓનું પરીક્ષણ કરી રહી હતી. આ વિસ્ફોટક સામગ્રી (જેમાં મોટાભાગે એમોનિયમ નાઈટ્રેટનો જથ્થો હતો) તાજેતરમાં જ એક 'વ્હાઈટ-કોલર' આતંકી મોડ્યુલના પર્દાફાશ દરમિયાન હરિયાણાના ફરીદાબાદમાંથી જપ્ત કરવામાં આવી હતી.

# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

## મેષ અ,લ,ઈ

પરિશ્રમી વર્ગ, કારીગર વર્ગ, શિલ્પી વર્ગના તમામ જાતક માટે આ સપ્તાહ કામકાજથી વ્યસ્ત રાખનારું તથા અત્યાધિક લાભદાયક નીવડશે સાથો સાથ આવકની નવી તક તથા સ્ત્રોત મળવાની પણ પૂર્ણ સંભાવના. આ સપ્તાહે જૂની લેણી-ઉઘરાણી પાકવાની સંભાવના. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે, પરંતુ, સાથે ભાગદોડ વાળું પણ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે સરેરાશ સપ્તાહ. તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ વ્યસ્ત તથા હળવું લાભકારક નીવડશે. પરિવારના સદસ્ય સાથે વાદ-વિવાદ થાય તેવી પૂર્ણ સંભાવના. વિદ્યાર્થી, નિવૃત્ત તથા મહિલા કર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૨૧ તથા ૨૨ નવેમ્બર સામાન્ય રહેશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

## વૃષભ બ,વ,ઉ

રાજકીય ક્ષેત્રની વ્યક્તિ/જાતક એવમ જાહેર ક્ષેત્રની વ્યકિત માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. આ સપ્તાહ દરમિયાન અનેક પ્રકારના આર્થિક લાભ તથા અનેક નવી તક મળે તેવી પૂર્ણ સંભાવના. ઉદ્યોગ-ધંધાના નવા કામકાજનો પ્રારંભ કરવા માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ લાભકારી નીવડશે. મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે લાભદાયી સપ્તાહ, નાના ઔદ્યોગિક એકમ-વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક જણાશે. સરકારી ક્ષેત્ર તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત નીવડશે. પરિવારજનો સાથે સુમેળ નો સંયોગ. ગૃહિણી, મહિલા કર્મી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૨૦ નવેમ્બર સામાન્ય રહેશે.

## મિથુન ક,છ,ઘ

મેડિકલ ક્ષેત્રના જાતક એવમ પેરા-મેડિકલ ક્ષેત્રના તમામ જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. મેડિકલ સ્ટોર, તેમજ ફાર્માસ્યુટીકલ્સ જાતક માટે પણ આ સપ્તાહ હળવા ચડાવ ઉતાર સાથે લાભદાયક રહેશે. ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ હળવું લાભદાયક નીવડશે. કમીશન ગ્રેઈન મર્ચન્ટ, જથ્થાબંધ વ્યાપાર સાથે જોડાયેલ વ્યાપારી જાતક માટે આ સપ્તાહ મંદી વાળુ જોવા મળશે. છૂટક વ્યાપારી માટે લાભકારી સપ્તાહ. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. વિજ્ઞાનની તમામ શાખાના વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ પણ લાભકારી રહેશે. ૧૭ નવેમ્બર સામાન્ય રહેશે.

## કર્ક ડ,હ

કાયદો તથા વ્યવસ્થા તંત્રના ઉચ્ચ અધિકારી-કર્મચારી તેમજ સરકારી એવમ ખાનગી વકીલ માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય સરકારી ક્ષેત્રના ઉચ્ચાધિકારી માટે પણ આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય કર્મચારી વર્ગ માટે આ સપ્તાહ સાનુકૂળ અને વ્યસ્ત રહેશે. મોટા ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર-વણિજના એકમના તમામ જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. નાના, છૂટક વ્યાપારી કે ફેરી કરતા જાતક માટે આ સપ્તાહ અનેક પ્રકારે લાભકારી નીવડશે. મિત્ર, સ્નેહી તરફથી સહકાર મળવાની સંભાવના. વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે સાનુકૂળ સપ્તાહ. ૧૯ નવેમ્બર અર્ધ મધ્યમ રહેશે.

## સિંહ મ,ટ

પેરા-મેડિકલ ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ પણ પ્રતિકૂળ અથવા સરેરાશ રહે તેવી સંભાવના. મેડિકલ, તેમજ ફાર્માસ્યુટીકલ્સ જાતક માટે આ સપ્તાહ પણ હળવા ચડાવ ઉતાર સાથે લાભકારી રહેશે. મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાવ મધ્યમ નીવડશે. નાના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ લાભકારી જણાશે. જથ્થાબંધ + મોટા વ્યાપારી જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડે તેવી સંભાવના. નાના એવમ છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ મધ્યમ જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી, મહિલા કર્મી માટે આ હજુ આ સપ્તાહ પણ લાભકારી રહેશે. ૨૧ નવેમ્બર સામાન્ય રહેશે.

## કન્યા પ,ઠ,ણ

જાહેર ક્ષેત્રની વ્યક્તિ એવમ રાજકીય ક્ષેત્રની વ્યક્તિ માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. એનીમલ ફોડર (પશુઆહાર)વેટરનરી ઔષધિઓ તથા પ્રોસેસ્ડ ફૂડના ઔદ્યોગિક તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. ફેશન તેમજ શૃંગારને સંબંધિત ઔદ્યોગિક એવમ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડશે. આ સિવાયના, ઔદ્યોગિક ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહે અણધાર્યા લાભ મળે તેવી સંભાવના. વ્યાપાર વણિજના જાતક માટે આ સપ્તાહ સરેરાશ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે લાભદાયી સપ્તાહ. કુટુંબમાં સાથ સહકાર અકબંધ રહેશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે સાનુકૂળ સપ્તાહ. ૨૦ નવેમ્બર સામાન્ય જણાશે.

## તુલા ર,ત

ખાનગી શૈક્ષણિક સંસ્થાના ટ્રસ્ટી (માલિક) માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ જણાશે. પ્રવાહી ફુડ તેમજ બેવરેજીસ ના ઔદ્યોગિક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. ફાર્મસી, તથા ફાર્મા કેમિકલ્સ કે તેને સંબંધિત કોઈ પણ પ્રકારના એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક તથા વ્યાપારના જાતક માટે આ સપ્તાહ પણ લાભદાયક જણાશે. છૂટક તથા નાના વેપારી જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ રહેશે. મિત્ર, સ્નેહી દ્વારા સહકારના સંયોગ. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી, મહિલા કર્મી માટે સાનુકૂળ સપ્તાહ. ૧૮ નવેમ્બર સાવ સામાન્ય રહેશે.

## વૃશ્ચિક ન,ય

મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. અગ્નિ તત્વને સંબંધિત ઉદ્યોગ તથા વ્યાપારી એકમના જાતકને કોઈને કોઈ પ્રકારે કષ્ટ આવવાની હળવી સંભાવના રહેશે. વિદ્યુત એવમ સોલાર ઉર્જા સંબંધિત તમામ ઉત્પાદકો, રંગ એવમ રસાયણના જથ્થાબંધ વ્યાપારના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારી નીવડે તેવી શક્યતા. આ સિવાયના વ્યાપારી જાતક માટે લાભકારી સપ્તાહ રહેશે. સર્વિસ બિઝનેસના જાતક માટે સારુ સપ્તાહ નીવડશે. સરકારી કર્મચારી માટે બદલી તેમજ બઢતીના સંયોગ જણાશે. આ સપ્તાહ ખાનગી નોકરીયાત માટે લાભકર્તા નીવડશે. મેડિકલ છાત્ર, નિવૃત્ત તથા મહિલા કર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ હળવુ સાનુકૂળ નીવડશે. ૨૨ નવેમ્બર મધ્યમ રહેશે.

## ધન ભ,ફ,ધ,ઢ

શિતલ પેયના ઔદ્યોગિક કે વ્યાપારી એકમના જાતક માટે આંશિક રીતે લાભકારી સપ્તાહ જણાશે. આ સપ્તાહ પરિશ્રમી, કારીગર વર્ગ- શિલ્પી વર્ગ માટે હળવું બહુ લાભકારી જણાશે. કુટિર ઉદ્યોગ એવમ નાના ઔદ્યોગિક એકમના જાતક માટે હળવુ લાભકારી સપ્તાહ. મોટા ઔદ્યોગિક તથા વ્યાપાર-વાણિજ્ય એકમ સાથે સંકળાયેલ જાતક માટે સાનુકૂળ તેમજ ભાગદોડીયું સપ્તાહ રહેશે. આ સપ્તાહ ગેરેજ એવમ સર્વિસ બિઝનેસના જાતક માટે લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ સાનુકૂળ અથવા મિશ્ર નીવડશે. પરિવાર દ્વારા સાથ સહકારના સંયોગ. નિવૃત્ત તથા ગૃહસ્થી, મહિલા કર્મી, ગૃહિણી, વિદ્યાર્થી માટે લાભકર્તા સપ્તાહ. ૧૯ નવેમ્બર સામાન્ય રહેશે.

## મકર ખ,જ

આ સપ્તાહ લેથ એવમ ફેબ્રીકેશન વર્ક, ગેરેજ વર્કસ, રીપેરીંગ તથા સર્વિસ મેઈનટેઈંસ એકમના જાતક માટે અત્યાધિક લાભકર્તા નીવડશે. શેર બજાર, કોમોડિટી એકમના જાતક માટે પ્રતિકૂળ સપ્તાહ નીવડે તેવી સંભાવના. ટ્રાન્સપોર્ટેશન એકમના જાતક માટે આ સપ્તાહ ફાયદાકારક જણાશે. તમામ ઔદ્યોગિક તથા વ્યાપાર વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ તેમજ વ્યસ્ત નીવડશે. છૂટક વ્યાપારી એવમ નાના વ્યાપારી માટે પણ આ સપ્તાહ પણ હળવું લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ વ્યસ્ત તેમજ સાનુકૂળ જણાશે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી, મહિલા કર્મી, આ સપ્તાહ માટે હિતકારી નીવડશે. ૧૮ નવેમ્બર સરેરાશ રહેશે.

## કુંભ ગ,શ,ષ

ખાનગી શરાફી પેઢી, નોન બેંકીંગ તથા બેંકિંગ ફાઈનાન્સ એકમ સાથે સંકળાયેલ તમામ જાતક તથા ખાનગી મેનેજમેન્ટ એકમના જાતક માટે અર્ધ સાનુકૂળ અથવા મિશ્ર સપ્તાહ રહેશે. હેવી હ્યુજ ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક જણાશે. અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા જથ્થાબંધ વ્યાપાર-વણિજ એકમના તમામ જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ અને વ્યસ્ત નીવડે તેવી પૂર્ણ સંભાવના. આ સપ્તાહ સરકારી એવમ અર્ધ સરકારી ક્ષેત્રના કર્મચારી માટે સાનુકૂળ તથા કામકાજ વાળું જણાશે, જ્યારે ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ બઢતીના સંયોગ સાથે વ્યસ્ત જણાશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. ૨૦ તથા ૨૧ નવેમ્બર સરેરાશ નીવડશે. (પન્નોતિનો ઉપાય પરિશ્રમિકોને પૂરતું વળતર આપવું).

## મીન દ,ચ,ઝ,થ

મરીન એંજીનીયરીંગ એવમ શીપીંગ બોડી બિલ્ડીંગ યાર્ડ ક્ષેત્રે જોડાયેલ તમામ જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. બિલ્ડીંગ મટીરીયલ્સ ના વિક્રેતા તથા ઉત્પાદક માટે આ સપ્તાહ આંશિક લાભકારી નીવડશે. ઔદ્યોગિક એકમના જાતક તથા મોટા વ્યાપાર વણિજ તથા જથ્થાબંધ માલના વ્યાપારના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. આ સપ્તાહ પરિશ્રમી વ્યવસાય કે વ્યાપારીના કોઈ પણ એકમના તમામ જાતક માટે આ લાભદાયી. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સગા તથા મિત્ર વર્તુળ સાથે સુમેળ વધી શકે તેવા સંયોગ યથાવત રહેશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત માટે આ સપ્તાહ હળવુ લાભદાયી જણાશે. ૨૨ નવેમ્બર સામાન્ય રહેશે. (પન્નોતિનો ઉપાય દાન+અભ્યંગ સ્નાન).

# સંબંધોની શક્તિઃ નેટવર્કિંગ દ્વારા વૃદ્ધિ અને સફળતા મેળવો

## આજના યુગમાં જોડાયેલા રહો, આગળ વધો અને સંબંધોથી ક્ષમતાને વિસ્તૃત કરોઃ ઈન્ફોર્મેશન ટેકનોલોજીને કારણે બિઝનેસના વિકાસમાં નેટવર્કનો ઉપયોગ સરળ બન્યો છેઃ દરેક પ્રોફેશનલનું ધ્યેય નેટવર્કિંગની શકિત, ક્ષમતા અને તેના ઉપયોગ સાથે વિકાસ કરવાનો હોય છે

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજના ઈન્ફરમેશન ટેકનોલોજીના યુગમાં બાળથી મોટેરા સાથે તેના વપરાશકર્તા દરરોજ વધી રહ્યા છે. એ.આઈ. નો યુગ શરૂ થતાં હવે ઘણી બધી સવલતો સાથે કોમ્યુનિકેશન હરણ ફાળ ભરી રહ્યું છે. ઈન્ટરનેટમાં જે માહીતી મળતી હોય તે મોટાભાગની માહિતી ઈન્ટર લિન્કડ હાઈપરેક સ્ટ ડોકયુમેન્ટથી બનેલ વર્લ્ડ વાઈડ વેબ (www) સ્વરુપે હોય છે. વપરાશકર્તા સામાન્ય રીતે વેબ બ્રાઉઝરની મદદથી વિવિધ માહિતીની આપ-લે કરે છે. દરેક પ્રોફેશનલનું ધ્યેય નેટવર્કની શકિત, ક્ષમતા અને તેના ઉપયોગ સાથે વિકાસ કરવાનો હોય છે. આનો પ્રારંભ ૧૯૦૫ થી પ્રારંભ થયો, ત્યારે પ્રથમ સિવિક કલબ શરૂ કરવામાં આવી હતી.

આજે તો આંગળીના ટેરવે આખી દુનિયા આવી ગઈ છે.૧૯૮૫માં બી.એન.આઈ. ઈન્ટરનેશનલ નેટવકિંગ બિઝનેસ સાથે જોડાયું, ૨૦૦૭માં વિશ્વના મોટાભાગના દેશોમાં તેની ઉજવણી શરુ થઈ હતી. કોરોના કાળ વખતે વ્યકિતગત રૂપે પ્રથમ વર્ચ્યુઅલ મીટીંગ યોજાઈ હતી. આજના 5-G ના યુગમાં દરેક ક્ષેત્રે તેનો ઉપયોગ વધી રહ્યો છે, ખાસ શિક્ષણ, આરોગ્ય અને બિઝનેશમાં તેનો વપરાશ વધતા ઘણી સુગમતા જોવા મળી છે. હાઈ-સ્પીડ મોબાઈલ ડેટાની ને કસ્ટ જનરેશન ઘણા ફાયદા સાથે ગેર ફાયદા પણ જોવા મળશે. ઝડપી કનેકશનને કારણે ડ્રોન, સેલ્ફ ડ્રાઈવિંગકાર જેવી ઘણી સુવિધા મળવા લાગી છે. આજે તો તમે જે સર્ચ કરો છો, તેની માહીતીનો ડેટા પણ સ્ટોર થઈ જાય છે.બિઝનેશ પ્રોફેશનલને એક સાથે લાવવા, અનુભવો શેર કરવાની સાથે માહિતીના આદાન-પ્રદાનનો છે. આ પ્રોજેક્ટ બિઝનેસ નેટવકિંગ ઈન્ટરનેશનલના મગજની ઉપજ હતી. તેના વાર્ષિક આયોજનમાં બિઝનેસ લીડર્સને નેટવર્ક અને વેચાણ વધારવા માટે અન્ય સહભાગીઓ સાથે



વ્યાવસાયિક સંબંધો વિકસાવવાની તક પૂરી પાડે છે. દરેક વ્યવસ્થાનો હેતુ આ શકિતનો ઉપયોગ કરવાની ક્ષમતાનો સંપૂર્ણ ઉપયોગ અને વિકાસ કરવાનો છે. આ સેલિબ્રેશન ધ્યેય માકેટીંગ, વેચાણ, નાણા અને નાના કે મોટા વ્યવસાયકારો સહિત સમાજનાં વિવિધ ક્ષેત્રોના હજારો લોકો સાથે જોડાઈને એક સપોર્ટ સિસ્ટમ બનાવે છે.

આજે વિશ્વમાં ઘણા યુવા બિઝનેસકારો આવી સુવિધાનો લાભ લઈને પોતાની પ્રોડકટસ વિશ્વભરમાં વહેંચી રહ્યા છે. આજની ટેકનોલોજીના માધ્યમ થકી તેની કુશળતાને સુધારવા અને આત્મ વિશ્વાસ વધારવામાં મદદ મેળવે છે. તેમના વ્યવસાયિક વર્તુળ બહાર પણ તેઓ વધારાનું જ્ઞાન, સંબંધો, જાણકારી સાથે પ્રોફેશનલ સંબંધો વિકસાવી શકે છે.

દર વર્ષે ફેબ્રુઆરીમાં વૈશ્વિક સ્તરની ઉજવણીમાં વિશ્વના ૭૦ થી વુધ દેશોના અઢી લાખથી વધુ સભ્યો વિશ્વની અગ્રિમ બિઝનેસ રેફરલ સાથે જોડાઈને માહીતી બીઝનેસની આપલે કરીને વિકાસ કરે છે. પ્રારંભે આ નેટવર્ક સંબંધો વિકસાવવા જ શરુ કરાય, પણ પછી બિઝનેસ સ્વરુપ આવી ગયું હતું. આજે તમામ વ્યવસાયકારો આ સિસ્ટમ થકી ખુબ જ સારી સફળતા મેળવેલ છે. બે વર્ષ પહેલાની આવી જ પહેલથી ૧૫.૫ બિલિયન ડોલરથી વધુની આવક ઉભી કરી હતી. આજે બધા જ વ્યવસાયકારોના ધ્યેયો હોય છે, પછી ભલે તમારી બ્રાન્ડને વિકાસ કરવાનો પણ હોય. નેટ વકિંગના માધ્યક થકી જોડાવવાથી તમારી કારકિંદીને આગળ વધારવી કે ટેકો આપવો, માર્ગદર્શન સંબંધો, જીવનભરની મિત્રતા, રેફરલ્સ, નવો પરિપ્રેક્ષ્ય અને આત્મ વિશ્વાસ નિર્માણ કરવાનો છે.



તમે કેટલા સમયથી બિઝનેશ દુનિયામાં છો, તે મહત્વનું નથી, પણ નેટવર્ક કેવી રીતે બનાવવું અને તેને જાણવાથી તમારી પ્રોફાઈલ વધે છે. જેને કંઈક નવું કરવું છે, પ્રગતિ કરવી છે, તેના માટે આ જોડાણ ઘણું ઉપયોગી થાય છે. જુના સાથીઓ, નવા કલાઈન્ટ વિગેરેના સંપર્ક થકી તમો તમારા ધંધાનો વિકાસ કરી શકો છો.

બિઝનેસ ક્ષેત્રે આ વર્ષ અનેક પડકારો સાથે નવી તકોને પણ લાવ્યું છે, અને બિઝનેસ ટ્રાન્સ ફોર્મેશન માટે વિચાર કર્યા છે. ઈલેકટ્રિકકાર વ્હીકલ ક્ષેત્ર એ પડકાર એટલા માટે છે કે આપણે વિદેશ પર આધાર રાખવો પડે એમ છે. ભારત તેનું ઉત્પાદન કરે તો પણ ૨૦૨૫માં સપ્લાય થઈ શકે એમ છે. આપણે ઈલેક્ટ્રીક બેટરી અને સેમી કંડક્ટર એમ બન્ને ઉત્પાદન શરુ કર્યુ છે. અંઈ ને કારણે હજારો લોકોની નોકરી જશે કે બેકારી વધશે એવી અફવા ઉડી રહી છે, પણ હાલનો સ્ટાફ આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સની તાલીમ મેળવીને વધુ સ્માર્ટ બનશે. આજે આપણે બિઝનેસ વધારવો હશે તો AI ટેકનોલોજી અમલમાં મુકવી જ પડશે. વિશ્વની પર્યાવરણની સમસ્યા નિવારણ માટે શુધ્ધ હવા માટે ઈલેકટ્રીક વ્હીકલ અપનાવવા જ પડશે.આ બન્ને ટેકનોલોજી સાથે સંકળાયેલા નિષ્ણાંતો જણાવે છે કે આપણાં તમામ ઉધોગોમાં આજે અંઈ નો ઉપયોગ સર્વત્ર જોવા મળી રહ્યો છે.

આ વર્ષ બિઝનેશ સર્કલ બનાવવા માટે મહત્વનું બની રહેશે. નવી ટેકનોલોજી અને નવા ઈનોવેશન પર મદાર રાખીને દરેક પોતાના ધંધા થકી બિઝનેસમાં નફો રળવા મહેનત કરી રહ્યા છે. તેના આ પ્રયાસને અંઈ થી જ સફળતા મળશે. ફાયનાન્સ, ટુરીઝમ, મેડીકલ કે હેલ્થ કેર જેવા વિવિધ બિઝનેશ આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ આધારીત બનવા જઈ રહ્યાં છે. AI જેવી ઘણી નવી ટેકનોલોજી ધીરે ધીરે બિઝનેસ સાથે જોડાઈ જતાં, અનેક લોકો તેનો લાભ ઉઠાવતા પણ થઈ જશે.

તમારા નેટવર્કને વિકાસના એન્જિન તરીકે ઉપયોગમાં લો. નેટવર્કિંગ દ્વારા વિકાસનો નકશો બનાવી, શકિત, ક્ષમતા અને ઉપયોગ દ્વારા સફળતાની દિશા નક્કી કરો.

# આવતીકાલનું રાશિફળ

**તા.૧૬.૧૧.૨૦૨૫, રવિવાર, સંવંત ૨૦૮૨, કારતક વદ બારસ, હસ્ત નક્ષત્ર, પ્રીતિ યોગ, કૌલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કન્યા (પ,ઠ,ણ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : તબિયતની કાળજી લેવી, ખાવા પીવામાં ખ્યાલ રાખવો, વધુ પડતી દોડધામ ટાળવા સલાહ છે.

**વૃષભ (બ,વ,ઉ)** : સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ગમતી વ્યકિતથી મુલાકાત થાય.

**મિથુન (ક,છ,ઘ)** : તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય, આજ દિવસે યોગ્ય નિર્ણય કરી શકો.

**કર્ક (ડ,હ)** : સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, મિત્રોની મદદ મળી રહે.

**સિંહ (મ,ટ)** : તમારા યોગ્ય વાણી-વર્તનથી અટકેલાં કાર્ય પૂર્ણ કરી શકો, સામી વ્યક્તિ પાસેથી કામ લઈ શકો, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ)** : તમારા ક્ષેત્ર માં તમે આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો, તમારા કાર્યની સરાહના થાય.

**તુલા (ર,ત)** : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, કામ કાર્યનો સંતોષ પ્રાપ્ત થાય, યોગ્ય જગ્યા એ નાણાં રોકી શકો.

**વૃશ્ચિક (ન,ય)** : વેપારીવર્ગને મધ્યમ રહે, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, તમારા હક માટે અવાજ ઉઠાવી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : નોકરિયાતવર્ગને ઈચ્છીત કામગીરી મળે, વેપારીવર્ગને લાભ થાય, ધંધા રોજગાર માં સારું રહે, પ્રગતિ થાય.

**મકર (ખ,જ)** : ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હોય તેવું વાતાવરણ બને, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.

**કુંભ (ગ,સ,શ)** : ભ્રમની સ્થિતિઓમાં થી હવે બહાર આવવાની જરૂર છે, તમે સત્ય સ્વીકારી બુદ્ધિપુર્વક આગળ વધશો તો લાભ થશે.

**મીન (દ,ચ,ઝ,થ)** : આંતરિક જીવનમાં મધ્યમ રહે પણ જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

# રાહુ વિદેશથી લાભ અપાવનાર છે

ગતાંકથી આપણે જ્યોતિષશાસ્ત્રમાં મહાદશાના પ્રભાવ વિષે વાત કરી રહ્યા હતા. વ્યક્તિના જન્મ સાથે એક પછી એક દશા શરુ થાય છે.વિમશોત્તરી દશા પદ્ધતિ વૈદિક જ્યોતિષની સર્વોપરી દશા ગણાય છે. દરેક ગ્રહનો જીવન પર કેટલો પ્રભાવ છે, ક્યારે સારા સમયની શરૂઆત થશે અને ક્યારે પડકારો આવશે તેની સ્પષ્ટ ગણતરી વિમશોત્તરી દશાથી થાય છે.વિમશોત્તરી દશા એ ચંદ્રના જન્મ નક્ષત્રને આધાર બનાવી બનાવેલ ૧૨૦ વર્ષની દશા પદ્ધતિ છે.વ્યક્તિના જીવનને ૧૨૦ વર્ષની સમગ્ર ચક્ર માની તેમાં ૯ ગ્રહોના સમયગાળા મહાદશા અંતર્દશા દ્વારા નક્કી કરાયા છે.જેમ કે કેતુની મહાદશા ૭ વર્ષની હોય છે જે વ્યક્તિને રહસ્ય તરફ લઈ જાય છે જીવનમાં પરિવર્તન આપે છે અને આધ્યાત્મ તરફ ઝુકાવ આપે છે તો સંબંધોમાં વિયોગ પણ આપે છે, ત્યારપછી શુક્રની મહાદશા ૨૦ વર્ષની હોય છે જે સુખ, વૈભવ, પ્રેમ, ઐશ્વર્ય કલાનો શોખ આપનારી છે અને શાંત જીવન આપનારી છે જયારે સૂર્યની મહાદશ ૬ વર્ષ હોય છે જે આત્મવિશ્વાસ,સતા, પાવર, સરકારથી લાભ આપનારી ,અધિકારીક બાબતો, આગેવાની આપનારી છે જયારે ચંદ્ર જે મનના કારક છે તેની દશા ૧૦ વર્ષની હોય છે એ મન પર અસર કરનાર છે , ઘર, માતાના કારક ચંદ્ર તેની દશામાં કયારેક મનની કસોટી પણ કરે છે તો મંગળની ૭ વર્ષની દશા ઉર્જા, હિંમત, જમીન પર અસર કરે છે અને સ્વભાવમાં ગુસ્સો પણ દર્શાવે જે વ્યક્તિને હિંમતથી નિર્ણય પણ કરાવે છે અને ક્યારેક જમીન વિવાદ પણ આપે છે તો રાહુ મહાદશા ૧૮ વર્ષની હોય છે જે અંતરાયો આપનાર, ભટકાવનાર બને છે અને જીવનમાં અચાનક બનાવ બનતા જોવા મળે છે વ્યસન થી સાવધ રહેવા જેવી દશા છે જ્યારે રાહુ વિદેશ થી લાભ અપાવનાર છે તો ટેકનોલોજીમાં આગળ લઈ જનાર છે.

# કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૫-૧૧-૨૦૨૫ શનિવાર**
૦૧:૦૦ થી ૦૩:૦૦ ગુજરાતી મુવી (કારખાનું)
૦૩:૦૦ થી ૦૩:૩૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૩૦ થી ૦૬:૦૦ શ્રીમદ ભાગવત સપ્તાહ (ગધેથડ) લાઈવ
૦૬:૦૦ થી ૦૮:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૮:૦૦ થી ૦૮:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૮:૩૦ થી ૦૯:૦૦ મનુ મોજીલો
૦૯:૦૦ થી ૧૦:૦૦ ચાલને જીવી લઈએ
૧૦:૦૦ થી ૧૨:૦૦ ગધેથડ - ભવ્ય ડાયરો (લાઈવ)

**તારીખ ૧૬-૧૧-૨૦૨૫ રવિવાર**
૦૭:૦૦ થી ૦૮:૦૦ પ્રભાતિયા
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચસકા ની મોજ
૦૯:૦૦ થી ૧૦:૦૦ ન્યુમેરોલોજી શો (ડો.જીનલ શાહ)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૦૧:૦૦ શ્રીમદ ભાગવત સપ્તાહ (ગધેથડ) લાઈવ
૦૧:૦૦ થી ૦૩:૦૦ ગુજરાતી મુવી (નાડી દોષ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૩૦ થી ૦૬:૦૦ શ્રીમદ ભાગવત સપ્તાહ (ગધેથડ) લાઈવ
૦૬:૦૦ થી ૦૮:૦૦ ગુજરાતી નાટક (ડબલ સવારી)
૦૮:૦૦ થી ૦૮:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૮:૩૦ થી ૦૯:૦૦ મનુ મોજીલો
૦૯:૦૦ થી ૧૦:૦૦ ચાલને જીવી લઈએ
૧૦:૦૦ થી ૧૨:૦૦ ગધેથડ - ભવ્ય રાસ ગરબા (લાઈવ)

**તારીખ ૧૭-૧૧-૨૦૨૫ સોમવાર**
૦૭:૦૦ થી ૦૮:૦૦ પ્રભાતિયા
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચસકા ની મોજ
૦૯:૦૦ થી ૦૯:૩૦ ન્યુમેરોલોજી શો (ડો.જીનલ શાહ)
૦૯:૩૦ થી ૦૧:૦૦ શ્રીમદ ભાગવત સપ્તાહ (ગધેથડ) લાઈવ

# અબતક પંચાગ

**તા.૧૬-૧૧-૨૦૨૫ રવિવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ**: ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** કારતક વદ બારશ સૂર્ય વૃશ્ચિક રાશીમાં
**નક્ષત્ર** હસ્ત
**યોગ** પ્રીતિ **કરણઃ** કૌલવ
**સુર્યોદય** ૭.૦૦ **સુર્યાસ્તઃ** ૬.૦૩
**ચંદ્ર રાશી** કન્યા
**રાશિ અક્ષર** પ.ઠ.ણ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૦૯ થી ૧૨.૫૩

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

# સૂડોકુ -૧૪૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | | | ૪ | | ૫ | | ૬ |
| | | ૪ | | | | ૨ | | |
| ૬ | | | ૨ | | | | | |
| | ૧ | | | | | | ૫ | ૯ |
| | | ૭ | | | | | | |
| | ૬ | | | ૧ | | ૮ | | ૭ |
| ૭ | ૨ | | | | ૩ | ૯ | | |
| | | | ૫ | | ૨ | | ૩ | ૮ |
| ૫ | | ૩ | ૭ | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૩૯ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | ૭ | ૯ | ૫ | ૬ | ૪ | ૨ | ૮ |
| ૨ | ૯ | ૪ | ૭ | ૮ | ૧ | ૬ | ૫ | ૩ |
| ૬ | ૮ | ૫ | ૪ | ૩ | ૨ | ૭ | ૧ | ૯ |
| ૩ | ૬ | ૨ | ૫ | ૪ | ૭ | ૯ | ૮ | ૧ |
| ૪ | ૧ | ૮ | ૬ | ૯ | ૩ | ૨ | ૭ | ૫ |
| ૭ | ૫ | ૯ | ૨ | ૧ | ૮ | ૩ | ૪ | ૬ |
| ૫ | ૨ | ૩ | ૧ | ૬ | ૪ | ૮ | ૯ | ૭ |
| ૮ | ૪ | ૧ | ૩ | ૭ | ૯ | ૫ | ૬ | ૨ |
| ૯ | ૭ | ૬ | ૮ | ૨ | ૫ | ૧ | ૩ | ૪ |

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



# ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતી

તથા

## જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી

માનનીય વડાપ્રધાન

## શ્રી નરેન્દ્ર મોદીના

વરદ્હસ્તે

**₹૯,૭૦૦ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત**



**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

### પ્રેરક ઉપસ્થિતિ

**શ્રી આચાર્ય દેવવ્રત**
માનનીય રાજ્યપાલ, ગુજરાત

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

### વિશેષ અતિથિ

**શ્રી નરેશભાઈ પટેલ**
માનનીય મંત્રી, ગુજરાત

**ડૉ. જયરામભાઈ ગામિત**
માનનીય રા.ક. મંત્રી, ગુજરાત

**શ્રી મનસુખભાઈ વસાવા**
માનનીય સંસદસભ્ય, ગુજરાત

**શ્રી જગદીશ વિશ્વકર્મા**
માનનીય ધારાસભ્ય, ગુજરાત

**તારીખ:** ૧૫-૧૧-૨૦૨૫ | **સમય:** બપોરે ૨ વાગે | **સ્થળ:** ડેડીયાપાડા, જિલ્લો: નર્મદા

રાજ્યના ૨૩ આદિજાતિ તાલુકાઓમાં કાર્યક્રમનું જીવંત પ્રસારણ

## હર ઘર સ્વદેશી, ઘર-ઘર સ્વદેશી

ગુજરાત સરકાર આદિજાતિ બંધુઓના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે
- **શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

તંત્રી લેખ

# ઐતિહાસિક જનાદેશ

બિહાર વિધાનસભાની ૨૪૩ બેઠક માટે યોજાયેલા બે તબક્કા મતદાનબાદ આજે પરિણામ જાહેર થતાં ભારતના લોકતાંત્રિક ઈતિહાસમાં બિહાર માં એનડીએ ના ફાલે ઐતિહાસિક વિજય નોંધાયો છે, બિહારમાં બે તૃતીયાંશ બહુમતી સાથે નીતીશ કુમારના નેતૃત્વમાં ફરી એન ડી એની સરકાર રચવાના દ્વાર ખુલી ગયા છે,

બિહાર વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ ત્યારથી જ એનડીએ અને મહાગઠબંધન વચ્ચે કસોકસની રાજકીય લડાઈ શરૂ થઈ હતી એમાં ભાજપ જેડીયુ, એલજેપી, હમ અને આર એલ એમ.એ સંયુક્ત રીતે ભાજપ અને ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકાસ લક્ષી મુદ્દાઓ સાથે ચૂંટણી માટે મતદારોને રીઝવવાના પ્રયાસો શરૂ કર્યા હતા સામે પક્ષે મહાગઠબંધન માં આરજેડી કોંગ્રેસ અને કેટલાક સ્થાનિક આગેવાનોએ ચૂંટણી જંગ માં ઝપલાવ્યું હતું

બિહાર વિધાનસભાની ચૂંટણી પરિણામ આવતાની સાથે જ એનડીએ તરફ જનાધાર સ્પષ્ટ બન્યું છે જોકે બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ પ્રેરિત એનડીએ ગઠબંધન નો વિજય થયો છે પરંતુ મતદારોએ જેડીયુની શક્તિ વધારી છે ભાજપને ગત ચૂંટણી કરતાં કેટલાકબેઠકોની ખોટ આવી છે તેની સામે નીતિશકુમાર ની પાર્ટી એ જનાધાર માં મોટો નફો ઊભો કર્યો છે ,મહાગઠબંધન માં પણ કોંગ્રેસ કરતા આરજેડી એ મેદાન મારી લીધું છે બિહારની ચૂંટણીમાં જ્ઞાતિના સમીકરણો અને વોટ બેન્કના રાજકારણ સામે મતદારોએ શાણપણથી જાણે કે સ્થાનિક રાજકીય સેવા ની સાથે સાથે સાર્વત્રિક વિકાસ મંત્રને અગ્રતા આપી છે

આમ બિહારમાં બે તૃતીયાંશ બહુમતી સાથે એનડીએ ને સ્પષ્ટ બહુમતી આપનાર મતદારોના ગણતરી પૂર્વકના મતદાન થી મોટા રાજકીય પક્ષો સામે ગઠબંધનમાં રહેલા સ્થાનિક પક્ષોનું મતદારોએ માન જાળવ્યું છે એન ડી એ માંજેડીયુ નું કદ વધ્યું છે બીજી તરફ મહાગઠબંધનમાં પણ કોંગ્રેસ કરતા આરજેડી સક્ષમ પુરવાર થઈ છે. બિહારનું આ વખતનું વિધાનસભાનું ચૂંટણી પરિણામ દેશના રાજકીય મંચપર ભાજપ સમર્થિત એનડીએ નો ઐતિહાસિક વિજય તરીકે હંમેશા મતદારોના વિકાસ લક્ષી વલણ અને સ્થાનિક નેતાગીરી પ્રત્યેના ઝુકાવ તરીકે ઐતિહાસિક અને સૂચક બની રહ્યું છે.

દેશના સંવેદનશીલ સરહદી વિસ્તાર ધરાવતા

# કચ્છમાં સૈનિક સ્કુલ સ્થાપવા ચેમ્બર ઓફ કોમર્સની સરકાર સમક્ષ માંગ

## મહેસાણામાં સૈનિક સ્કુલની જાહેરાતની જેમ રાજયની બીજી સૈનિક સ્કુલમાં કચ્છ સૌથી વધુ યોગ્ય હોવાની રજૂઆત

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગુજરાતમાં લશ્કરી તાલીમ અને સૈનીક શાળાઓના વ્યાપ વધારવા મોસાળામાં ગૃહમંત્રી અમીત શાહ દ્વારા સૈનીક સ્કુલનું ઉદઘાટન કર્યુ છે. ત્યારે દેશના સંવેદનશીલ સરહદીય વિસ્તાર ધરાવતા કચ્છમાં રાજયની બીજી સૈનીક શાળા શરૂ કરવા ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સરકારમા રજૂઆત કરી છે.

દેશના ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે મેહસાણામાં નવી સૈનિક સ્કૂલનું ઉદઘાટન કર્યું અને રાષ્ટ્રવ્યાપી ૧૦૦ નવી. સૈનિક સ્કૂલો સ્થાપવાનો ઐતિહાસિક નિર્ણય જાહેર કર્યો છે. આ પરિપ્રેક્ષ્યમાં ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજ્યના ઉચ્ચ શિક્ષણ અને ટેકનોલોજી રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાને વિગતવાર રજૂઆત પાઠવી છે તથા તેની નકલ કચ્છ જિલ્લાના તમામ ધારાસભ્યો અને સાંસદ વિનોદભાઈ ચાવડાને પાઠવી આ અંગે આવશ્યક કાર્યવાહી કરાવવા વિનંતી કરાઈ છે.

ગાંધીધામ ચેમ્બર પ્રમુખ મહેશ પૂજે રજૂઆતમાં જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યમાં દ્વિતીય સૈનિક સ્કૂલ માટે કચ્છ જિલ્લો સર્વોપયુક્ત સ્થાન છે અને કચ્છના હિતમાં આ સ્થાપના તાત્કાલિક જરૂરી છે. કેમકે, કચ્છ દેશનો વિશાળ, સરહદી અને અત્યંત સંવેદનશીલ જિલ્લો છે. અહીં સૈન્યની ત્રણેય પાંખો-આર્મી, એરફોર્સ અને નૌસેનામાં સાથે બીએસએફના પણ મહત્વના યુનિટ પણ કાર્યરત છે. આવી વ્યૂહાત્મક પરિસ્થિતિ ધરાવતા પ્રદેશમાં યુવાનોમાં દેશભક્તિ, શિસ્ત, નેતૃત્વ તેમજ રક્ષા અંગેની જાગૃતિ વધારવા માટે સૈનિક સ્કૂલનું સ્થાપન અનિવાર્ય ગણાય છે. મહેશ પુજના જણાવ્યા મુજબ, સરહદની નજીદીકી અને સુરક્ષાની દૃષ્ટિએ કચ્છનું મહત્વ ખાસ હોય, ત્યારે રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંકળાયેલા શિક્ષણની સુવિધા કચ્છમાં ઉપલબ્ધ થવી એ સમયની તાતી જરૂરિયાત છે.

પૂર્વ પ્રમુખ તેજાભાઈ કાનગડે જણાવ્યું છે કે, સૈનિક સ્કૂલની સ્થાપનાથી કચ્છના સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં પણ સીધી સકારાત્મક અસર જોવા મળશે. આવા શૈક્ષણિક કેમ્પસથી રોજગાર તકો ઊભી થશે,

ચેમ્બરના માનદ મંત્રી મહેશ તીર્થાણીએ તેમની રજૂઆતમાં ખાસ જણાવ્યું હતું કે, કચ્છના વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય સેવામાં જોડાવાની ભાવના ખૂબ ઊંચી છે, પરંતુ સમગ્ર કચ્છ-સૌરાષ્ટ્ર તથા પશ્ચિમ ગુજરાત વિસ્તારમાં એકપણ સૈનિક સ્કૂલ ન હોવાને કારણે વિદ્યાર્થીઓને દૂરના રાજ્યોમાં ભણવા જવું પડે છે. સૈનિક સ્કૂલની સ્થાપનાથી સ્થાનિક વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાવાળું સૈનિક શિક્ષણ, શારીરિક તાલીમ, એનસીસી માર્ગદર્શન અને રાષ્ટ્રીય મૂલ્યો આધારિત સર્વાંગી વિકાસનો અનેરો લાભ મળશે.

ચેમ્બરે રાજ્ય સરકારને, ભારત સરકારના રક્ષા મંત્રાલય સમક્ષ આ મુદ્દે વિનંતી કરવાનું જણાવી, કચ્છની વ્યૂહાત્મકતા, સંવેદનશીલતા અને યુવાનોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને કચ્છ જિલ્લામાં નવી સૈનિક સ્કૂલની સ્થાપના માટે તાત્કાલિક પગલાં લેવામાં આવે. કચ્છના વિકાસ અને રાષ્ટ્રીય સુરક્ષા માટે આ પ્રોજેક્ટ અત્યંત મહત્વનો સાબિત થશે અને સમગ્ર રાજ્ય માટે ગૌરવની વાત બનશે. તેવી અપેક્ષા ચેમ્બર તરફથી રજૂઆતમા રખાઈ છે તેવું ચેમ્બરના માનદ મંત્રી મહેશ તીર્થાણીએ છે.

# સુરતમાં કાઠી ક્ષત્રિય અને આહીર સમાજ વિશે ટીપ્પણી કરનાર અલ્પેશ કથીરિયા વિરૂદ્ધ ફરીયાદ નોંધવા માંગ

## અખિલ ભારતીય કાઠી ક્ષત્રિય સમાજ સંગઠન પ્રવક્તાની બાબરા પોલીસને લેખિત રજુઆત

**અબતક, અપ્પુ જોશી, બાબરા**

બાબરાના ફુલઝર ગામે બનેલ ઘટના બાબત સુરત ખાતે અલ્પેશ કથીરિયા દ્વારા મીટીંગ બોલાવવામાં આવેલ હતી અને તેમાં કાઠી અને આહિર સમાજ વિશે લુખ્ખા શબ્દોનું પ્રયોજન કરવામાં આવેલ હતું. તે બાબતે અહીંના ગજેન્દ્રભાઈ શેખવાએ અલ્પેશ કથીરિયા વિરુદ્ધ પોલીસને ફરિયાદ આપી છે.



ફરિયાદમાં તેણે જણાવ્યું છે કે સુરતમાં અલ્પેશ કથિરીયા દ્વારા મિટિંગ યોજી કાઠી ક્ષત્રિય સમાજ/આહીર સમાજને લુખ્ખા શબ્દોથી પ્રયોજન કરવું અને ઓબીસી સમાજને મળતા લાભો ઉપર વ્યંગ કરી ઓબીસી સમાજની માનહાની કરવી, એક બીજા સમાજને ઉશ્કેરવા, પોલિસ કેસ થયેલ તેમાં તંત્રને ખોટા કહેવા, કલમો હટાવવા તંત્રને ખોટુ દબાણ ઊભું કરવા પ્રયત્નો કરવા અંગે અલ્પેશ કથીરીયા વિરુદ્ધ ફરિયાદ નોંધવા માંગ કરાઈ છે.

અમરેલી જિલ્લામાં છેલ્લા દોઢ મહિનામાં બનેલી ત્રણ ઘટનાઓમાં ઉશ્કેરણી કરી ઝઘડાઓ કરાવવા કે પછી તેના સિવાયના બનાવો કે જેમાં અલગ અલગ સમાજના નિર્દોષ લોકોને જેલમાં મોકલવા, મોટા દેવળીયા ગામના અમારા કાઠી સમાજના ભાઈનું મૃત્યુ થયેલું તે અન્વયે સીટની રચના કરી યોગ્ય તપાસ કરી કોલ ડિટેલ વિગેરેનો આધાર લઈ તપાસ કરવા માંગ કરાઈ છે. આ તમામ ઘટનાઓમાં અલ્પેશ કથીરિયા અને તેમના લાગતા વળગતાનું ઈનવોલ્વમેંટ છે કે કેમ ?

તેની પણ તપાસ થવી જોઈએ. નાની નાની ઘટનાઓને મોટું સ્વરૂપ આપી સુરત બેઠા બેઠા સમાજને ગેરમાર્ગે દોરી બે કોમ વચ્ચે વૈમનસ્ય ફેલાવવા વાળા આ ષડયંત્રકારીઓની તપાસ થાય તેવી પણ તેમણે પોલીસને આપેલી ફરિયાદમાં માંગ કરી છે.

# પડધરી: નટખટ આધ્યાનો આજે જન્મદિવસ



પડધરીના પત્રકાર ભૌમિકભાઈ તળપદાની પુત્રી 'આધ્યા'નો આજે પહેલો જન્મદિવસ છે. આધ્યા માતા ભાવિકાબેનની વ્હાલી અને ભાઈ શિવાંશુની નાની લાડલી બહેન છે. આધ્યા ખૂબ જ રમતિયાળ અને નટખટ છે. આધ્યાના પ્રથમ જન્મદિવસે કાકા ધારેશભાઈ અને સહપરિવારજનો તરફથી જન્મદિવસની શુભકામના વર્ષા થઈ રહી છે.

# ધોરાજી: મસ્તીખોર દ્વિજાનો આજે જન્મદિવસ



ધોરાજીના જાણીતા અને સેવાભાવી મયુરભાઈ પટેલની વ્હાલી પુત્રી દ્વિજાનો આજે જન્મદિવસ છે. ઈલેક્ટ્રિકનો સફળ વ્યવસાય ધરાવતા મયુરભાઈ પટેલ ધોરાજી પાટીદાર સમાજનું ગૌરવ છે.

તેમની નટખટ અને લાડકવાયી ઢીંગલી દ્વિજા આજે એક વર્ષ મોટી થઈ રહી છે. દ્વિજા તેના માતા સ્વરાબેન, પાપા મયુરભાઈ સરવાણી, તેમજ દાદા રામજીભાઈ અને દાદી નમ્રતાબેનની આંખનો તારો છે. આ શુભ અવસરે સમગ્ર પરિવારજનો દ્વારા લાડકી દ્વિજા પર જન્મદિવસની શુભેચ્છાઓની વર્ષા થઈ રહી છે.

મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત

# સુરેન્દ્રનગરના નાગરીકોને પડતી મુશ્કેલી પર ધ્યાન કેન્દ્રીત કરવા ચૂંટણી અધિકારીની તાકીદ




**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જીલ્લા ચૂંટણી અધિકારી રાજેન્દ્રકુમાર પટેલની અધ્યક્ષતામાં તમામ માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે મતદાર યાદી ખાસ સુધારણા કાર્યક્રમ હેઠળ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિવિધ રાજકીય પક્ષના પ્રતિનિધિઓને મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ અંગે જાણકારી આપવામાં આવી હતી. જ્યારે બેઠકમાં વિવિધ રાજકીય પક્ષો તરફથી મળેલા મહત્વપૂર્ણ સૂચનો પર ચર્ચા કરવામાં આવી હતી. તેમજ સામાન્ય નાગરિકોને મતદાર યાદીમાં નામ ઉમેરવા, સુધારવા કે દૂર કરવામાં જે પણ મુશ્કેલીઓ પડી રહી છે, તેના પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત જીલ્લામાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ સરળતાપૂર્વક તથા ક્ષતિરહિત પૂર્ણ થાય તે માટે તમામ માન્ય રાજકીય પક્ષોને જિલ્લા વહીવટી તંત્રને સહયોગ આપવા પણ અપીલ કરવામાં આવી હતી.

# દસાડા તાલુકામાં ખેતરોમાં વીજ કનેક્શન નાખવામાં કોન્ટ્રાકટરની મનમાનીથી ખેડુતોને હાલાકીની રાવ

## વીજ થાંભલા નાખવા ખેડુતો પોતાના વાહન ન આપે તો ઈરાદાપૂર્વક વિલંબ કરવામાં આવતા ખેડુતોમાં રોષ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

દસાડા તાલુકામાં પીજીવીસીએલના થાંભલા નાખવાનો કોન્ટ્રાક્ટ ધરાવતા કોન્ટ્રાક્ટર દ્વારા પોતાની મનમાની કરવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જે અંગે મળતી માહિતી મુજબ જ્યારે ખેડુતોના ખેતરોમાં વીજ કનેક્શનની જરૂરિયાત ઊભી થાય ત્યારે વીજ ટ્રાન્સફોર્મટર માટે થાંભલા નાખવા પડે છે તેમજ લાંબી લાઈન હોય તો પણ થાંભલા નાખવામાં આવે છે. આવી સ્થિતિમાં ખેડૂતો દ્વારા પીજીવીસીએલ તંત્રમાં અરજી કરવામાં આવે ત્યારે કોન્ટ્રાક્ટર દ્વારા પોતાની મરજીથી કામગીરી કરતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આટલું જ નહીં જ્યારે થાંભલા નાખવાની કામગીરી કરવામાં આવે ત્યારે ખેડૂતોના વાહનોનો ઉપયોગ કરવામાં આવે છે અને જો ખેડૂતો વાહન ન આપે તો કામગીરીમાં ઈરાદાપૂર્વક કામગીરીમાં વિલંબ કરી મનમાની કરવામાં આવતા ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે. જેમાં પાટડી, દસાડા અને વણોદ વિસ્તારના ખેડૂતોમાં સૌથી વધુ રોષ જોવા મળી રહ્યો છે. હાલ એક તરફ જીરુની વાવણીની સીઝન ચાલી રહી છે. તેવામાં ખેડુતોના વાહનોનો ઉપયોગ કરવામાં આવે અને વીજ કનેક્શનમાં વિલંબ કરવામાં આવે તો ખેડૂતોને મોટુ નુકસાન થાય તેવી સ્થિતિ પણ સર્જાતા ખેડૂતોને મુશ્કેલી વેઠવી પડે છે. આથી ખેડુતોના હિતને ધ્યાને લઈ જવાબદાર કોન્ટ્રાકટર સામે કાર્યવાહી કરવામાં આવે અથવા કડક સુચનાઓ આપવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.



# બિહારમાં એનડીએના ઐતિહાસિક વિજયને બદલ ખેતી બેંકે ફટાકડા ફોડી મીઠાઈ વહેંચી ઉજવાયો



**અબતક,રાજકોટ**

બિહાર વિધાનસભાની ચૂંટણીમા એનડીએના ઐતિહાસિક અને પ્રચંડ વિજય બદલ બેંકના ચેરમેન ડોલરભાઈ કોટેચાના માર્ગદર્શન હેઠળ બેંકની વડી કચેરી, અમદાવાદ ખાતે બેંકના કર્મચારીઓએ ફટાકડા કોડી કેસરીયા ધ્વજ લહેરાવી ઉત્સાહ પૂર્વક ઉજવણી કરી બેંકના કર્મચારીઓએ મોં મીઠુ કર્યું અને રાહદારીઓને મોં મીઠું કરાવ્યું હતુ.

# ધ્રાંગધ્રા: સરદાર પટેલની જન્મજયંતીની ઉજવણી અન્વયે ગુરૂવારે ભવ્ય પદયાત્રા

## નાયબ કલેકટર હર્ષદીપ આચાર્યની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિને ઉજવવા ધાંગધ્રા હળવદ ૬૪ વિધાનસભામા એકતા અને અખંડિતતાનો સંદેશ ફેલાવતી ભવ્ય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે ધ્રાંગધ્રા સેવાસદન ખાતે નાયબ કલેક્ટર હર્ષદીપ આચાર્ય તથા ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા ની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં આયોજનની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી આ આયોજન અંતર્ગત ૨૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૭ વાગ્યે ધ્રાંગધ્રા તાલુકાના મોટા અંકેવાળીયા ગામથી નારીચણા ગામ સુધી પદયાત્રા યોજાશે તંત્ર દ્વારા આ યાત્રામાં વધુમાં વધુ નાગરિકોને જોડાવા અપીલ કરવામાં આવી છે એકતા, અખંડિતતા અને સ્વદેશીના સંદેશને પ્રસરાવવાના હેતુથી યોજાનાર આ પદયાત્રામાં ધ્રાંગધ્રા-હળવદના ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા, નાયબ કલેક્ટર હર્ષદીપ આચાર્ય, તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓ, સ્થાનિક આગેવાનો તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ભાગ લેશે આ પ્રસંગે સરદાર પટેલના જીવનમૂલ્યોને સ્મરતા દેશપ્રેમ, એકતા અને અખંડ ભારતના સંકલ્પને નવજીવન આપવાનો સંદેશ આપવામાં આવશે.



# જૂનાગઢ: બિરસા મુંડાની જન્મજયંતિએ આદિજાતિ સમુદાયના તેજસ્વી તારલાનું સન્માન

**અબ તક દર્શન જોશી, જુનાગઢ**

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ અને જનજાતિય ગૌરવ વર્ષ ઉત્સવની ઉજવણીનો જૂનાગઢ જિલ્લા કક્ષાનો કાર્યક્રમ જૂનાગઢ કૃષિ યુનિ. ખાતે યોજાયો હતો. આ તકે બિરસા મુંડાજીના જીવન અને સંસ્કૃતિ અંગે ફિલ્મનું નિદર્શન સૌ કોઈએ નિહાળી હતી.



આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે આદિજાતિ સમુદાયના સમાજના તેજસ્વી વિધાર્થીઓ,રમતવીરો,શ્રેષ્ઠ કર્મચારી ઓ અને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાના લાભાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમના અંતે સૌ કોઈએ સ્વદેશી વસ્તુ અપનાવવા માટેના શપથ લીધા હતા. આ તકે પશુપાલન વિભાગ, પ્રાકૃતિક કૃષિ, ખેતીવાડી શાખા, મહિલા લક્ષી યોજનાઓ, આઈસીડીએસ દ્વારા વાનગી નિદર્શન, સમાજ સુરક્ષા સહિતના વિભાગો દ્વારા સ્ટોલની નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ હેલ્થ કેમ્પનો પણ બહોળી સંખ્યામાં નાગરિકોએ લાભ લીધો હતો.

આ કાર્યક્રમની સફળતા માટે જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં અધિક કલેકટર બી.એસ. બારડ અને ટીમે જરૂરી સંકલન કર્યું હતું.

આ કાર્યક્રમમાં કાર્યક્રમના અધ્યક્ષ જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય સંજય કોરડિયા, મેયર ધર્મેશ પોશિયા, કલેક્ટર અનિલકુમાર રાણાવસીયા, ડે. મેયર આકાશ કટારા, સ્ટેન્ડિંગ ચેરમેન સુશ્રી પલ્લવીબેન ઠાકર, સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઈડર: સાબર ઘીના ભાવમાં વધારો થતાં ગૃહિણીઓ પર મોંઘવારીનો બોજ વધ્યો

## જીએસટી ઘટાડાનો લાભ ગ્રાહકોને ન મળ્યો: લગ્નસરામાં જ ઘીના વધુ દામ ચુકવવા પડશે

**અબતક, સંજય દીક્ષીત, સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લાની સાબરડેરી દ્વારા સાબર ઘી ના ભાવમાં મોટો વધારો જાહેર કરવામાં આવતા તહેવારોની સીઝન અને લગ્નસરાની મોસમ પૂર્વે જ ગૃહિણીઓ અને ગ્રાહકો પર મોંઘવારીનો વધુ એક ફટકો પડ્યો છે જ્યારે તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા જી.એસ.ટી દરોમાં ઘટાડો કરાયા બાદ ગ્રાહકોને જે રાહત મળી હતી તેના કરતાં પણ મોટો ભાવ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે જેમાં સાબરડેરીએ ૧૫ કિલો લૂઝ ઘીના ડબ્બા પર રૂપિયા ૭૫૦ અને એક કિલો લૂઝ ઘી પર રૂપિયા ૫૦ નો વધારો કર્યો છે આ નવા ભાવ શુક્રવારથી અમલમાં મૂકવામાં આવ્યા છે.

ગત ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ પહેલા સાબર લૂઝ ઘીના ૧૫ કિલોના ડબ્બાનો ભાવ રૂપિયા ૯ હજાર હતો જ્યારે એક કિલો લૂઝ ઘી રૂપિયા ૬૦૦ માં મળતુ હતું

ત્યાર બાદ કેન્દ્ર સરકાર દ્વારા ઘી પર જી.એસ.ટી દરોમાં ઘટાડો જાહેર કરવામાં આવ્યો હતો આ ઘટાડાનો લાભ ગ્રાહક સુધી પહોંચાડતા સાબરડેરીએ તારીખ ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ભાવ ઘટાડ્યા હતા જેમાં ૧૫ કિલોના ડબ્બા પર રૂપિયા ૬૦૦ નો ઘટાડો થતાં નવો ભાવ ૮૪૦૦ થયો હતો અને એક કિલો પર રૂપિયા ૪૦ નો ઘટાડો થતાં ભાવ રૂપિયા ૫૬૦ થયો હતો.અત્રે ઉલ્લેખનીય છેકે ગ્રાહકોને મળેલી આ રાહત બે મહિના પણ ટકી શકી નથી અને સાબરડેરી દ્વારા ગુરુવારે ભાવ વધારાની જાહેરાત કરવામાં આવી જેનો શુક્રવારના દિવસથી અમલ શરૂ થયો છે




ડેરીએ ૧૫ કિલો ઘીના ડબ્બા પર સીધો રૂપિયા ૭૫૦ નો તીવ્ર વધારો કર્યો છે જેના કારણે રૂપિયા ૮૪૦૦ માં મળતો ડબ્બો હવે રૂપિયા ૯૧૫૦ માં મળશે તેવી જ રીતે એક કિલો લૂઝ ઘીના ભાવમાં ૫૦ નો વધારો થતાં ૫૬૦ માં મળતું એક કિલો ઘી હવે ગ્રાહકોને રૂપિયા ૬૧૦ માં પડશે

આમ જી.એસ.ટી ઘટાડા પહેલા ગ્રાહકો ડબ્બા દીઠ રૂપિયા ૯ હજાર ચૂકવતા હતા જે હવે રૂપિયા ૯૧૫૦ ચૂકવશે પરંતુ સીધુ ને સટ કહીએ તો જી.એસ.ટી ઘટાડાનો સંપૂર્ણ લાભ ગ્રાહકોને મળ્યો નથી પરંતુ ગ્રાહકો પર વધારાનો બોજ પડ્યો છે.

# ધ્રાંગધ્રા: દરજીની વાડી નજીક જુની અદાવતમાં મકાનમાં આગ લગાડનાર બેલડીની સરભરા

## પૂર્વ આયોજીત કાવતરૂ રચી કાંડી ચાંપનાર બંને શખ્સોને ઘટના સ્તળે લઈ જઈ રીકન્સ્ટ્રકશન કરાયું

**અબતક**
**સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા દરજી ની વાડી સામે ૧૧ નવેમ્બરના રોજ વહેલી સવારે મકાનમાં લાગેલી આગમા બે વ્યક્તિઓ દ્વારા પૂર્વ કાવતરું કરીને આગ લગાડવામાં આવી હતી જે અંગે બે આરોપીઓની પોલીસે ધરપકડ કરી ગુનો નોંધવામાં આવ્યો હતો જેમાં પોલીસે આરોપીઓ નું રિકન્ટ્રશન કરીને વધુ તપાસ હાથ ધરી. ધ્રાંગધ્રા શહેરની દરજીની વાડી સામે અફઝલભાઈ રહીમભાઈના મકાનમા ૧૧ નવેમ્બર રોજ



સવારના સમયે મકાનમા આગ લાગવાની ઘટના બની હતી જે ઘટના બનતા ફાયર ટીમ દ્વારા તાત્કાલિક ઘટના સ્થળે પોંહચી આગ ઉપર કાબુ મેળવવા પ્રયત્નો કરી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો જે ઘટના થી અફઝલભાઈ રહીમભાઈને આગ લાગી હોવાનુ નહીં પણ લગાડવામા આવી હોવાનું અનુમાન થતા તેમણે ધ્રાંગધ્રા સીટી પોલીસ મથકે પોતાના મકાનમા આગ લગાડી હોવાની જાણવા જોગ ફરિયાદ આપેલ પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી હતી.

જેમાં આરોપીઓ એ અગાઉ નું મનદુ:ખ રાખી આગ લગાડવામાં આવી હોવાનું બહાર આવતા પોલીસે અરમાન હબિબભાઈ મકરાણી તથા રિયાઝ મહંમદભાઈ મંડલી નામના બે શખ્સોની પોલીસે અટકાયત કરી હતી પોલીસ તપાસમાં બન્ને શખ્સો દ્વારા પુર્વ કાવતરું ઘડી આગ લગાડી હોવાનું બહાર આવ્યું હતું પોલીસે આરોપી પાસેથી આગ કેવી રીતે લગાડી છે અને શેનાથી આગ લગાડી તે બધી વસ્તુનો મુદ્દામાલ કબજે કરી આરોપીઓનુ રિકન્ટ્રશન કરી આગળની તપાસ હાથ ધરી હતી.

# લજાઈ: મારૂતિ કારખાનામાં રમતી વેળાએ ગેટ માથે પડતા બાળકનું મોત

## ટંકારા પોલીસે વધુ તપાસ ચલાવી બાળકના મોતથી પરિવારમાં આક્રંદ

**અબતક, રાજકોટ**

મોરબી જિલ્લામાં દિવસે અને દિવસે અકસ્માતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે લજાઈ ચોકડી પાસે મારુતિ પ્લાસ્ટિક કારખાનામાં શ્રમિક કામ કરતો પરિવારનો પુત્ર ઉંમર વર્ષ પાંચ પર કારખાનાનો ડેલો માથે પડતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો સારવાર મળે તે પહેલા જ દમ તોડતા ઘટના સ્થળે ટંકારા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને ખસેડવામાં આવ્યો હતો આ અંગે મળતી માહિતી મુજબ લજાઈ ચોકડી પાસે મારુતિ પ્લાસ્ટિક કારખાનામાં શ્રમિક કામ કરતો પરિવારનો પુત્ર સંદીપ રંગનભાઈ દાવર ઉંમર વર્ષ પાંચ વર્ષીય પુત્ર રમતો હતો ત્યારે મારુતિ પ્લાસ્ટિક કારખાનાના ગેટ ઉપરના ભાગેથી ખસી જતા રમતો બાળક સંદીપ ઉપર પડતા સારવાર હશે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સારવાર મળે તે પહેલા તબીબે સંદીપને મરણ જાહેર કરતા ઘટના સ્થળે ટંકારા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક સંદીપ પિતા શ્રમિક કામ કરતા હોય અને મારુતિ પ્લાસ્ટિક કારખાનામાં જ રહેતા હોય મૂળ એમપીના વતની અને મૃતક ચાર ભાઈમાં ત્રીજા નંબરનો હોય સંદીપના મોતથી પરિવારમાં આક્રંદ છવાયો હતો આ અંગે ટંકારા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પડધરી: ભારત હોટલ પાસે બાઈક સ્લીપ થતા યુવાનનું મોત

## બ્રિજ પર ઈજાગ્રસ્ત હાલત પડેલ જેમાં સારવાર દરમિયાન હોસ્પિટલમાં દમ તોડ્યો

**અબતક, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય દિવસે અને દિવસે અકસ્માતમાં મોત બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે પડધરી ભારત હોટલ આગળ બ્રિજ ઉપર અજાણ્યો વ્યક્તિ ઈજા ગ્રસ્ત હાલતમાં પડેલ હોય તેને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું મૃતદેહ ને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો અને પડધરી પોલીસે અજાણ્યા યુવાનની પરિવારજનો ની શોધખોળ કરતા ઓળખ થઈ હતી આ અંગે મળતી માહિતી મુજબ દર તારીખ ૭ ને સાંજે ૪:૦૦ વાગે આસપાસ પડધરી ભારત હોટલ બાયપાસ થી આગળ બ્રિજ ઉપર અકસ્માતમાં ઈજાગ્રસ્ત હાલતમાં બેભાન યુવાન પડેલ હોય યુવાનને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જેનું સારવાર દરમિયાન ગઈકાલે બપોરે મોત નીપજતા મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે પડધરી પોલીસે યુવાનના વાલી ની શોધ ખોળ કરતા મેરચંદ શાંતિયા બામણીયા ઉંમર વર્ષ ૩૪ વર્ષિય યુવાન એમપી નો વતની હોય પરિવાર ને જાણ કરાઈ હતી મૃતદેહ પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક રામપર થી ખજુરી જતા હતા દ્વારા લાયસન્સ વગર વાહન ચલાવીને બાઈક સ્લીપ થતા સારવારમાં મોત નીપજ્યું હતું જે અંગે મૂળ વાવ તા અલીરાજપૂર એમપી નો વતની છે નાની ખજુરડી શ્રમિક કામ કરતો અને ૬ ભાઈ માં ૪ બહેન હોય યુવાન ના મોત થી પરિવાર માં ગમગીની છવાઈ હતી પડધરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પાટડી: ખારાઘોડા સ્ટેશન ખાતે યુવક પર ધોળા દિવસે ફાયરીંગ કરનાર આરોપી ગણતરીની કલાકોમાં ઝડપાયો

## ભડાકા કરી યુવકને ગંભીર ઈજાઓ પહોંચાડનાર દેગામના શખ્સને પાટણ ખાતેથી પકડી લેવાયા

**અબતક**
**ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

પાટડી તાલુકાના ખારાઘોડા સ્ટેશન ખાતે ગત ગુરુવારે સવારે દિનદહાડે યુવક પર ફાયરિંગનો બનાવ બન્યો હતો. જેમાં યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે પાટડી અને ત્યારબાદ વધુ સારવાર અર્થે વિરમગામ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જે અંગે ભોગ બનનાર યુવકે પાટડી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગણતરીના કલાકોમાં ફાયરિંગ કરનાર શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ પાટડીના ખારાઘોડા ખાતે રહેતા યુવક સલીમભાઈ સિકંદરભાઈ કાદી, ઉમર વર્ષ ૩૨ વાળા પર ગત ગુરુવારે સવારે ખારાઘોડા ખાતે દેગામ ખાતે રહેતા શખ્સ સિરાજખાન ભાણજીખાન મલેકે બંદૂક વડે ફાયરિંગ કરી ગંભીર ઈજાઓ પહોંચાડી નાશી છૂટ્યો હતો. જ્યારે ઈજાગ્રસ્ત યુવક સલીમભાઈને સારવાર અર્થે પાટડી અને વધુ સારવાર અર્થે વિરમગામ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જેમાં પ્રાથમિક તપાસમાં પ્રેમિકા સાથે અગાઉ થયેલ ઝઘડાનું મનદુ:ખ રાખી ફાયરિંગ કર્યું હોવાનું સામે આવ્યુ હતું. જે મામલે પાટડી પોલીસ મથકે ભોગ બનનાર યુવકે



## પ્રેમિકા સાથે અગાઉ થયેલ ઝઘડાનું મનદુ:ખ રાખી યુવક પર ફાયરિંગ કર્યું'તું: ઘટના સ્થળે લઈ જઈ રિકન્સ્ટ્રકશન કરાવાયું

ફરિયાદ નોંધાવતા પાટડી પોલીસે અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી અને ગણતરીના કલાકોમાં બાતમીના આધારે ફાયરિંગ કરનાર શખ્સ સિરાઝખાન મલેકને પાટણ જિલ્લા ના બાસપા ચોકડી પાસે થી ઝડપી પાડ્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. તેમજ ઝડપાયેલ આરોપીને ઘટના સ્થળે લઈ જઈ અન્ય ગુન્હેગારોમાં કાયદાનું ભાન થાય તેવા હેતુથી રિકન્સ્ટ્રકશન પણ કરાવ્યું હતું.

# હિંમતનગર: મહિલાના ગળામાંથી સોનાનો દોરો ઝુંટવી જનાર સમડી ઝડપાઈ

## જાદર પોલીસ મથકમાં નોંધાયેલ ગુનાનો ભેદ ઉકેલતી એસઓજી: મુદામાલ કબ્જે

**અબતક**
**સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા એસ.ઓ.જી એ હિંમતનગરમાં ચેઈન સ્નેચિંગના એક આરોપીને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો આ આરોપી જાદર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં સંડોવાયેલો હતો તેની પાસેથી ચોરીનો સોનાનો દોરો અને ગુનામાં વપરાયેલું મોટરસાયકલ જપ્ત કરવામાં આવ્યું છે

એસ.ઓ.જી સ્ટાફ જાદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા ચેઈન સ્નેચિંગના ગુના સંબંધે કમાન્ડ કંટ્રોલના સી.સી.ટી.વી ફૂટેજનો અભ્યાસ કરી રહ્યો હતો આ દરમિયાન ગુનામાં ઉપયોગમાં લેવાયેલા મોટરસાયકલ રજી.નં. જીજે.૦૨.ઈબી.૫૭૩૦ની ઓળખ થઈ હતી દિલ્હીમાં બનેલા બોમ્બ બ્લાસ્ટને કારણે આપવામાં આવેલી તકેદારીના ભાગરૂપે એસ.ઓ.જી સ્ટાફ ખાનગી વાહનમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો તે દરમિયાન હિંમતનગર સિવિલ સર્કલ વિસ્તારમાં એસ.ઓ.જી ને ખાનગી બાતમીદાર દ્વારા માહિતી મળી હતી કે પ્રાંતિજનો રાજ કમલેશભાઈ ભોઈ (ઉં.વ.૨૨, રહે.ભોઈવાસ, પ્રાંતિજ) તેના મોટરસાયકલ જીજે.૦૨. ઈબી. ૫૭૩૦ પર ચોરીનો મુદ્દામાલ લઈને હિંમતનગર બસ સ્ટેશનથી ન્યાય મંદિર તરફ જવાનો છે આ બાતમીના આધારે હિંમતનગરના ઈડર રોડ પર આવેલી જિલ્લા જેલ આગળ વોચ ગોઠવવામાં આવી હતી જે વોચ દરમિયાન આરોપી રાજ કમલેશભાઈ ભોઈને ઝડપી પાડવામાં આવ્યો હતો તેની અંગઝડતી લેતા તેની પાસેથી ૭.૯૯૦ ગ્રામ વજનનો તૂટેલો સોનાનો દોરો કિંમત રૂ.૯૧,૮૮૫ નો મળી આવ્યો હતો પૂછપરછ દરમિયાન આરોપીએ કબૂલ્યું હતું કે તેણે અને તેના મિત્ર સાગર ઠાકોરે હિંમતનગર-ઈડર રોડ પર હિંગળાજ ગામ નજીક એક



મહિલાના ગળામાંથી આ સોનાનો દોરો ખેંચી લીધો હતો

આ ગુના અંગે જાદર પોલીસ સ્ટેશનમાં ચેઈન સ્નેચિંગનો ગુનો નોંધાયો હતો એસ.ઓ.જી દ્વારા આરોપી અને જપ્ત કરાયેલો મુદ્દામાલ વધુ કાર્યવાહી માટે હિંમતનગર બી.ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે જપ્ત કરાયેલા મુદ્દામાલમાં ૭.૯૯૦ ગ્રામ સોનાનો દોરો રૂ.૯૧,૮૮૫ અને બજાજ કંપનીનું મોટરસાયકલ રૂ.૭૦ હજાર સહિત કુલ રૂ.૧,૬૧,૮૮૫ નો મુદ્દામાલ સામેલ છે પકડાયેલા આરોપીનું નામ રાજ કમલેશભાઈ ભોઈ (ઉં.વ.૨૨, રહે. ભોઈવાસ, પ્રાંતિજ, જી.સાબરકાંઠા) છે આ ગુનામાં સંડોવાયેલો અન્ય આરોપી સાગર ઠાકોર (રહે. લાકરોડા, તા.માણસા, જી. ગાંધીનગર) જે હજુ ફરાર છે.

# જૂનાગઢ: શિવરાજ કરપડાને હથીયાર સપ્લાય કરનાર સાવરકુંડલાનો શખ્સ ઝબ્બે

## કાળવા ચોક નજીકથી કપીલ દવેને ઝડપી લેતી એસઓજી ટીમ



**અબતક**
**દર્શન જોશી, જુનાગઢ**

મેંદરડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ હથીયાર ધારાના ગુન્હામાં આરોપીને પિસ્તોલ આપનાર નાસતા ફરતા સાવરકુંડલાના આરોપીને જૂનાગઢ એસ.ઓ.જી. એ દબોચી લીધો હતો.

પોલીસ માંથી પ્રાપ્ત વિગતો મુજબ, મેંદરડા પોલીસ સ્ટેશનમાં ગેરકાયદેસર આધાર પરવાના વગર દેશી હાથ બનાવટની પ્રિસ્ટલ આરોપી શિવરાજ રાવતભાઈ કરપડા પાસેથી મળી આવતા કબ્જે કરવામાં આવેલ. જે પ્રિસ્ટલ નાસ્તા ફરતા અને પકડવા બાકી એવા સહ આરોપી કપીલ વજુભાઈ દવે (રહે. સાવરકુંડલા જી.અમરેલી) પાસેથી મેળવેલ હોવાની હકિકત જણાવેલ હતી.

દરમિયાન જૂનાગઢ પોલીસ અધિક્ષક સુબોધ ઓડેદરાની નાસતા ફરતા આરોપીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપેલ જે અન્વયે એસ.ઓ.જી. જૂનાગઢના પોલીસ ઈન્સ. આર.કે.પરમાર તથા પોલીસ સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ હોય. ત્યારે એસ.ઓ.જી.ના એએસઈ. કરશનભાઈ મોઢા, હેડ કોન્સ્ટેબલ મેણસીભાઈ અખેડ, હેડ કોન્સ્ટેબલ રોહીતભાઈ ધાધલ તથા વિશાલભાઈ ઓડેદરાનાઓને ચોક્કસ બાતમીરાહે હકિકત મળેલ કે, આ કામે નાસતો ફરતો આરોપી કપીલ વજુભાઈ દવે જૂનાગઢના કાળવા ચોકમાં ઉભેલ છે, જેથી એસ.ઓ.જી. ટીમે બાતમી હકીકત વાળી જગ્યાએ દોડી જઈ, આરોપી કપીલ વજુભાઈ દવેને પકડી પાડી, ગુનાના કામેં અટક કર્યો હતો.

# ચોરવાડના યુવાને ઝેરી દવા પી કર્યો આપઘાત

## ચાર બહેનના એકના એક ભાઈના મોતથી પરિવાર શોક

**અબતક, રાજકોટ**

જુનાગઢ જિલ્લામાં દિવસે અને દિવસે આપઘાત થી મોતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે જિલ્લાના ચોરવાડ ગામે રહેતા યુવાને અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા સારવાર અર્થે ચોરવાડ સિવિલ હોસ્પિટલ અને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો તેનું સારવાર દરમિયાન મોતની નીપજતા ઘટના સ્થળે પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોરી ગયો હતો આ અંગે મળતી માહિતી મુજબ માળીયા હાટીના તાલુકાના ચોરવાડ ગામે વાણંદ શેરીમાં રહેતો રવિભાઈ ભીખાભાઈ વાઢેર ઉંમર વર્ષ ૧૮ વર્ષે યુવાન ૭/૧૧/૨૦૨૫ ના રોજ પોતાના ઘરે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા સારવાર અર્થે પ્રથમ ચોરવાડ સિવિલ હોસ્પિટલ ત્યાંથી જુનાગઢ સિવિલ હોસ્પિટલ અને વધુ સારવાર માટે ૯ ૧૧ ૨૫ ના રોજ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જેનું સારવાર દરમિયાન આજે મોત નીપજતા ચોરવાડ પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે પોતે એકલો રહેતો અને ચાર બેનએ નાનો ભાઈ ગુમાવતા પરિવાર માં શોક નું મોજુ ફરી વળ્યુ હતું આપઘાતનું કારણ હજી સુધી અકબંધ છે આ અંગે ચોરવાડ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ભાડલાનાં એગ્રોમાંથી રૂ.૮ હજારની રોકડ ચોરી: તસ્કર સીસીટીવીમાં કેદ

## દુકાનદારે માલ બાકીમાં નહિ આપતાં ગામનાં જ ભોળા સભાડે હાથ ફેરો કર્યાનું ખુલ્યું: શોધખોળ

**અબતક, રાજકોટ**

ભાડલા ગામમાં એગ્રોની દુકાનમાંથી ગઠિયો રૂ.૮ હાજરની રોકડ ઉપાડી જઈ નાસી છૂટતાં પોલીસ દોડતી થઈ હતી. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. અગાઉ દુકાનદારે માલ બાકીમાં આપવાની ના પાડતાં ગામનો જ ભોળા સભાડે હાથ ફેરો કરી લીધો.



બનાવ અંગે જસદણના નાની લાખાવડ ગામમાં રહેતાં ચિરાગભાઈ ધારશીભાઈ સાપરા (ઉ.વ.૨૯) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ભાડલા ગામના ભોળા વસુ સભાડ નામના શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓને ભાડલા ગામે, કમળાપુર રોડ પર સહકારી મંડળી સામે નિલકંઠ એગ્રો સેન્ટર નામની દુકાન આવેલ છે. આ એગ્રોની દુકાન તેઓને જેન્તીભાઈ સીદાભાઈ ધોડકીયા સાથે ભાગીદારીથી આવેલ છે.

ગઈ તા.૧૩ ના તેઓ સાડા છએક વાગ્યે દુકાને હતાં અને ત્યારબાદ ઘરે જતો રહેલ હતો, જે બાદ ભાગીદાર જેન્તીભાઈ ધોડકીયા દુકાને હતા. તેઓ રાત્રીના સાડા સાતેક વાગ્યે દુકાન બંધ કરી જતા રહેલ હતા. ગઈકાલે સવારના આઠેક વાગ્યે દુકાને આવેલ ત્યારે દુકાનના રૂપિયા રાખવાનો ગલ્લો (ખાનું) તુટેલ હાલતમાં હોય જેથી તેમાં તપાસ કરતા કોઈ રોકડા રૂપિયા જોવામાં આવેલ નહી. જેથી ભાગીદાર જેન્તીભાઈ ધોડકીયાને ચોરી થયા અંગેની જાણ કરેલ અને તેઓએ કહેલ કે, ગલ્લામાં આશરે રૂ.૮ હજાર હતાં. ત્યારબાદ દુકાનમાં સીસીટીવી ફૂટેજ ચેક કરતા તેમા રાત્રીના એક વાગ્યે દુકાનની અંદર ભોળાભાઈ સભાડ અંદર પ્રવેશ કરે છે અને દુકાનના કાઉન્ટર ટેબલમાં તથા દુકાનની અંદર રૂપિયાની શોધખોળ કરી ટેબલના ઉપલા ખાનાને (ગલ્લો) ખેંચીને તોડી ગલ્લામાં રહેલ વેપારના રોકડા રૂપિયા તેના કોટના ખિસ્સામાં નાખે છે તેવું સીસીટીવી ફુટેજમાં દેખાય છે. આ તસ્કર ભોળાભાઈ સભાડ દુકાને છેલ્લા છએક મહિનાથી ગ્રાહક હોય અને દોઢેક મહિના પહેલા તેને બાકીમાં ધંધો કરવાની ના પાડેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ભાડલા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરને પકડવા તજવીજ આદરી હતી.

# પાલિતાણા: વિરપુર ગામના મકાનમાંથી વિદેશી દારૂની ૮૦૦ બોટલ ઝડપાઈ

## ફરાર બુટલેગર અજય ગોહિલની શોધખોળ: રૂ.૧.૬૦ લાખનો મુદાકાલ કબ્જે

**અબતક, આનંદ રાણા, શિહોર**

પાલીતાણા ટાઉન પોલીસના માણસો પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળવા પામી હતી કે પાલીતાણાના વીરપુર ગામે આવેલ આંગણવાડી પાસે રહેતા અજયભાઈ પ્રેમજીભાઈ ગોહિલ નામના વ્યક્તિ પોતાના કબજો ભોગવતા મકાનમાં ભારતીય બનાવટની ઈંગ્લિશ દારૂ વેચાણ માટે સંતાડેલો હોય જે બાતમીના આધારે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી અને પોલીસને સફળતા મળી હતી જેમાં અજયભાઈ પ્રેમજીભાઈ ગોહિલ નામના વ્યક્તિ ફરાર થયા હતા અને પોલીસે ૧૬૦૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

પાલીતાણા ટાઉન પોલીસે પાલીતાણા વિસ્તારમાંથી પેટ્રોલિંગ દરમિયાન મોટી માત્રામાં ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો જેવા પેટ્રોલિંગ દરમિયાન વીરપુર ગામે રહેતા અજયભાઈ પ્રેમજીભાઈ ગોહેલના રહેના કી મકાનના બાથરૂમમાંથી અલગ અલગ કંપનીની વિદેશી દારૂની ૧૮૦ એમએલની ૮૦૦ બોટલો ઝડપી પાડી હતી હતી જેની કિંમત રૂ. ૧,૬૦,૦૦૦ નો



મુદ્દામાલ જપ્ત કરીને પોલીસે અજયભાઈ પ્રેમજીભાઈ ગોહિલ નામના વ્યક્તિ વિરુદ્ધ પ્રોહીબેશન એક્ટ મુજબનો ગુનો દાખલ કરીને ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મેંદરડા સહિત ૭ ગામોમાં વાયર ચોરી કરી તરખાટ મચાવનાર ૪ લવરમુછીયા ઝડપાયા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

મેંદરડા સહિત જિલ્લાના ૭ જેટલા ગામોમાં વાયર ચોરી કરી તરખાટ મચાવનાર ૪ લવરમુછીયા ચોર ઈસમોને મેંદરડા પોલીસે પકડી પાડી, મુદ્દામાલ રિકવર કરવાની સાથે અનેક ગુનાનો ભેદ ઉકેલ્યો છે.

વિસાવદર ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક રોહીતકુમારની આગેવાનીમા મેંદરડા પો.ઈન્સ. પી.સી. સરવૈયાની ટીમ દ્વારા મેંદરડા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ જુદાજુદા ગુના શોધી કાઢવા માટે તજવીજ હાથ ધરેલ હોય જે દરમિયાન મેદરડાના દાત્રાણા ગામની સીમમા ફરીયાદી ભરતભાઈ રામજીભાઈ વઘાસીયાના ખેતરમા અજાણ્યા ઈસમોએ વાડીની અંદર આવેલ ઓશરી તથા રુમનુ તાળુ તોડી રુ. ૧,૭૬,૦૦૦ ના કેબલ વાયરની તેમજ દાત્રાણા ગામના અન્ય ૧૦ જેટલા ખેડૂતોનો રુ. ૧,૦૭,૯૬૦ ના કેબલ વાયરની તથા આલીધ્રા ગામના ૫ જેટલા ખેડુતોના કિ. રૂ. ૫૦,૦૦૦ ના કેબલ વાયરની ખુલ્લા ખેતરમાંથી અજાણ્યા ઈસમો ચોરી કરી ગયેલ જેની ફરિયાદ નોંધાતા, હોય જે વાયર ચોરીના ગુનાના આરોપી શોધી કાઢવા માટે ટીમો બનાવી ટેકનીકલ તથા હ્યુમન સોર્સ તથા પબ્લીક સપોર્ટથી અરવિંદભાઈ ઉર્ફે રુદ્રા ભરતભાઈ રાઠોડ ઉ.વ.૨૨ (રહે. લાલઢોરી પાસે જુનાગઢ), રાકેશ રાજુભાઈ સોલંકી ઉ.વ.૨૩ (રહે. લાલઢોરી પાસે જુનાગઢ) સાજીદ ઉર્ફે લીંબુડો ઈકબાલભાઈ શેખ ઉ.વ.૨૫ (રહે. રામદેવપરા જુનાગઢ) તથા પીયુસભાઈ ભાવેશભાઈ સોલંકી ઉ.વ.૧૯ (રહે.પાદરીયા ગામ તા. જુનાગઢ) ને મેંદરડા પોલીસે પકડી પાડી, ચોરીમા ગયેલ મુદ્દામાલ કિમંત રૂ. ૧,૬૭,૦૦૦ નો કબ્જે કરેલ છે. આ ગુનાના કામે બે કાયદાના સંઘર્ષમા આવેલ કિશોરને પણ ડીટેઈન કરવામા આવેલ છે.

પોલીસના વધુમાં જણાવ્યા મુજબ, પકડાયેલા આરોપીઓ જુનાગઢ જિલ્લાના અન્ય સાત ગામડામા કરેલ કેબલ ચોરીની પણ કબુલાત કરેલ છે. તેમજ આગળની તપાસ પોલીસ ઈન્સપેક્ટર પી.સી. સરવૈયા ચલાવી રહેલ છે.



## મેંદરડા પોલીસે તમામ મુદ્દા માલ રિકવર કરી અનેક વાયર ચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો

# ટંકારા નજીક ૬૦ ફૂટ ઉંડા ખાડામાં પડી ગયેલા સગીરનું મોત

## ફાયર ટીમો તાત્કાલીક રેસ્કયુ અર્થે દોડી ગઈ'તી પણ કુવામાથી ૧૨ વર્ષીય તરૂણની લાશ બહાર આવી

**અબતક, ઋષી મહેતા**

મોરબી ફાયર ટીમને મળેલા રેસ્કયૂ કોલ બાદ ફાયર ટીમ તાત્કાલિક ટંકારા તાલુકાના જીવાપર ગામે પહોંચી ૬૦ ફૂટ ઊંડા કૂવામાંથી ૧૨ વર્ષિય બાળકની બોડી લગભગ એક કલાકની ભારે મહેનત બાદ બહાર કાઢી હતી. મૃતદેહને ટંકારા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

મોરબી ફાયર કંટ્રોલ રૂમમાં તા.૧૪/૧૧ના રોજ ૦૧:૧૬ કલાકે રેસ્કયૂ માટેનો તાત્કાલિક કોલ મળતા જ ફાયર ટીમ ઘટનાસ્થળે રવાના થઈ હતી. આ ઘટના ટંકારા તાલુકાના જીવાપર ગામના ડગરપાર્ટ વાડી વિસ્તારમાં બની હતી,

જ્યાં ૬૦ ફૂટ ઊંડા કૂવામાં એક સગીર પડી ગયો હોવાની માહિતી મળી હતી. ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચતાંજ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. જ્યાં લગભગ ૧ કલાકની ભારે જહેમત અને લોક સહાયતા સાથે ટીમે બાળકની બોડી સફળતાપૂર્વક બહાર કાઢી હતી. મૃતક સગીરનું નામ જયદીપ મહેશ ભાભોર ઉંમર ૧૨ વર્ષ રહે.મૂળ દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના રાસવા ગામના નિવાસી અને હાલ ટંકારા તાલુકાના જીવાપર ગામની ડગરપાર્ટ વાડી વિસ્તારમાં રહેતા હતા. ફાયર વિભાગે ડેડબોડીને ટંકારા સિવિલ હોસ્પિટલ ખસેડી આપી છે.

# શોભેશ્વર રોડ ઉપર વિદેશી દારૂની ૧૬ બોટલ સાથે ઈમલો ઝડપાયો

**અબતક, ઋષી મહેતા**

મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં શોભેશ્વર રોડ મફતીયાપરા પાસે શંકસોળ હાલતમાં પ્લાસ્ટિકની થેલીમાં કઈક છુપાવતા એક ઈસમને બી ડિવિઝન પોલીસ ટીમ દ્વારા રોકી તે ઈસમ પાસે રહેલ થેલીની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડ અને ક્ષમતાની ૧૬ બોટલ કિ.રૂ.૬,૭૫૦/- મળી આવતા તુરંત આરોપી ઈમરાન ઉર્ફે ઈમલો શબીરભાઈ મોવર ઉવ.૨૫ રહે. શોભેશ્વર રોડ મફતીયાપરા પાણીની ટાંકી પાછળ મોરબી-૨ વાળાની અટક કરવામાં આવી હતી. આ સાથે પોલીસે આરોપી સામે પ્રોહી.એક્ટ હેઠળ કેસ નોંધી આગળની તપાસ ચલાવી છે.

# હળવદ-માળીયા હાઈવે ઉપરથી ટ્રકમાં ચોખાની બોરીઓની આડમાં લવાતો રૂ.૧૫.૬૭ લાખનો ઈંગ્લીશ દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

## એલસીબી ટીમે દારૂ-બિયર, ટ્રક સહિત કુલ રૂ.૫૯.૭૯ લાખના મુદ્દામાલ સાથે ચાલકની ધરપકડ કરી

**અબતક, ઋષી મહેતા**

મોરબી એલસીબી પોલીસ ટીમે મકેલ બાતમીને આધારે હળવદ-માળીયા હાઈવે રોડ ઉપર આવેલ બાબા રામદેવ હોટલ સામેથી રોડ ઉપરથી ટ્રક ટ્રેલરમાં ચોખાની બોરીઓની આડમાં છુપાવેલ અલગ-અલગ બ્રાંડની ઈંગ્લીશ દારૂની બોટલો નંગ-૧૧૦૪ કિ.રૂ.૧૪,૩૫,૨૦૦/- તથા બિયર ટીન નંગ-૬૦૦ કિ.રૂ.૧,૩૨,૦૦૦/-તથા અન્ય મુદામાલ મળી કુલ કિ.રૂ.૫૯,૭૯,૨૦૦/- ના મુદામાલ સાથે આરોપી ટ્રક ચાલકની અટક કરી હતી, જ્યારે સપ્લાયરનું નામ ખુલતા તેને ફરાર દર્શાવવામાં આવ્યો છે, હાલ એલસીબી પોલીસે હળવદ પોલીસ મથકમાં બન્ને આરોપીઓ તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ગુનો નોંધાવી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.





મોરબી એલસીબી તથા પેરોલ ફર્લો સ્કવોડ ટીમ પ્રોહીબિશન અંગેની કાર્યવાહી સબબ કાર્યરત હોય ત્યારે પેરોલ ફર્લોના પીએસઆઈ જે.પી.કણસાગરા તથા એલ.સી.બી/પેરોલ ફર્લો સ્કવોડ પેટ્રોલિંગમાં હોય તે દરમ્યાન એએસઆઈ સુરેશભાઈ હુંબલ હેડ કોન્સ. શકિતસિંહ ઝાલા, ભાવેશભાઈ મિયાત્રા, કોન્સ. વિક્રમભાઈ ફુગશીયા તથા ભગીરથસિંહ ઝાલાને ખાનગીરાહે હકિકત મળેલ કે, હળવદ-અમદાવાદ હાઈવે રોડ ઉપર ધાંગધ્રા બાજુથી હળવદ તરફ એક ટ્રક ટ્રેલર નંબર જીજે-૦૬-એવી-૭૬૭૬ માં ચોખાની બોરીઓ ભરેલ છે અને તે બોરીઓની નીચે ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલ છે. તેવી ચોકકસ હકિકત આધારે હળવદ-માળીયા હાઈવે રોડ સુખપર ગામ પાસે આવેલ બાબા રામદેવ હોટલ પાસે રોડ ઉપર ટ્રક ટ્રેલરની વોચમાં હતા. દરમિયાન હકીકત વાળી ટ્રક ટ્રેલર નીકળતા તેને રોકી ચેક કરતા તેમાં ચોખાની બોરીઓની આડમાં છુપાવી લવાતો અલગ-અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની બોટલો નંગ-૧૧૦૪ કિ.રૂ.૧૪,૩૫,૨૦૦/- તથા બિયર ટીન નંગ-૬૦૦ કિ.રૂ.૧,૩૨,૦૦૦/- મળી આવ્યો હતો, જેથી તુરંત ટ્રક ચાલક આરોપી પ્રવિણ લાખાભાઈ પગી ઉવ.૪૦ રહે.લાકડીયા પગીવાસ તા.ભચાઉ જી.કચ્છ વાળાની અટક કરવામાં આવી હતી. પકડાયેલ આરોપીની પૂછતાછમાં દારૂ-બિયરનો જથ્થો મોકલનાર આરોપી સિદધરાજસિંહ જાડેજા રહે.લાકડીયા તા.ભચાઉ જી.કચ્છ વાળાનું નામ જણાવતા પોલીસે તેને આ કેસમાં વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી છે. આ સાથે એલસીબી/પેરોલ ફર્લો સ્કવોડ ટીમે દારૂ-બિયરનો જથ્થો કિ.રૂ.૧૫,૬૭,૨૦૦/-, ટ્રક-ટ્રેઈલર કિ.રૂ. ૨૦ લાખ તથા અન્ય મુદ્દામાલ સહિત કુલ રૂ.૫૯,૭૯,૨૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી બન્ને આરોપીઓ તથા તપાસમાં જેના નામ ખુલ્લે તેની વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો દાખલ કરાવી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# દોશી - ડાભી હાઈસ્કૂલમાં આગની મોકડ્રીલમાં વિદ્યાર્થીઓને દેખાડાઈ રેસ્ક્યૂની કામગીરી

## આગનો કોલ મળતા ફાયર ટીમ ૮ મિનિટમાં શાળાએ પહોંચી આગ પર કાબૂની કામગીરી હાથ ધરી

**અબતક, ઋષિ મહેતા**

મોરબીમાં દોશી એમ.એસ.ડાભી એન.આર. હાઈસ્કૂલમાં આગની પરિસ્થિતિને નિર્દેશ કરતી મોકડ્રિલ યોજાઈ હતી, જેમાં બે કેઝ્યુલિટીને રેસ્ક્યૂ કરવામાં આવ્યા હતા. મોરબી મહાનગરપાલિકાની ફાયર ટીમે ૮ મિનિટમાં પહોંચી સફળતાપૂર્વક આગ ઉપર કાબૂ મેળવ્યો હતો.




મોરબીના પંચાસર ચોકડી બાયપાસ રોડ, મહાવીર નગર ખાતે આવેલી શ્રી દોશી એમ.એસ. ડાભી એન.આર. હાઈસ્કૂલમાં તા. ૧૨/૧૧ ના રોજઆગની પરિસ્થિતિ સર્જાતા મોરબી ફાયર કન્ટ્રોલરૂમને સવારે ૧૧.૧૪ કલાકે કોલ મળ્યો હતો. કોલ અનુસાર શાળાના બીજા માળે આગની ઘટના સાથે બે કેઝ્યુલિટીઓ ફસાયેલ હોવાની માહિતી આપવામાં આવી હતી. કોલ મળતાની સાથે જ મોરબી મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડ ટીમ માત્ર ૮ મિનિટમાં ફાયર ફાઈટર અને તમામ આધુનિક સાધનો સાથે ઘટનાસ્થળે હાજર થઈ ગઈ હતી. ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, આગની જાણ થતાં જ શાળામાં લગાવેલી ફાયર અલાર્મ સિસ્ટમ તાત્કાલિક ચાલુ કરવામાં આવી હતી અને તમામ વિદ્યાર્થીઓ તથા સ્ટાફને એસેમ્બલી એરિયામાં સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ફાયર જવાનોએ તાત્કાલિક બીજા માળે પહોંચીને ફસાયેલી બે કેઝ્યુલિટીઓને રેસ્ક્યૂ કરી નીચે ઉતારી હતી અને તેમને ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. શાળાની ફાયર ફાઈટિંગ સિસ્ટમ સાથે મોરબી મહાનગરપાલિકાના ફાયર બાઉઝરની મદદથી આગને સંપૂર્ણ રીતે કાબૂમાં લેવામાં આવી હતી.

આ આખી ઘટનાને મોકડ્રિલ તરીકે જાહેર કરતા હાજર સ્ટાફ, વિદ્યાર્થીઓ અને વાલીગણે રાહતનો શ્વાસ લીધો હતો. મોકડ્રિલ કાર્યક્રમ દરમિયાન સૌએ ફાયર વિભાગને પૂરતો સહકાર આપ્યો હતો. મોરબી મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનરની હાજરીમાં આ મહત્વપૂર્ણ મોકડ્રિલ યોજાઈ હતી. આનો મુખ્ય ઉદ્દેશ આગ કે અન્ય આપત્તિના સમયે કેવી રીતે ઝડપી બચાવ કામગીરી કરવી અને કેઝ્યુલિટીઓને બચાવવી તે અંગે શાળાના સ્ટાફ તથા વિદ્યાર્થીઓને જાગૃત કરવાનો હતો.

# વાંકાનેરઃ સ્પા ભાડે રાખવાની રકઝકમાં પિતા-પુત્રનો આતંક, કાકા-ભત્રીજાઓને પાઈપ ફટકાર્યા

## પોલીસે આરોપી પિતા-પુત્ર સામે એટ્રોસિટી સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો

**અબતક, ઋષી મહેતા**

વાંકાનેર તાલુકાના ઢુવા-માટેલ રોડ પર આવેલી માસ સ્પા પાસે સ્પા ભાડે રાખવા બાબતે વાતચીત દરમિયાન થયેલ બોલાચાલી બાદ હિંસક ઝઘડો શરૂ થયો હતો. જેમાં પિતા-પુત્ર દ્વારા યુવક અને તેના કાકા તથા કુટુંબી ભાઈ સહિતનાઓને જાતિ પ્રત્યે અપમાનિત કરી પાઈપ વડે બેફામ માર મારવામાં આવ્યો હતો. હાલ ભોગ બનનાર યુવકની ફરિયાદને આધારે વાંકાનેર તાલુકા પોલીસે આરોપી પિતા-પુત્ર વિરુદ્ધ એટ્રોસિટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી બન્ને આરોપીઓની અટકાયત કરવા શોધખોળ શરૂ કરી છે.

વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદી નિલેશભાઈ જયંતિભાઈ શેખવા ઉવ.૨૩ રહે. હાલ પ્રેમજીનગર મૂળ દેવચરાડી વાળાએ આરોપી કાનાભાઈ કોળી અને કાનાભાઈનો દીકરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગત તા.૧૩/૧૧ ના રોજ ફરિયાદી પોતાના કૌટુંબિક કાકા ભુપતભાઈ સાથે માસ સ્પા નજીક હતા. તે સમયે કાકા ભુપતભાઈને સ્પા ભાડે રાખવા બાબતે આરોપી કાનાભાઈ કોળી સાથે બોલાચાલી ચાલતી હતી.

ત્યારે ફરીયાદી નિલેશભાઈ વચ્ચે પડતા આરોપી કાનાભાઈએ ફરીયાદીને પાઈપ વડે માથાના ભાગે માર મારી ઈજા પહોંચાડી હતી. જે બાદ નિલેશભાઈ અને તેમના કાકા પોતાના બચાવ માટે ત્યાંથી ભાગી પાડોશના પેટ્રોલપંપ પાસેની પાનની દુકાન તરફ ગયા. પરંતુ બંને આરોપી પિતા-પુત્ર તેમની પાછળ જઈ ફરીવાર હુમલો કર્યો હતો. આ દરમિયાન આરોપી કાનાભાઈએ ફરીયાદીને ફરી માથામાં અને વાસામાં પાઈપનો ઘા મારેલ આ દરમિયાન નિલેશભાઈના કૌટુંબિક ભાઈ સાહેદ હિતેષભાઈને પણ માર માર્યો હતો. હાલ નિલેશભાઈની ફરિયાદને આધારે પોલીસે આરોપી પિતા-પુત્ર સામે એટ્રોસિટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ટંકારાઃ રમતી વખતે માથામાં લોખંડનો દરવાજો વાગતા ૫ વર્ષના બાળકે સારવારમાં દમ તોડ્યો

**અબતક, ઋષી મહેતા**

ટંકારાના લજાઈ-નશીતપર રોડ પર આવેલી મારૂતિ પ્લાસ્ટિક કારખાનામાં રમતી વેળાએ શ્રમિકના ૫ વર્ષના બાળકને માથામાં લોખંડનો મોટો દરવાજો વાગતા બાળકને ગંભીર ઈજા પહોંચી હતી અને સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

ટંકારા પોલીસ મથકે નોંધાયેલ અ.મોતની નોંધની વિગતો મુજબ ટંકારાના લજાઈ-નસીતપર રોડ ઉપર મારુતિ પ્લાસ્ટિક કારખાનાની લેબર કોલોનીમાં રહેતા મુળ મધ્યપ્રદેશના ધાર જીલ્લાના પરેઠા ગામના વતની રગનભાઈ સમરીયાભાઈ ડાવર ઉવ.૩૫નો દીકરો સંદીપ ઉવ.૦૫ કારખાનામાં રમતો હોય ત્યારે રમતી વેળાએ તેને માથામાં મોટો દરવાજો વાગતા, ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેને તુરંત મોરબી સિવિલ બાદ વધુ સારવાર અર્થે રાજકોટ સરકારી હોસ્પિટલમાં ખસેડતા જ્યાં ચાલુ સારવાર દરમિયાન ૫ વર્ષીય માસુમ બાળકનું મૃત્યુ નીપજ્યું હતું. મૃત્યુના બનાવ અંગે ટંકારા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# મકનસર ગામે ટ્રકે બાઈક અને રીક્ષાને અડફેટે લેતા બે ઘાયલ

## રોડ ક્રોસ કરી રહેલા વાહનોને ટ્રકે ઠોકર મારતા અકસ્માતઃ ચાલક વિરૂધ્ધ ગુનો

**અબતક, ઋષી મહેતા**

મોરબી-વાંકાનેર નેશનલ હાઈવે ઉપર મકનસર ગામે અકસ્માતની ઘટનામાં ટ્રકના ચાલકે પોતાનું વાહન ફૂલ સ્પીડમાં અને બેદરકારીથી ચલાવી આવી રોડ ઉઓર ડિવાઈડરની કટમાં રોડ ક્રોસ કરવા ઉભેલ બાઈક તથા રીક્ષાને હડફેટે લઈને મોટો અકસ્માત સર્જ્યો હતો, જેમાં બાઈક ઉપર સવાર બે લોકોને ગંભીર ઈજાઓ પહોંચી તથા રીક્ષાનો કડુસલો બોલાવી ભારે નુકસાન કર્યું હતું. હાલ બન્ને ઈજાગ્રસ્તો સારવારમાં હોય ત્યારે ઈજાગ્રસ્ત પ્રૌઢ દ્વારા ટ્રકના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.મળતી માહિતી અનુસાર, વાંકાનેર તાલુકાના રાતાવીરડા ગામના મોજેરામ કેશવદાસ દુધરેજીયા ઉવ.૫૫ ગત તા.૧૧/૧૧ ના રોજ સાંજે પોતાના મિત્ર કરણાભાઈ પોપટભાઈ ગોલતર સાથે મોરબી કામ સબબ કરણાભાઈના મોટરસાયકલ રજી.નં. જીજે-૧૩-એલએલ-૩૩૨૭ માં પાછળ બેસીને જતા હતા ત્યારે મકનસર ગામે આરાધના સીરામીમ કારખાના સામે મોરબી - વાંકાનેર નેશનલ હાઈવે ઉપર રોડ ક્રોસ કરવા ડિવાઈડરની કટ પાસે ઉભા રહ્યા ત્યારે તેમની આગળ એક સીએનજી રીક્ષા રજી.નં. જીજે-૩૬-ડબલ્યુ-૧૬૬૫ પણ ઉભી હતી ત્યારે પાછળથી અચાનક ફૂલ સ્પીડમાં આવેલ ટ્રક રજી.નં. એમપી-૦૯-એચએચ-૬૯૧૯ના ચાલકે પોતાનો ટ્રક ફૂલ સ્પીડના અને ગફલતભરી રીતે ચલાવી આવી બાઈક અને બાદમાં રીક્ષા સાથે જોરદાર ટક્કર મારતા, બાઈક સવાર મોજેરામ અને બાઈક ચાલક કરણાભાઈ નીચે પડી જતા મણકા, પાસળી અને પગમાં ફ્રેકચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેથી તેઓને ૧૦૮ મારફત મોરબીની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બીજીબાજુ સીએનજી રીક્ષામાં નુકસાન થયું હતું. હાલ મોરબી તાલુકા પોલીસે ઈજાગ્રસ્ત મોજેરામની ફરિયાદને આધારે આરોપી ટ્રક ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોટી માધાણી શેરીમાંથી વરલીભક્ત પકડાયો

**અબતક, ઋષી મહેતા**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસે મોટી માધાણી શેરીમાંથી જાહેરમાં વર્લીના આંકડાનો નસીબ આધારિત રૂપિયાની હારજીતનો જુગાર રમતા દિનેશભાઈ ચત્રભુજ જમનાદાસ કારીયા ઉવ.૬૩ રહે.રુદ્ર ફ્લેટ માધાણી શેરી મોરબી વાળાને રંગેહાથ પકડી લેવામાં આવ્યો છે, આ સાથે પોલીસે આરોપી પાસેથી વર્લી ફિચર્સના આંકડાનો જુગાર રમવાનું સાહિત્ય તથા રોકડા રૂ.૫૨૦/-કબ્જે કરી જુગારધારા હેઠળ કેસ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મકનસર ગામ નજીક કારમાંથી ૫૦૦ લીટર દેશી દારૂ પકડાયો ચાલક ફરાર

## પોલીસને જોઈ ભાગેલ કારને અકસ્માત નડયોઃ અંધારાનો લાભ લઈ ચાલક નાસી ગયો

**અબતક, ઋષી મહેતા**

મોરબી તાલુકા પોલીસને મળેલ બાતમીને આધારે મકનસર નજીક વોચમાં હોય તે દરમિયાન વાંકાનેર સાઈડથી આવતી બલેનો કારને ઉભી રાખવા ઈશારો કરતા, કાર ચાલકે પોતાની કાર ફૂલ સ્પીડમાં ત્યાંથી ભગાવી મુકતા આગળ જઈ કારને અકસ્માત નડ્યો હતો, જેથી કાર ચાલક કાર રેઢી મિકીને નાસી ગયો હતો,

જ્યારે કારનો પીછો કરી રહેલ પોલીસ ટીમે અકસ્માત થયેલ કારની તલાસી લેતા તેનાથી ૫૦૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. હાલ પોલીસે દેશી દારૂ, કાર સહિત ૫ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ આરોપીઓને પકડી લેવા તપાસની તજવીજ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર, મોરબી તાલુકા પોલીસ ટીમને બાતમી મળી કે વાંકાનેર સાઈડથી બલેનો કાર રજી.નં. જીજે-૦૩-એનબી-૫૫૯૨માં દેશી દારૂ ભરીને મોરબી લાવવામાં આવવાનો હોય, જેથી તાલુકા પોલીસ ટીમ મકનસર એક્સેલ સીરામીક નજીક વોચમાં હોય તે દરમિયાન ઉપરોક્ત બલેનો કાર ત્યાંથી પસાર થતા તેને દૂરથી રોકવાનો ઈશારો કરતા, બલેનો કારણ ચાલકે પોતાની કાર ફૂલ સ્પીડમાં ત્યાંથી નીકળી જતા, તુરંત પોલીસ ટીમ તેનો પીછો કર્યો હતો, જે કાર મકનસર કવાર્ટર નજીક અકસ્માત થયેલ હાલતમાં મળી આવી હતી, જ્યારે કાર ચાલક અંધારાનો લાભ લઈને કાર રેઢી મૂકીને ભાગી ગયો હતો. ત્યારે કારની તલાસી લેતા તેમાંથી અલગ અલગ પ્લાસ્ટિકના બાચકામાં ૫૦૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૧ લાખ મળી આવ્યો હતો. હાલ પોલીસે દેશી દારૂ તથા બલેનો કાર સહિત રૂ.૫૦૦,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી નાસી ગયેલ કાર ચાલક તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ગુનો નોંધી તપાસની તજવીજ શરૂ કરી છે.

# વાંકાનેરઃ 'ચાચા' નહેરૂના જન્મદિવસે ડીએવી સ્કુલ દ્વારા જરૂરિયાતમંદોને પુસ્તકોનું વિતરણ



**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

પંડિત જવાહરલાલ નેહરૂના જન્મદિન (બાળ દિવસ) નિમિત્તે, મોરબી જિલ્લાના વાંકાનેર ખાતે 'ડીએવી કેલ્ડેરિસ પબ્લિક સ્કૂલ' દ્વારા એક હૃદયસ્પર્શી પહેલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળા પરિવાર દ્વારા આ વિસ્તારના ગરીબ બાળકોને પુસ્તકો અને ખાવા-પીવાની વસ્તુઓનું વિતરણ કર્યું હતું.

શાળાના ચેરમેન મૃણાલ કોલે અને આચાર્ય અરિંદમ બોઝના નેતૃત્વમાં આ પહેલનો હેતુ યુવાવર્ગના મનમાં આનંદ લાવવાનો હતો. આ શુભકાર્ય અંતર્ગત શાળાના શિક્ષકોની ટીમ દ્વારા 'ફૂલ નહીં તો ફૂલની પાંખડી' દાન અભિયાનમાં યોગદાન આપવામાં આવ્યું, જેનાથી આ વિસ્તારના નાના-નાના ભૂલકાઓરૂપી તારલાઓના ચહેરા પર સ્મિતની રોશની નજરે પડી.

આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો, જે શાળાની સામાજિક જવાબદારી પ્રત્યેની પ્રતિબદ્ધતા અને ભારતના યુવા વર્ગને ઉછેરવાના નેહરૂજીના સ્વપ્નને પ્રતિબિંબિત કરે છે.

# ન્યુ એરા ગ્લોબલ સ્કુલના વિદ્યાર્થીઓએ વિશ્વ ફલક પર વગાડયો ડંકો

## ન્યુએરા ગ્લોબલ સ્કુલના વિદ્યાર્થીઓ આંતર રાષ્ટ્રીય ઈમ્યુન કોન્ફરન્સની ડીબેટ ચર્ચામાં થયા સામેલ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીની ન્યુ એરા ગ્લોબલ સ્કુલના વિદ્યાર્થીઓ આતર રાષ્ટ્રીય ઈમ્યુન કોન્ફરેન્સમાં ડીબેટમાં સામેલ થઈ મોરબીનો વિશ્વ ફલક પર ડંકો વગાડવા નીમીત બન્યા છે.

મોરબીઃ તા. ૧૧ અને ૧૨ નવેમ્બર ૨૦૨૫ દરમ્યાન ન્યુ એરા ગ્લોબલ સ્કૂલ, મોરબીએ I.I.M.U.N. Conference ૨૦૨૫નું સફળ આયોજન કર્યું હતું. આ બે દિવસીય કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિ બની વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા અને ડિબેટ કરીને નેતૃત્વ અને સંવાદ કૌશલ્યનો ઉત્તમ પરિચય આપી સૌનું મન જીતી લીધું હતું. આ સાથે સ્કૂલે બાળકોને વૈશ્વિક વિચારસરણી તરફ દોરી જતાં શૈક્ષણિક ક્ષેત્રે નવી દિશા આપી છે.




મોરબીની ન્યુ એરા ગ્લોબલ સ્કૂલ દ્વારા તા. ૧૧ અને ૧૨ નવેમ્બર ૨૦૨૫ના રોજ આયોજન કરાયેલ I.I.M.U.N. Conference ૨૦૨૫ Empowering Future Leaders કાર્યક્રમને વિદ્યાર્થીઓ અને સ્કૂલ તંત્ર તરફથી ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો હતો. આ બે દિવસીય વૈશ્વિક કોન્ફરન્સનું મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને વિશ્વસ્તરીય મંચ પર વિચારો વ્યક્ત કરવાની તક આપવી, નેતૃત્વ ગુણો વિકસાવવા તથા વૈશ્વિક સમસ્યાઓને સમજવાની પ્રેરણા આપવાનો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ જુદા-જુદા દેશોના પ્રતિનિધિઓ તરીકે ભાગ લઈને, આજના યુગના મહત્વના વૈશ્વિક પ્રશ્નો પર પોતપોતાના વિચારો રજૂ કર્યા હતા. ચર્ચા, વિચાર-વિમર્શ અને ડિબેટના માધ્યમથી વિદ્યાર્થીઓએ દુનિયાના પડકારો માટે ઉકેલ શોધવાના મોહક પ્રયાસો કર્યા હતા. તેમની બુદ્ધિ, આત્મવિશ્વાસ અને સંવાદકૌશલ્ય જોવા મળતા ઉપસ્થિત બધાએ તેમની પ્રશંસા કરી હતી.

ન્યુ એરા ગ્લોબલ સ્કૂલ મોરબી જીલ્લાની એવી પ્રથમ શૈક્ષણિક સંસ્થા છે જેણે વિદ્યાર્થીઓને ઈ.ઈ.ખ.ત્ર.ગ. જેવી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ભાગ લેવાની તક આપી છે. આ અનોખી પહેલ દ્વારા સ્કૂલે સ્થાનિક શિક્ષણ જગતમાં એક નવી દિશા દર્શાવી છે. સ્કૂલના સૂત્ર Curiosity Creativity Compassionને જીવન્ત રાખવા માટે અને બાળકોને વૈશ્વિક પાયે વિચારી શકે એવી તક આપવા માટે આ કોન્ફરન્સ મહત્વનું પગલું સાબિત થયું છે. સ્કૂલના મતે, Every child deserves a platform to lead, learn, and inspire. ન્યુ એરા ગ્લોબલ સ્કૂલ માત્ર એક શાળા નહીં પરંતુ વિચાર, આત્મવિશ્વાસ અને નવીનતાનો પ્રેરણાસ્રોત હોવાનું આ કાર્યક્રમ દ્વારા ફરી એક વાર સાબિત કર્યું છે તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# બિહારમાં એનડીએની જીતને આતશબાજી સાથે વધાવતું રાજકોટ જીલ્લા ભાજપ

## કમલમ ખાતે સંગઠન પ્રભારી ધવલભાઈ દવે જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયાએ વંદે માતરમના જયઘોષ સાથે વિજયોત્સવ મનાવ્યો



**અબતક, રાજકોટ**

તાજેતરમાં બિહારમાં યોજાયેલ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપાનો જ્વલંત વિજય થતા રાજકોટ જીલ્લા ભાજપ સંગઠન પ્રભારી ધવલભાઈ દવે, જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયાની માર્ગદર્શન હેઠળ રાજકોટ જીલ્લા ભાજપ કાર્યાલય શ્રી કમલમ ખાતે ફટાકડાની આતશબાજી તથા મ્હો મીઠા કર્યા તેમજ જીલ્લાના તમામ મંડલો ખાતે ભારત માતાકી જય તથા વંદેમાતરમના જયઘોષ સાથે આતશબાજી તેમજ નગરજનોને મીઠા મ્હો કરાવીને વિજયોત્સવ મનાવ્યો હતો.

આ તકે જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાજી તથા ગૃહમંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં તેમની ચાણક્ય રણનીતિ અને ભાજપાના શાસનોમાં થયેલા ચોતરફ વિકાસની આ જીત છે. ભારતીય જનતા પાર્ટીએ અત્યાર સુધીની ચૂંટણીમાં જેટલી પણ વિધાનસભા અને લોકસભાની ચૂંટણી તેમજ પેટા ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીએ સતત ઉત્તરોત્તર પ્રચંડ બહુમતી સાથે વિજયો પ્રાપ્ત કર્યો છે.

આ વિજયોત્સવ કાર્યક્રમમાં જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવીણાબેન સંજયભાઈ રંગાણી, માર્કેટિંગ યાર્ડ ચેરમેન જયેશભાઈ બોઘરા, જીલ્લા મંત્રીઓ વલ્લભભાઈ શેખલીયા, જસ્મીનભાઈ પીપળીયા, વિશાલભાઈ ફાગલીયા, જીલ્લા મોરચાના પ્રમુખ તથા મહામંત્રીઓ શ્રી નવીનપરી ગૌસ્વામી, કમલેશભાઈ વરુ, વર્ષાબેન ખુંટ, નરોત્તમભાઈ પરમાર, ડો.દીપકભાઈ પીપળીયા, અલ્લાઉદીનભાઈ ફોગ, રાજેશભાઈ ચાવડા, જતીનભાઈ સિદપરા, વિપુલભાઈ બસીયા, યુવરાજભાઈ ખાટરીયા, બીપીનભાઈ સાવલિયા, ધર્મેશભાઈ વસંત, મહેશભાઈ પાઠક, ચેતનભાઈ કથીરીયા, ચેતનભાઈ પાણ સહીતના જીલ્લા તેમજ મંડલના હોદેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી: લાઠીમાં ભાજપ પરિવારે બિહારના વિજયના કર્યા વધામણા

## શહેરના ચાવંડ દરવાજો આતશબાજી સુત્રોચ્ચારમાં કાર્યકરોનો આનંદ ઉજવ્યો



**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

લાઠીમાં બિહાર વિધાનસભા ચૂંટણી-૨૦૨૫માં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ)ને મળેલી પ્રચંડ જીતની ખુશી અમરેલી જિલ્લાના લાઠી તાલુકા અને લાઠી ગામમાં પણ જોવા મળી હતી. ભારતીય જનતા પાર્ટી (બીજેપી)ના કાર્યકરો અને સ્થાનિક નેતાઓએ આ જીતને ઉત્સવના માહોલમાં ફેરવી દીધી હતી.

લાઠીના મુખ્ય સ્થળ ચાવંડ દરવાજા બહાર ભાજપના દરેક કાર્યકરોએ એકઠા થઈને આ જીતની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. આ પ્રસંગે ફટાકડા ફોડીને અને સૂત્રોચ્ચાર કરીને કાર્યકરોએ પોતાની ખુશી વ્યકત કરી હતી.આ ખુશીના માહોલમાં ભાજપના અગ્રણી કાર્યકરો અને લાઠી નગરપાલિકાના સભ્યો ખાસ હાજર રહ્યા હતા. હાજર રહેલા મહાનુભાવોમાં ધર્મેશભાઈ સોની, લાઠી નગરપાલિકાના ચેતનભાઈ જમોડ, રાજુભાઈ ભુવા, રાજુભાઈ ભુતૈયા અને નગરપાલિકાના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.આ અવસરે, અમરેલી જિલ્લા તેમજ લાઠી તાલુકાના દરેક નાગરિકોએ કમળની આ ભવ્ય જીતને બિરદાવી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ જીત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકાર દ્વારા દરેક રાજ્યમાં થઈ રહેલા વિકાસના પ્રશંસનીય કાર્યોનું પરિણામ છે. બિહાર રાજ્યની વિધાનસભા ચૂંટણીના પરિણામોએ દેશભરમાં ભાજપ પ્રત્યેના વિશ્વાસને વધુ મજબૂત કર્યો છે...

# ગાંધીધામ સિટી ટ્રાફીક પોલીસ દ્વારા બાળકોને વહેચાઈ ખુશીઓ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

બાળ દિવસ નિમિત્તે ગાંધીધામ સીટી ટ્રાફિક પોલીસ અને જાયન્ટ ગ્રુપ ઓફ ઈફકો સહેલીના સંયુક્ત ઉપક્રમે માનવીય અભિગમ અપનાવવામાં આવ્યો છે. જરૂરિયાતમંદ શ્રમિક વર્ગના નાના ભૂલકાઓના ચહેરા પર ખુશી લાવવા માટે પોલીસે ક્રોમા ચાર રસ્તા પાસે ચોકલેટ અને બુટનું વિતરણ કર્યું હતું.આ ભેટ સામગ્રીનું વિતરણ થતાં બાળકો તેમજ તેમના પરિવારોમાં આનંદ અને ખુશીની લાગણી છવાઈ ગઈ હતી. પોલીસે આ પહેલ દ્વારા સમાજમાં એક સકારાત્મક સંદેશ આપ્યો છે.

આ પ્રસંગે ગાંધીધામ સીટી ટ્રાફિક પીઆઇ વી આર પટેલ, પીએસઆઇ ડીજે પ્રજાપતિ, સિંધી સમાજના અગ્રણી દાદા કુમાર રામચંદાની તથા જાયન્ટ ગ્રુપ ઓફ ઈફકો સહેલીના યુ ડી ડોક્ટર સુનિતા દેવનાની,પ્રમુખ ભારતી માખીજાણી અને ગાંધીધામ સીટી ટ્રાફિક પોલીસનો સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# અંજાર પોલીસે ગુમ થયેલ મહિલાનું પરિવાર સાથે કરાવ્યું મિલન



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

વરિષ્ઠ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ અંજાર પીઆઈ એ.આર ગોહિલે અંજાર પોલીસ સ્ટેશનમાં પોલીસ સ્ટાફની ટીમ બનાવી ગુમ થયેલ બાળકો તેમજ મહિલાઓને શોધી કાઢવા જરૂરી સલાહ સુચનો આપેલ હતા જે અન્વયે અંજાર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુમ નોંધ મુજબ ગુમ થનાર કેશરબેન વા/ઓફ વિનોદ ભાણજીભાઈ દેવીપૂજક ઉ.વ.૨૮ ધંધો.મજૂરી રહે.દેવળીયા ગામ દેવીપૂજકવાસ તા.અંજાર કચ્છ વાળીને શોધી કાઢેલ છે.આ કામગીરીમાં અંજાર પીઆઈ એ.આર ગોહિલ અને અંજાર પોલીસ સ્ટાફના માણસો સાથે રહ્યા હતા

# માણાવદર તાલુકા કક્ષાની અથલેટિક્સની સ્પર્ધામાં ખેલાડીઓએ ઉત્સાહભેર લીધો ભાગ



**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

ખેલ - મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત માણાવદર તાલુકા કક્ષાની અથલેટિક્સની સ્પર્ધા નાકરા ખાતે યોજાઈ હતી જેમાં બધા ખેલાડીઓઓ ઉલ્લાસભેર ભાગ લીધો હતો, માણાવદરની બાલકૃષ્ણ શાળામાં આ સ્પર્ધાનું સુઆયોજન કરી સ્પર્ધામા ચા-નાસ્તો તેમજ તમામ ખેલાડીઓ સારી રીતે પ્રદર્શન આપી શકે તેવું આયોજન કર્યું હતું. બાલકૃષ્ણ શાળા પરવિવાર દ્વારા તમામ વિજેતા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી હતી.

# જૂનાગઢમાં ચાલી રહેલા માર્ગ નવીનીકરણની કામગીરીનું નિરીક્ષણ કરતા મનપા કમિશનર તેજસ પરમાર



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારોમાં ચાલી રહેલા માર્ગ નવીનીકરણની કામગીરીનું મનપાના કમિશનર તેજસ પરમારે નિરીક્ષણ કર્યુ હતુ. અને જરૂરી સૂચનો સંબંધિત અધિકારીઓને આપ્યા હતા.

જૂનાગઢ શહેરના વિવિધ વિસ્તારોમાં હાલ રોડ, રસ્તાના મરામતની કામગીરી ચાલી રહી છે. અને હાલમાં જોષીપરા વિસ્તારના આબાંવાડી વિસ્તારથી શાકમાર્કેટ સુધીનું આરસીસીનુ કામ ચાલી રહ્યું છે, ત્યારે આ કામગીરીનું જૂનાગઢ મનપાના કમિશનર તેજસ પરમાર એ નિરીક્ષણ કરવાની સાથે જરૂરી સૂચનો સંબંધિત અધિકારીઓને આપ્યા હતા.

# ગાંધીધામ મ.ન.પા. દ્વારા આદિપુરમાં સ્પેસ સાયન્સ એકિઝબિશન યોજાશે

## સ્પેસ એકિઝબિશનમાં રોકેટ લોન્ચીંગનો ડેમો બતાવાશે

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા સ્પેસ એપ્લિકેશન સેન્ટર, ઈસરો-અમદાવાદના સહયોગથી આદિપુર ખાતે ત્રિ-દિવસીય વિક્રમ સારાભાઈ સ્પેસ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રદર્શન તારીખ ૨૩/ ૧૧/ ૨૦૨૫ થી તારીખ ૨૫/ ૧૧/ ૨૦૨૫ સુધી આદિપુરમાં મૈત્રી મહાવિદ્યાલય ખાતે સવારે ૯:૦૦ થી સાંજે ૫ કલાક દરમિયાન ખુલ્લું રહેશે. આ એક્ઝિબિશનમાં ઈસરોના વૈજ્ઞાનિકો સાથે વાતચીત, સ્પેસ સાયન્સ અને ટેક્નોલોજીનું પ્રદર્શન તેમજ રોકેટ લોન્ચિંગનું ડેમોસ્ટ્રેશન મુખ્ય આકર્ષણ રહેશે.શાળાના વિધાર્થીઓ મુલાકાત લઈ શકે તે માટે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી સાથે સંકલન કરાયું છે.

વિધાર્થીઓ અને જાહેર જનતાને આ અવકાશ પ્રદર્શનનો લાભ લેવા વિનંતી છે. સ્લોટ બુકિંગ માટે રાકેશ પટેલ (કન્વીનર) આચાર્ય સરકારી માધ્યમિક શાળા (વર્ગ-૨), કમલેશભાઈ પટેલ (સહ કન્વીનર) આચાર્ય મૈત્રી મહા વિધાલય, નિખીલભાઈ આશર (સહ કન્વીનર) આચાર્ય સેન્ટ પોલ હાઈસ્કુલ અને મનપાના મોહનભાઈ આહીર (સંસ્કૃતિક વિભાગ હેડ)નો સંપર્ક કરવા જણાવાયું છે.

# ઉપલેટામાં સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિએ કાલે યુનિટી માર્ચ

## ભાયાવદરથી ખાખીજાળીયા સુધી પદયાત્રામાં જોડાવવા વહીવટી તંત્રનો અનુરોધ

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

દેશના લોખંડી લોહ પુરૂષ અને આઝાદ ભારતના પ્રથમ ગૃહ રાજય મંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિતે જિલ્લા અને તાલુકા વહીવટી તંત્ર દ્વારા આવતીકાલે પદયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે.

સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતી અંતર્ગત યોજાનાર ધોરાજી-ઉપલેટા વિધાનસભા કક્ષાની પદયાત્રા આવતીકાલે તા.૧૬ને રવિવારે સવારે ભાયાવદર શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ ચોકથી પ્રસ્થાન થશે જયારે ખાખીજાળીયા ગામે આ પદયાત્રાની પૂર્ણાહુતી થશે તો આ પદયાત્રામાં જોડાઈને દેશના લોહ પુરૂષ સરદાર પટેલ શ્રદ્ધાંજલી અર્પણ કરવા જિલ્લા અને તાલુકા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે. આ પદયાત્રામાં જિલ્લા વહીવટી તંત્રવતી ધોરાજી પ્રાંત અધિકારી એન.એમ.તરખાલા તેમજ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા આગેવાનીમાં યોજાશે.

# જૂનાગઢની બારમેડા સર્જિકલ હોસ્પિટલ દ્વારા કાલે સર્વરોગ નિદાન કેમ્પ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ ખાતે આગામી તા. ૧૬/૧૧/૨૦૨૫ ને રવિવારના રોજ પેટને લગતા તમામ રોગો જેવા કે, જૂનો દુ:ખાવો, ગેસ, એસિડિટી, એપેન્ડીકસ, કબજિયાત, પથરી વગેરે તથા હરસ, મસા, ભગંદર વગેરેના દર્દીઓ માટે બારમેડા સર્જિકલ હોસ્પિટલ, હિરાપન્ના કોમ્પલેક્ષ, બસ સ્ટેશન રોડ, જૂનાગઢ ખાતે ''ફ્રી નિદાન કેમ્પ'' યોજાશે. જેમાં ૩૭ વર્ષના અનુભવી, પેટના દર્દોના નિષ્ણાંત ગેસ્ટ્રો સર્જન ડો. શૈલેશભાઈ બારમેડા દ્વારા તદ્દન ફ્રી મા નિદાન કરી આપવામાં આવશે. જેમાં મર્યાદિત સંખ્યામાં દર્દીઓને તપાસી શકાશે. આથી, દર્દીઓએ અગાઉથી વહેલી તકે રજીસ્ટ્રેશન માટે મો. ૯૧૦૬૭૮૨૪૬૬ પર નામ નોંધણી કરાવી લેવા જણાવાયુ છે.

આ અંગે ૩૭ વર્ષના અનુભવી, પેટના દર્દોના નિષ્ણાંત ગેસ્ટ્રો સર્જન ડો. શૈલેશભાઈ બારમેડા એ નિખાલસતા પૂર્વક જણાવ્યું હતું કે, જુનાગઢ સહિતના લોકોએ મારા પણ મુબ વિશ્વાસ મૂક્યો છે, અને ત્યારે બારમેડા સજીર્કલ હોસ્પિટલ દર્દીનારાયણની સેવાના ૧૭ વર્ષ પૂર્ણ કરી ૧૮ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે ત્યારે આ પ્રસંગે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, અને જરૂરિયાતમંદ દર્દીઓને પીએમજેએવાય કાર્ડ હેઠળ ફ્રી ઓપરેશનની સગવડ પણ મળી રહેશે.




**૩૪ મી વાર્ષિક**
**પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલી**

**પ.પૂ. પિતાશ્રી,**

આપનું વાત્સલ્ય અમારો પ્રાણ છે. આપનો સંસ્કાર વારસો, કુટુંબ પ્રેમ ભાવના એ જ અમારી મુડી છે. આપ જીવન જીવવાની સાચી રીત પરિવારને શીખવી ગયાં છો. આપ પોતે પરિશ્રમ, સંઘર્ષ કરી કુટુંબને સમૃધ્ધ બનાવી અમો સહુને સુખ આપી ગયા છો. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રભુ પાસે પ્રાર્થના...

**સ્વ. પ્રાણલાલ વિઠ્ઠલદાસ શાહ**
(ભુ.પુ.સરકયુલેશન મેનેજર-જનસત્તા)
સ્વ. તા. ૧૬-૧૧-૧૯૯૧, કારતક સુદ-૯, શનિવાર, રાજકોટ.

લી. હેમંતકુમાર પ્રાણલાલ શાહ - જીલ્લા પંચાયત - જસદણ (રીટાયર્ડ)
મહેશકુમાર પ્રાણલાલ શાહ - શ્રી અરિહંત એડ., લક્ષ્મી એડ. - રાજકોટ.
જીતેશકુમાર પ્રાણલાલ શાહ - સૌરાષ્ટ્ર કચ્છ સ્ટોક એક્ષ., કેરગ્રોથ - રાજકોટ.
અ.સૌ. તૃષ્ટિ કેવલ શાહ - અ.સૌ. ડિમ્પલ રાહુલ શાહ
અ.સૌ. વિશ્વા મુનીલ શાહ - અ.સૌ. કૃતિ રોહીન શાહ
દેવાંશી, હીર, આરવ, કયારા, મીષ્ટી, નિર્વા તથા શાહ પરિવારના જય જિનેન્દ્ર


## જાહેર નોટીસ

કેસ નં. ૫૨

શ્રી ચામડીયા ઉમેદઅલી અલીમહમદ
રહે. ડાયમંડ સોસાયટી, અલંકાર ટોકીઝ પાછળ, તા.વઢવાણ ..........અરજદાર

**વિરૂધ્ધ**

જન્મ-મરણ નોંધણી અધિકારી અને રજીસ્ટ્રારશ્રી,
સુરેન્દ્રનગર મહાનગરપાલિકા ..........સામાવાળા

**વિષય :- જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણ નોંધ કરાવવા માટે હુકમ મેળવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રી નામે ચામડીયા ઉમેદઅલી અલીમહમદ દ્રારા તેમના માતૃશ્રી નામે શ્રી ફાતમાબેન અલીમહમદભાઈ ચામડીયાની મરણ તા.૧૨/૦૨/૨૦૧૫ રોજ સુરેન્દ્રનગર શહેર ખાતે થયેલ હોવાનું જાહેર કરેલ છે. જેની નોંધ સામાવાળાના દફ્તરે કરવાની રહી ગયેલ હોઈ અત્રેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, સુરેન્દ્રનગર (શહેર) માં ઉપરોક્ત નંબરની સદરહું અરજી દાખલ કરેલ છે.

આથી જો કોઈ વ્યકિતને, આ બાબતે વાંધો કે તકરાર હોય, તો તેઓએ જાતે રૂબરૂ અગર તેમના દ્વારા નિયુક્ત કરેલ વકીલશ્રી મારફતે વાંધો રજુ કરવા, અત્રેની કોર્ટમાં નોટીસ જાહેર થયાના દિવસ-૧૫ માં અચુક હાજર રહેવુ. અન્યથા સદરહુ અરજીના સંદર્ભમાં યોગ્ય તે હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ :૧૭ /૧૦ /૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

કોર્ટનો સીકકો

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
સુરેન્દ્રનગર (શહેર)

## જાહેર નોટીસ

કેસ નં.૫૧/૨૦૨૫

શ્રી અમીનમહમદ અલીમહમદ ચામડીયા
સહે.કુકડા પ્રેસ શેરી નં. ૬, શ્રવણ ટોકીઝ રોડ, તા.વઢવાણ, સુરેન્દ્રનગર ..........અરજદાર

**વિરૂધ્ધ**

જન્મ-મરણ નોંધણી અધિકારી અને રજીસ્ટ્રારથી,
સુરેન્દ્રનગર મહાનગરપાલિકા ..........સામાવાળા

**વિષય :- જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/ મરણ નોંધ કરાવવા માટે હુકમ મેળવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રી નામે અમીનમહમદ અલીમહમદ ચામડીયા દ્રારા તેમના પોતે નામે શ્રી અમીનમહમદ અલીમહમદ ચામડીયાનો જન્મ તા. ૧૪/૧૨/૧૯૫૯ ના રોજ સુરેન્દ્રનગર શહેર ખાતે થયેલ હોવાનુ જાહેર કરેલ છે. જેની નોંધ સામાવાળાના દફ્તરે કરવાની રહી ગયેલ હોઈ અત્રેની એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, સુરેન્દ્રનગર (શહેર) માં ઉપરોક્ત નંબરની સદરહુ અરજી દાખલ કરેલ છે.


આથી જો કોઈ વ્યકિતને, આ બાબતે વાંધો કે તકરાર હોય, તો તેઓએ જાતે રૂબરૂ અગર તેમના દ્વારા નિયુક્ત કરેલ વકીલશ્રી મારફતે વાંધો રજુ કરવા, અત્રેની કોર્ટમાં નોટીસ જાહેર થયાના દિવસ-૧૫ માં અચુક હાજર રહેવુ. અન્યથા સદરહુ અરજીના સંદર્ભમાં યોગ્ય તે હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ :૧૭ /૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સીકકો

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
સુરેન્દ્રનગર (શહેર)


**દુ:ખદ અવસાન/ બેસણું**
**ધોરાજી/ રાજકોટ**





**સ્વ. હસમુખભાઈ પ્રેમજીભાઈ ઠેસીયા**
**સ્વ.તા. ૧૨.૧૧.૨૦૨૫, બુધવાર (ધોરાજી)**

સ્વ. હસમુખભાઈ પ્રેમજીભાઈ ઠેસીયા નું તારીખ ૧૨.૧૧.૨૦૨૫ ને બુધવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**:: સદ્ગતનું બેસણું (ધોરાજી) ::**
તા. ૧૫.૧૧.૨૦૨૫ને શનિવારના રોજ
સમય : સાંજે ૪ થી ૬ કલાકે, સ્થળ : શ્રી લેઉઆ પટેલ સમાજ (વિભાગ-૨), જમનાવડ રોડ, ધોરાજી ખાતે રાખેલ છે.

**:: સદ્ગતનું બેસણું (રાજકોટ) ::**
તા. ૧૭.૧૧.૨૦૨૫ને સોમવારના રોજ, સમય : સાંજે ૪ થી ૬ કલાકે,
સ્થળ : અમારા નિવાસ સ્થાન, ફોર્ચ્યુન વેલેન્સીયાની બાજુના પ્લોટમાં, સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે, સરાજા બેકરી પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**લી.**
દિપકભાઈ હસમુખભાઈ ઠેસીયા - મો.૯૮૨૫૨ ૨૧૮૯૧
વિપુલભાઈ હસમુખભાઈ ઠેસીયા - મો. ૯૮૯૮૨ ૯૦૮૪૯

# સોમનાથ મંદિરના પે એન્ડ પાર્કિંગમાં તસ્કરોનો પડાવ: ચોરીના બે બનાવ

## બસમાંથી ડ્રાઈવરનો મોબાઈલ-રોકડ ઉઠાવી ગઠીયો ફરાર

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

સોમનાથ ટ્રસ્ટ સંચાલીત પે એન્ડ પાકિંગ ઝોનમાં અવાર નવાર નાની મોટી ચોરીઓ થતી રહી છે.

જેમાં તારીખ ૨-૧૧-૨૫ ના રોજ ખાનગી ટ્રાવેલ્સની એક બસનો ડ્રાઈવર બસની બેડ ઉપર તેનું પાકીટ, મોબાઈલ, જરુરી કાગળો રૂપિયા ૪૫૦૦ ના રકમ સાથેની વસ્તુઓની ચોરી થવા પામી છે જે અંગે તેને પોલીસમા જાણ કરેલ છે જેથી પોલીસે રાબેતા મુજબ અરજી લઈ સંતોષ માનેલ છે. એવી જ રીતે પાકિંગમાં આવેલ શીતલ આઈસ્કીમ પાર્લરમાંથી સળયા વગરની કાચની બારી તોડી તસ્કરે રૂ. ૯૦ હજારની ચોરી કરેલ છે. જે અંગેની પણ પ્રભાસ પાટણ પોલીસે અરજી લઈ સંતોષ માનેલ છે. સોમનાથ ટ્રસ્ટના પાકિંગમાં અવાર નવાર ચોરીઓ થતી જ રહે છે. ત્યાં રાખેલો સ્ટાફ માત્ર કોઈ વાહન ચાર્જ વગર ન છુટકે કે પ્રવેશે તેની જ દેખરેખ રાખે છે. પાકિંગમા અજાણ્યા મોટરના કાચ સાફ કરનારા પાર્કીંગના ચારે બાજુના દરવાજા ખુલ્લા કમ્પાઉન્ડ વોલ ઠેકી આવતા લોકો ફાલતું પડયા પાર્થયા લોકો કોઈ રોકટોક પેટ્રોલીંગ જેવું કંઈ છે જ નહી સીકયુરીટી માત્ર દરવાજે ખુરશીઓ ઢાળી સાથી કર્મચારીઓ સાથે વાતચીતો કે મોબાઈલ વાતોમાં વ્યસ્ત હોય છે. પણ તોતીંગ ફી ભરી વાહન પાર્ક કરનારની સુરક્ષા દેખરેખ રખાતી નથી.

# ધ્રોલ: ખેંગારકામાં જંગલી જાનવરનો હુમલામાં માલધારીના ૨૨ ઘેટાંના મોત

## માલધારીના વાડીમા મારણની ઘટના અંગે પોલીસને જાણ કરાઈ

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ તાલુકાના ખેંગારકા ગામ નજીક એક દુઃખદ ઘટના સામે આવી છે, જ્યાં ગત મોડી રાત્રે જંગલી જાનવરે માલધારીના વાડામાં ઘૂસી જઈ ૨૨ જેટલા ઘેટાંનું મારણ કર્યું હતું. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે.

ખેંગારકા ગામ નજીક રહેતા માલધારી ભીખાભાઈ દેવાભાઈ ઠુંગાના વાડામાં રાત્રિના સમયે અચાનક કોઈ જંગલી જાનવર આવી ચડીયા હતા. આ જાનવરે વાડામાં ઘેટાં પર હુમલો કરી દીધો હતો, જેના પરિણામે ૨૨ ઘેટાંના કરૂણ મોત નીપજ્યાં હતાં.

સવારના સમયે આ ઘટનાની જાણ થતાં માલધારી પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. મોટી સંખ્યામાં પશુધન ગુમાવતા માલધારીને ભારે નુકસાન થયું છે.

ઘટનાની ગંભીરતા જોતા આગેવાનો એ તાત્કાલિક ધ્રોલ પોલીસ સ્ટેશનને આ અંગેની જાણ કરવામાં આવી હતી.

# ઈડરના સિંગા ગામના તળાવમાંથી મૃતદેહ મળી આવતા ચકચાર

## પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ: મૃતદેહને પી.એમ અર્થે ખસેડવામાં આવ્યો

**અબતક સંજય દિક્ષીત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના સિંગા ગામના તળાવમાંથી એક શખ્સનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ હતી આ અંગે મળતી માહિતી મુજબ જ્યારે તળાવ પાસેથી પસાર થતા કેટલાક રાહદારીઓને એક શખ્સનો મૃતદેહ તરતો જોવા મળતા તેમણે તરતજ ગામના સરપંચને જાણ કરી હતી જ્યારે સરપંચે તાત્કાલિક જાદર પોલીસ મથકમાં જાણ કરતા પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ઈડર ફાયર વિભાગની ટીમને પણ જાણ કરાઈ હતી જે બાદ કોલ મળતા જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને તળાવમાંથી અજાણ્યા શખ્સનો મૃતદેહ બહાર કાઢ્યો હતો

અજાણ્યા શખ્સ મામલે તપાસ કરતા મૃતકની ઓળખ એકલારા ગામના આશરે ૪૦ વર્ષીય બળવંત મેખાભાઈ નાઈ તરીકે થઈ હતી પોલીસે મૃતદેહને પી.એમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો હતો જોકે જાદર પોલીસે હાલતો અકસ્માતે મોતનો અકસ્માત ગુનો (એ.ડી) નોંધી આ આ મામલે વધુ તપાસ હાથ ધરી છે યુવકના મોતનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

# વેરાવળમાં સ્પાની આડમાં ચાલતું કુટણખાનું ઝડપાયું

## બ્યુટી થેરાપી અને મસાજના નામે દેહવ્યાપારના ધંધો ચાલતો હતો: બે શખ્સોની ધરપકડ

**અબતક રામસિંહ મોરી સુત્રાપાડા**

વેરાવળ- સોમનાથ બાયપાસ પર આવેલા 'ધ હેવન ફેમિલી સ્પા ' માં બ્યુટી થેરાપી અને મસાજના નામે દેહ વ્યાપારનનો ગોરખ ધંધા કરતા બે શખ્સોને ગીર સોમનાથ એસ ઓ જી ની ટીમે ઝડપી લીધા છે. બનાવવાની પ્રાપ્ત વિગત મુજબ ગીર સોમનાથ એસ ઓ જી ની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમીમળી હતી કે, સોમનાથ બાયપાસ પર આવેલા' ધ હેવન ફેમિલી સ્પા' માં બ્યુટી



થેરાપી અને મસાજની આડમાં કુટણખાનુ ચાલી રહ્યું છે અહી બહારથી યુવતીઓને પૈસા આપી દેહવ્યપાર કરવામાં આવી રહ્યો છે. પોલીસે વોચ ગોઠવી દરોડો પાડતા બે યુવતીઓ મળી આવી હતી અને બ્યુટી થેરાપી તથા મસાજ ના નામે અને અનૈતિક પ્રવૃત્તિ ચલી રહી હતી. એસ ઓ જીની ટીમે વેરાવળ ગોવિંદપરામાં રહેતો મુખતાર નૂર મહંમદ સુમરા અને સાહિલ હનીફ ભાઈ ચૌહાણ ની ધરપકડ કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# બગસરા: ભાજપ - સહકાર પરિવારના સ્નેહમિલનમાં સ્વદેશી આત્મનિર્ભર ભારતના લેવાયા સામુહિક સંકલ્પ

## માર્કેટીંગ યાર્ડ જુના વાધણીયા જીલ્લા પંચાયત બેઠકના આગેવાનો સહિત કાર્યકો રહ્યા હાજર

**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરાના ભાજપ અને સહકાર પરિવારના સ્નેહમિલનમાં સ્વદેશી અને આત્મ નિર્ભર મિશન અભિયાનને વ્યાપક બનાવવા સામુહિક સંકલ્પ લેવાયા હતા.



બગસરા માર્કેટીં યાર્ડ ખાતે બગસરા તાલુકા ભાજપ તેમજ સહકાર પરિવાર દ્વારા હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી અભિયાનનું શુભારંભ ધારી-બગસરા વિધાનસભા ધારાસભ્ય જે.વી. કાકડિયા તેમજ આજના કાર્યક્રમના વક્તા ગુજરાત પ્રદેશ કિસાન મોર્ચા મહામંત્રી હિરેનભાઈ હિરપરા તેમજ દિવ્યેશભાઈ વેકરીયા તેમજ મનોજભાઈ મહિડા તેમજ બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર પ્રકાશભાઈ પરમાર, દેવરાજભાઈ રાંક માર્કેટિંગ યાર્ડ ચેરમેન કાંતિભાઈ વેકરીયા ઘનશ્યામભાઈ હિરપરા ધીરૂભાઈ માયાણી એ.વી. રીબડીયા તાલુકા પંચાયત બાબુભાઈ બકરાણીયા હસમુખભાઈ બાબરીયા શહેર ભાજપ પૂર્વ પ્રમુખ ધીરૂભાઈ કોટડીયા તેમજ અનિલભાઈ વેકરીયા તેમજ માર્કેટિંગ યાર્ડ તમામ ડિરેક્ટર ઓ તેમજ બગસરા તાલુકા સેવા સહકારી મંડળીના તમામ પ્રમુખઓ તેમજ બગસરા તાલુકા ના સરપંચ ઓ તેમજ બગસરા તાલુકા ભારતીય જનતા પાર્ટીના કાર્યકરતા વિશેષ ઉપસ્થિતીમાં કરવામાં આવ્યો, જેમાં હાજરી આપી.

આ ત કે સ્વદેશી ઉત્પાદનોના પ્રોત્સાહન અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને આગળ વધારવા સૌને આહ્વાન કર્યુ

# બગસરા: એસ.ટી. ના બંધ રૂટ ચાલુ કરવાની બાહેંધરી મળતા આજનું ગામ બંધનું એલાન 'મુલતવી'

## બંધના એલાનના પગલે ધારાસભ્ય જેવી કાકડીયાની દરમિયાન ગીરીથી પ્રશ્ન ઉકેલાયો

અબતક, સમીર વિરાણી, બગસરા

બગસરા એસ.ટી.ડેપોના કથળેલા વહીવટને કારણે દરરોજ ૧૫ થી ૨૦ રૂટ બંધ રહેતા હોવાથી શહેરીજનો અને ગ્રામજનોમાં રોષ ફેલાયો હતો જેથી લોકોની મુશ્કેલી ધ્યાને લઈ ચેમ્બર ઓફ કોમર્સ અને પેસેન્જર એસો.એ શનિવારના રોજ બગસરા બંધનું એલાન આપ્યુ હતુ. આ બંધના એલાનને સરપંચ એસોસિઅન એ પણ સાથ આપ્યો હતો.જા કે એલાન બાદ એસ.ટી.તંત્ર સફાળુ જાગી ધારાસભ્યની હાજરીમાં બંધ થયેલા રૂટ ચાલુ કરવા માટે લેખીતમાં બાહેધરી આપતા શનિવારે આપવામાં આવેલુ બંધનું એલાન પરત ખેંચવામાં આવ્યુ છે. બગસરા એસ.ટી.ડેપોનો વહીવટ છેલ્લાં સમયથી ખાડે ગયો હતો. લોકોની નવા રૂટ શરૂ કરવાની માંગ તો દૂર રહી પરંતુ ચાલુ રૂટ પણ બંધ કરી નાખવામાં આવ્યા હતા. તેથી શનિવારે બગસરા બંધનું એલાન આપવામાં આવ્યુ હતુ. એલાન બાદ ધારાસભ્ય જે.વી.કાકડીયા તાત્કાલિક દોડી આવ્યા હતા અને સામાજિક સંસ્થાઓ સાથે બેઠક યોજી હતી અને બંધ થયેલા એસ.ટી.રૂટ ચાલુ કરવાની લેખીતમાં તેમજ ડિસેમ્બરમાં નવા ડ્રાઈવર આવશે ત્યારે બંધ થયેલા તમામ રૂટ શરૂ કરવાની બાહેધરી આપી હતી. સાથોસાથ આવનારા સમયમાં બગસરા-વડોદરા-પાવાગઢ, માતાના મઢ, ગાંધીનગર, દ્વારકા, નાથદ્વારા જેવા નવા રૂટની બસ ચાલુ કરવાની પણ ખાતરી આપવામાં આવી હતી.

### ડેપો મેનજરની બદલી કરવા ધારાસભ્ય સમક્ષ રજૂઆત

બગસરા એસ.ટી.ડેપોમાં છેલ્લાં ઘણા સમયથી વહીવટ કથળ્યો હોવાથી સામાજિક સંસ્થાઓ આકરાપાણીએ હોવાથી ધારાસભ્ય જે.વી.કાકડીયાને તાત્કાલિક ગાંધીનગરથી દોડી આવ્યા હતા અને મામલતદારની હાજરીમાં સામાજિક સંસ્થાઓ સાથે બેઠક યોજી રૂટ ચાલુ કરવાની બાહેધરી આપી હતી પરંતુ બગસરામાં પ્રથમવાર ડેપો મેનેજરની બદલી કરવા માટે સંસ્થાઓ દ્વારા ધારાસભ્યને ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી અને ધારાસભ્યએ સંસ્થાઓની હાજરીમાં જ કોઈ કડક અધિકારીની બગસરા ડેપોમાં નિમણૂંક કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી.

(પહેલા પાનાનું ચાલું)

### બિહાર...

ઉદાહરણોમાંની એક રજૂ કરે છે. પુરુષો કરતાં લગભગ નવ ટકા વધુ મતદાન સાથે, મહિલાઓએ સ્પષ્ટપણે જનાદેશની દિશાને પ્રભાવિત કરી.

૨૦૨૫ની ચૂંટણી પર ધૂળ જામી રહી હોવાથી, એક વાત ચોક્કસ છે: બિહારની મહિલાઓ હવે મૂક પ્રેક્ષક નથી. તેઓ સક્રિય, પ્રભાવશાળી અને પ્રથમ વખત રાજ્યના રાજકીય ભાગ્યને આકાર આપવામાં નિર્ણાયક છે.

દરેક ચૂંટણી બાદ ભાજપને જીત મળે કે હાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી હમેંશા કાર્યકરોને સંબોધતા હોય છે. બિહાર વિધાનસભાની ચુંટણીમાં એનડીએ ગઠબંધનની શાનદાર જીત બાદ શુક્રવારે રાતે દિલ્હીમાં ભાજપ કાર્યાલય ખાતે કાર્યકરોને સંબોધન કર્યુ હતું. ભાજપની જીતના કારણો સાથે વિપક્ષને જનતાએ શા માટે બિહારની જનતાએ જાકારો આપ્યા તેના કારણો રજુ કર્યા હતા. બિહારમાં હવે કયારેય જંગલરાજ નહી આવે તેવો હુંકાર કર્યો હતો. બિહારની જનતાએ વિકાસની રાજનીતિ પર વિશ્વાસ વ્યકત કર્યા હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસને આડે હાથે લેતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ હવે પર જીવી બની ગઈ છે. કોંગ્રેસ એમએમસી એટલે કે મુસ્લિમ માઓવાદી લીગ કોંગ્રેસ બની ગઈ છે. રાહુલને નામદાર તરીકે સંબોધ્યા હતા સાથો સાથ એવો પણ ઉલ્લેખ કર્યા હતો કે અને અમે પ્રજાના દિલ ચોર્યા છે. કોંગ્રેસ તો ડુબી રહી છે પરંતુ સાથી પક્ષોને પણ ખતમ કરી રહી છે. સાથે પક્ષોને કોંગ્રેસનો સાથ છોડી દેવાની સલાહ આપી હતી.

બિહારમાં એનડીએની જીત માટે સૌથી વધુ મહત્વપૂર્ણ પાસુ જો કોઈ હોય તે મહિલા મતદારો રહ્યા હોવાનું મનાય રહ્યું છે. પુરૂષોની સરખામણીએ મહિલાઓએ વધુ મતદાન કર્યુ હતું. પુરૂષો જો ૬૬ ટકા મતદાન કર્યુ હતું. જેની સામે મહિલાઓના મતદાનની ટકાવારી ૭૨ ટકા રહેવા પામી હતી.

મહિલાઓને ડબલ એન્જિન સરકાર પર વધુ વિશ્વાસ વ્યકત કર્યા હોવાનું સ્પષ્ટ લાગી રહ્યું છે. બિહારના વિકાસને વધુ વેગવાન બનાવવાનું વચન નરેન્દ્રભાઈ આપ્યું હતું. સાથે સાથે વિશ્વભરના રોકાણકારોને બિહારમાં મૂડી રોકાણ કરવા માટે આમંત્રણ આપ્યું હતું. કાર્યકરોનો ઉત્સાહ વધારતા તેઓએ જણાવ્યું હતું કે, બિહારની જીતે બંગાળની જીતનો રસ્તો સાફ કરી દીધો છે. બંગાળમાંથી પણ જંગલરાજને ઉખેડી ફેંકવાનું તેઓએ વચન આપ્યું છે.

### જન જાતિય ગૌરવ દિવસ...

કિ.મી બ્રિજ સાથે) પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ.

સમગ્ર આદિજાતિ વિસ્તારોમાં પીએમ-જનમન અને ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અંતર્ગત ૦૧ લાખ પાકા આવાસો, ૧૦ હજાર ઘરોમાં નળ કનેક્શન, ૨૨૮ મલ્ટી પર્પઝ સેન્ટર્સ, ૪૨ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ, દિબ્રૂગઢ ખાતે આસામ મેડિકલ કોલેજમાં ૧ સેન્ટર ઓફ કમ્પિટન્સ અને મણિપુરમાં ઈમ્ફાલ ખાતે ટ્રાઈબલ રિસર્સ ઈન્સ્ટિટ્યૂટ માટે વહીવટી કમ તાલીમ બિલ્ડિંગ બન્યા છે.

ગુજરાતમાં જનજાતીય ગૌરવ વર્ષની ઉજવણીના ભાગરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં જનજાતીય ગૌરવ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં આયોજિત આ રથયાત્રા બે રૂટમાં (ઉમરગામથી એકતાનગર અને અંબાજીથી એકતાનગર) શરૂ થઈ છે, જેનું સમાપન ૧૩ નવેમ્બર ૨૦૨૫ના રોજ એકતાનગર ખાતે કરવામાં આવ્યું. અત્યાર સુધી આ રથયાત્રામાં ૭ લાખથી વધુ લોકો અલગ અલગ કાર્યક્રમોમાં સામેલ થયા છે. કાર્યક્રમ દરમિયાન ૨૮૨ આરોગ્ય શિબિર, ૬૩ સેવાસેતુ કાર્યક્રમ તેમજ સફાઈ કાર્યક્રમ, શાળા-કોલેજોમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આદિજાતિ જિલ્લાઓ સિવાય રાજ્યના ૨૦ અન્ય જિલ્લાઓમાં પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને લોકોમાં ધરતી આબા ભગવાન બિરસા મુંડાના જીવન અને તેમના યોગદાન વિશે જાગરૂકતા લાવવામાં આવી રહી છે.

### ધો.૯ ટેસ્ટ...

વિદ્યાર્થીઓને ઓળખવા અને તેમને પ્રોત્સાહન આપવાનો છે. અગાઉની ટીએસટી ૩૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ યોજાઈ હતી.

પાછલી ટીએસટીમાં કુલ ૧.૦૩ લાખ વિદ્યાર્થીઓએ ૪,૧૧૬ શાળાઓમાંથી નોંધણી કરાવી હતી, જેમાંથી ૮૮,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. રાજ્યમાં ૧૬૯ કેન્દ્રો અને ૩૯૧ ઈમારતોમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌથી વધુ ભાગીદારી સુરત જિલ્લાની હતી, ત્યારબાદ અમદાવાદ શહેરી અને ગ્રામીણ વિસ્તારોનો ક્રમ આવે છે.

પાના નં. ૧૦નું ચાલુ

### ચેન્નઈને બાય...બાય...

જ્યારે ચેન્નાઈને સંજુ સેમસન જેવા નવા ચહેરા મળશે. રવિ શાસ્ત્રીના શબ્દોમાં, જાડેજા હંમેશા તેમના રમત પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ ઘટના ક્રિકેટ પ્રેમીઓ માટે એક નવા અધ્યાયની શરૂઆત છે, આજે રીટેન્શન લિસ્ટ જાહેર થતાં વધુ સ્પષ્ટ થશે.

### સૂર્યવંશીનો ''વૈભવ''...

વૈભવ સૂર્યવંશીએ સૌથી વધુ છગ્ગા (૧૫) ફટકાર્યા, જ્યારે જીતેશ શર્માએ પણ ૬ છગ્ગા સાથે લાઈમલાઈટ લૂંટી લીધા. બોલિંગમાં, ગુર્જપનીત સિંહે સૌથી વધુ વિકેટ લીધી.

સૂર્યવંશી આ વર્ષે આઈપીએલમાં સદી ફટકારનાર સૌથી નાની ઉંમરનો ક્રિકેટર બન્યો હતો. ૧૪ વર્ષ અને ૩૨ દિવસની ઉંમરે, તેણે માત્ર ૩૫ બોલમાં આઈપીએલ સદી ફટકારી. આ ઈન્ડિયન પ્રીમિયર લીગના ઈતિહાસમાં બીજી સૌથી ઝડપી સદી પણ હતી.

### મોરબીના સિરામિક ઉદ્યોગ...

તરફેણમાં નિર્ણય જાહેર કરી આ ટેસ્ટ રિજેક્ટ કર્યો હતો.

આ બેઠકમાં પણ ચાઈના દ્વારા સ્લેબ ટાઈલ્સ માટે બીજું સ્ટાન્ડર્ડ ફ્લક્ચર સ્ટ્રેન્થ ઓફ ગ્લેઝ લાવવા માટે મરણિયા પ્રયાસો કરવામાં આવ્યા હતા. પરંતુ ભારતના ડેલિગેશન સાથે અન્ય દેશોએ વિરોધ નોંધાવતા ચાઈનાની કુટનિતીનો ફિયાસ્કો થયો હતો અને તેનુ છેતરામણી ભર્યુ સ્ટાન્ડર્ડ કેન્સલ થયુ હતુ. આમ આ વર્ષે પણ ચાઈનાને લપડાક લાગી હતી.

આ ટેસ્ટ આવવાથી મોરબીના જીવીટી બનાવતા એકમોને ઘણી નુકસાની થાય તેમ હતું. કારણ કે આ ટેસ્ટ મુજબની ગુણવતા માટેની ટાઈલ્સ બનાવવા માટે ભારતમાં આ સ્ટાન્ડર્ડ માટેનુ રો-મટીરિયલ્સ ઉપલબ્ધ નથી. જો આ ટેસ્ટ આંતરરાષ્ટ્રિય સ્ટાન્ડર્ડમાં આવે તો આ મુજબની ગુણવતાવાળી ટાઈલ્સ બનાવવા માટે ભારતે રો-મટીરીયલ્સ માટે બીજા દેશો ઉપર આધારીત રહેવુ પડે. આ સ્ટાન્ડર્ડ પ્રાપ્ત કરવા માટે રો-મટિરિયલ્સ ઈમ્પોર્ટ કરવુ પડે અને પડતર કિંમત ઉંચી આવતા વૈશ્વિક માર્કેટમાં મોરબીના સિરામિક ઉદ્યોગ ટકી શકે નહી. આ બાબત ચાઈના સારી રીતે જાણતુ હોય પોતાની અનુકૂળતા મુજબ ISO સ્ટાન્ડર્ડ પાસ કરાવી મોરબી સિરામિક ઉદ્યોગને આંતરરાષ્ટ્રીય માર્કેટ માંથી ખતમ કરવા ઈચ્છતું હતું. પરંતુ આ તકે ચાઈનાની મેલી મુરાદને સમયે પારખીને ભારતીય ડેલિગેશને બિન જરૂરી ટેસ્ટ-મેથડનો વિરોધ કર્યો હતો.

આ રીતના સ્ટાન્ડર્ડ ભવિષ્યમાં અમલના થાય તેના માટે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ-દિલ્હી હર હમંશા સતર્ક રહે છે અને મોરબી સિરામિક ઉદ્યોગોને જરૂરી માર્ગદર્શન આપે છે. દર વર્ષ યોજાતી ISOની મીટીંગમાં ભારત સરકાર - BIS - દિલ્હી જરૂરી માહીતી મોરબી સિરામિક ઉદ્યોગને આપી ચાઈનાથી સચેત રહેવા જરુરી માર્ગદર્શન પુરુ પાડે છે. ઉપરાંત મોરબી સિરામિક એસોસિએશન સાથે સમયાંતરે મીટીંગ યોજી ઉદ્યોગોને પ્રોત્સાહન આપી બળ પુરૂ પાડે છે. તેમ સિરામિક એસો.પ્રમુખે જણાવાયું હતું.

### ગોંડલ રેલ્વે સ્ટેશન...

સાંસદ રામભાઈ મોકરીયા, પુનમબેન માંડવીયા, ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા, મહેન્દ્રભાઈ પાડલીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા નું ગોંડલ ભાજપ પ્રમુખ સમીરભાઈ કોટડીયા,પાલીકા પ્રમુખ અશ્વિનભાઈ રૈયાણી, વૈભવભાઈ ગણાત્રા,કારોબારી અધ્યક્ષ ક્રિપાલસિંહ જાડેજા,અશોકભાઈ પીપળીયા, જેકીભાઈ પરમાર સહિત આગેવાનોએ ફુલહાર કરી શુભેચ્છાઓ પાઠવી સ્વાગત કર્યુ હતુ.

સ્થાનિક આગેવાનોએ બે ટ્રેન ફાળવવા બદલ કેન્દ્રીયમંત્રી સહીત નો આભાર વ્યક્ત કર્યો હતો.

### રેલવે સ્ટેશને સ્વાગત...

વધુ રેલવે ટ્રેનો ચાલુ કરવા ભાર પૂર્વક રજૂઆત કરતા આખરે ગઈકાલે આ પ્રશ્નનો અંત આવ્યો હતો. જેમાં રાજકોટથી પોરબંદર માટે બે નવી ટ્રેનો ગઈકાલે શુભ આરંભ કરાયો હતો. આ ટ્રેનમાં ખુદ કેન્દ્રીય મંત્રી ડો.મનસુખભાઈ માંડવીયા, પ્રવાસ કરતા ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ગઈકાલે નવી શરૂ થયેલી ટ્રેન ઉપલેટા રેલવે સ્ટેશને બપોરે આવી પહોચતા ઉપલેટા ચેમ્બર ઓફ કોમર્સ, રાજકોટ શહેર જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ ઉપલેટા-ઉપલેટા કટલેરી બજાર એસો. ઉપલેટા તાલુકા પત્રકાર સંઘ, માનવ સેવા ટ્રસ્ટ, ક્રિશ્ના ગ્રુપ, અનાજ કિરાણા એશો. ભારત વિકાસ પરીષદ, સર્વોદય ટ્રસ્ટ વિવિધ સમાજ સહિત ૨૫ જેટલી સામાજીક સંસ્થાના હોદેદારો ઉપલેટાના ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાની આગેવાનીમાં કેન્દ્રીય મંત્રી ડો.મનસુખભાઈ માંડવીયા ફુલહાર કરી શાલ ઓઢાડી મીઠામોઢા કરાવી સ્વાગત કરી આભાર વ્યકત કર્યો હતો.

આ તકે જિલ્લા બેંકના ડિરેકટર હરિભાઈ ઠુમર, નરસિંહભાઈ મુંગલપરા, પાલીકાના ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, સ્કુલ બોર્ડના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા, બાંધકામ સમિતિના ચેરમેન મનોજભાઈ નંદાણીયા, વિનુભાઈ ઘેરવડા, નાથાભાઈ ચંદ્રવાડીયા, ભરતભાઈ રાણપરીયા, કે.ડી.સિણોજીયા, રાજશીભાઈ હુબલ સહિત ભાજપના આગેવાનો હોદેદારો વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા એ ટ્રેનમાં ડો.મનસુખભાઈ માંડવીયા, સાથે રાજય મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયા સાંસદ પુનમબેન માડમ, ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા, ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, જિલ્લા ભાજપના પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રી રવિભાઈ માકડીયા સહિત હોદેદારો પ્રવાસમાં જોડાયા હતા.

(છેલ્લા પાનાનું ચાલુ)

### નાગેશ્વર...

સહિતના અધિકારીઓ પણ દોડી ગયા હતા.

સમગ્રની ઘટનાની પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ શહેરના જામનગર રોડ પર નાગેશ્વર વિસ્તારમાં જૈન મંદિર સામે સમેત શિખર એપાર્ટમેન્ટમાં રહેતા તૃષાબેન લાલજીભાઈ પઢીયાર (ઉ.વ.૩૯) આજે સવારે આશરે પોણા નવ વાગે સમેત શિખર બિલ્ડીંગના પાર્કિંગમાં હાજર હતા ત્યારે સમેત શિખર બિલ્ડીંગની તદ્દન સામે તીર્થ એપાર્ટમેન્ટમાં રહેતા પતિ લાલજીભાઈ પઢીયાર ધસી આવ્યા હતા અને રિવોલ્વર વડે બે રાઉન્ડ ફાયર કરતા તૃષાબેનને માથા અને ગળાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેઓ ત્યાં જ ઢળી પડ્યા હતા. જે બાદ પતિ લાલજીભાઈ પઢીયારે પણ ગોળી ધરબી આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી હતી. ફાયરીંગની ઘટનાને પગલે સ્થાનિકો એકત્રિત થઈ ગયા હતા અને ગંભીર રીતે ઘવાયેલ પરિણીતાને સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડી હતી. જ્યારે પતિ લાલજીભાઈ પઢીયારનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

સમગ્ર ચકચારી ઘટના અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર તૃષાબેન પઢીયાર છેલ્લા દોઢેક માસથી પતિ લાલજીભાઈ પઢીયારથી અળગા તેમની બહેનપણી પુજાબેન સાથે સમેત શિખર એપાર્ટમેન્ટમાં રહેતા હતા. બંને વચ્ચે છેલ્લા લાંબા સમયથી ગૃહકંકાસ ચાલતો હોય પતિ-પત્નીમાં સતત અણબનાવ બની રહ્યા હતા ત્યારે આજે સવારે આશરે પોણા નવ વાગે તૃષાબેન અને તેમના બહેનપણી પુજાબેન એમ બંને જીમમાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે સમેત શિખર એપાર્ટમેન્ટના પાર્કિંગમાં હાજર પતિ લાલજીભાઈ પઢીયારે ફાયરીંગ કરતા કરૂણ બનાવ બનવા પામ્યો હતો. દંપતિના ૧૮ વર્ષના લગ્નજીવનમાંથી સંતાનમાં એક પુત્ર હોવાનું જાણવા મળી રહ્યું છે.

ઘટનાની જાણ થતા ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ, એસીપી રાધિકા ભારાઈ અને ગાંધીગ્રામ પીઆઈ એસ.આર.મેઘાણી સહિતના અધિકારીઓ બનાવ સ્થળે દોડી ગયા હતા અને લાલજીભાઈ પઢીયારના મૃત્તદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા.

### ભાભીનાં અનૈતિક સંબંધ...

અને માથાકૂટ ચાલું રાખી હતી. જેથી આ બનાવ બન્યો હતો.ઉપરાંત બહેને આક્રોશ સાથે જણાવ્યું હતું કે, તેની ભાભી તૃષાનું સારવારમાં મોત નહીંથાય તો હું તેને મારી નાંખીશ તેમજ તેમના ભાઈની હત્યા કરવામાં આવી છે. સરકાર પાસે તેના ભાઈને ન્યાય અપાવવા માંગણી કરી છે.

### વીજ વપરાશ...

પોર્ટલ ઉપરથી મળી રહેશે.

ડેટા ડ્રિવિન ફોરકાસ્ટ કરવા માટે ઊર્જા સંવર્ધનમ ચાવીરૂપ સાબિત થશે. ક્યાં વિસ્તારમાં કેટલા વીજ વપરાશ થશે ? તે સંગ્રહિત માહિતીના આધારે કહી શકાશે અને તે મુજબ નવા સબ સ્ટેશનો નાંખવા, નવી લાઈનો નાખવા સહિતની કામગીરીનું આયોજન કરી શકાશે. ભવિષ્યમાં ઊર્જા ઉત્પાદનને પણ આ પોર્ટલ સાથે સાંકળવામાં આવશે. જેથી નવા સ્રોત, વિતરણ વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવી શકાશે.

## દુ:ખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** અ.સૌ. મધુબેન પ્રભુદાસભાઈ રાજવીર તે પ્રભુદાસ મોનજીભાઈ રાજવીરના (બાલમુકુંદ ટ્રેડર્સ માકેટીંગ યાર્ડ)ના પત્ની, ગોપાલભાઈ, ગોવિંદભાઈ, જસ્મીનભાઈના માતા, હરેશભાઈ મનહરલાલ રાજા, કેતનભાઈ મનહરલાલ રાજાના બહેનનું રાજકોટ ખાતે અવસાન થયેલ છે. તેમનું બેસણું તથા પિયર પક્ષની સાદડી તા. ૧૭ ને સોમવારે સાંજે ૪ થી ૬ કલાકે રાષ્ટ્રીય શાળા વિદ્યાનગર મેઈન રોડ રાજકોટ ખાતે રાખેલ છે.


**રાજકોટ:** સ્વ. ચંદ્રીકાબેન (ઉ.વ.૭૩) તે સ્વ. વસંતલાલ કેશવલાલ વસાણીના પત્ની તે નિલેશભાઈ, દિપકભાઈના માતા, સ્વ. નાથાલાલ મગનલાલ ઉનડકટના પુત્રી, નરેન્દ્રભાઈ, સ્વ. અશોકભાઈ, કિશોરભાઈ, નીતીનભાઈના બહેનનું તા. ૧૪ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા. ૧૫ ને શનિવારના રોજ આશાપુરા મંદિર, હુડકો બસ સ્ટોપ પાછળ, કોઠારીયા રોડ ખાતે સાંજે ૪ થી ૫ દરમિયાન રાખેલ છે. પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**ખીરસરા:** ખીરસરા (રણમલજી) નિવાસી જયદિપભાઈ કનુભાઈ ભટ્ટી કિશનભાઈ કનુભાઈ ભટ્ટી, સોનલબેન ચેતમકુમાર પાડલીયા ના માતા, સ્વ. વાણંદ લતાબેન કનુભાઈ ભટ્ટી (ઉ.વ.૫૩) નુ તા.૧૪/૧૧ ના રોજ અવસાન થયેલ છે જેમનું બેસણું તા.૧૭/૧૧ને સોમવાર ના રોજ સાંજે ૪ થી ૬ તેમના નિવાસસ્થાને રાખેલ છે

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# કેન્સરની ગાંઠ અને સ્ટ્રોકની સારવાર ટચુકડા રોબોટ કરશે!!

## દર વર્ષે વિશ્વભરમાં ૧૨ મિલિયન લોકોને સ્ટ્રોક થાય છે અને તે મૃત્યુ અને અપંગતાનું મુખ્ય કારણ છે



**અબતક**

અત્યાર સુધી તમે રોબોટને ચા બનાવતા, વાત કરતા અને કોઈ બીજી એક્ટિવિટી કરતા જોયા હશે. પરંતુ એક એવો રોબોટ તૈયાર કરવામાં આવ્યો છે જે કેન્સરની ગાંઠ માટે સારવાર કરી શકે છે. વૈજ્ઞાનિક તેને જીવતો રોબોટ કે પછી લિવિંગ રોબોટની સંજ્ઞા પણ આપી રહ્યાં છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં દરરોજ નવી શોધ થતી હોય છે. વૈજ્ઞાનિકોએ એવા અત્યંત નાના રોબોટ્સ બનાવ્યા છે જે માનવ વાળ કરતાં પણ ઘણા નાના છે, અને તેઓ શરીરની અંદરના ચોક્કસ સ્થળોએ પહોંચી શકે છે. આ શોધ મેડિકલ સારવારની દુનિયામાં એક મોટી ક્રાંતિ લાવી શકે છે. નાના ચુંબકીય માઈક્રોરોબોટ્સની એક નવી પેઢીનો ખુલાસો થયો છે જે સ્ટ્રોકનું કારણ બનેલા ગંઠાવા અને ગાંઠના સ્થળોએ જીવન બચાવતી દવાઓ સીધી પહોંચાડવામાં સક્ષમ છે.

હાલની સ્ટ્રોક સારવારમાં લોહીના પ્રવાહમાં શકિતશાળી ગંઠાઈ જતી દવાઓનો સમાવેશ થાય છે. અસરકારક હોવા છતાં, આ દવાઓ વ્યાપકપણે ફરે છે. કેપ્સ્યુલમાં ગંઠાઈ જતી અથવા ગાંઠ સામે લડતી દવા લોડ કરી શકાય છે, જે ફક્ત ત્યારે જ મુક્ત થાય છે જ્યારે ડોકટરો તેને ચુંબકીય ક્ષેત્ર સાથે સક્રિય કરે છે. ચુંબકીય નેનોપાર્ટિકલ્સ તે ભાગમાં ગરમ થાય છે, અને ત્યાં રહેલા જેલને ઓગાળી દે છે અને જ્યાં જરૂર હોય ત્યાં દવાને બરાબર મુક્ત કરે છે.

તે મગજની અંદર નળીઓ જેવા સંવેદનશીલ અથવા પહોંચવા માટે મુશ્કેલ વિસ્તારોની સારવાર માટે પણ દરવાજા ખોલે છે. તબીબી પ્રક્રિયાઓ માટે યોગ્ય છે કારણ કે તે પેશીઓને નુકસાન પહોંચાડ્યા વિના શરીરમાં ઊંડે સુધી પ્રવેશ કરી શકે છે.

પ્રયોગશાળા અને મોડેલ-આધારિત પરીક્ષણોમાં, માઈક્રોરોબોટ્સ ૯૫ ટકાથી વધુ સફળતાપૂર્વક તેમના લક્ષ્ય સુધી પહોંચી ગયા છે. પરીક્ષણ માટે જે માનવ અને પ્રાણીઓની રક્ત વાહિનીઓનું અનુકરણ કરે છે. આ નિયંત્રિત વાતાવરણમાં, માઈક્રોરોબોટ કૃત્રિમ ગંઠાવાનું સફળતાપૂર્વક નેવિગેટ કરી અને ઓગાળી જાય છે. તેઓએ માઈક્રોરોબોટને ડુક્કરની અંદર અને ઘેટાંમાં જટિલ સેરેબ્રોસ્પાઈનલ( મગજનું કરોડરજ્જુ) પ્રવાહી માર્ગો દ્વારા પણ સફળતાપૂર્વક ચલાવવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટના રોબોટ અત્યંત પડકારજનક શરીરરચના વાતાવરણમાં કાર્ય કરી શકે છે.

આ ટેકનોલોજીનો ઉપયોગ ગાંઠો અથવા સ્થાનિક ચેપ સુધી સીધી દવાઓ પહોંચાડવા માટે થઈ શકે છે. રોગના સ્થળે ચોક્કસ દવા મૂકીને, ડોકટરો પ્રણાલીગત કીમોથેરાપી અથવા શક્તિશાળી એન્ટિબાયોટિક્સથી થતા નુકસાનને ઘટાડી શકે છે. તેમનો ઉદ્દેશ્ય આ માઈક્રોરોબોટ્સને ઓપરેટિંગ રૂમમાં ઉપયોગી બનાવવાનો છે, જે સર્જનો અને ઈન્ટરવેન્શનલ રેડિયોલોજિસ્ટ ( ઓપરેશન વગર નાની સોય અને મશીનથી સારવાર કરનાર ડોક્ટર) ને ન્યૂનતમ આક્રમક સારવાર માટે એક નવું સાધન આપે છે.

દર વર્ષે વિશ્વભરમાં ૧૨ મિલિયન લોકોને સ્ટ્રોક થાય છે અને તે મૃત્યુ અને અપંગતાનું મુખ્ય કારણ છે. ખાસ કરીને મુશ્કેલ સ્થળોએ ગાંઠો, દવામાં સૌથી મોટા પડકારોમાંનો એક છે. એક સલામત અને સચોટ માઈક્રોરોબોટ જે દવાઓ સીધી જ્યાં જરૂર હોય ત્યાં પહોંચાડી શકે છે તેમાં અસંખ્ય જીવન બચાવવાની ક્ષમતા છે. ડોક્ટરો પહેલેથી જ હોસ્પિટલોમાં અદ્ભુત કાર્ય કરી રહ્યા છે. તે એ જ્ઞાન છે કે અમારી પાસે એક ટેકનોલોજી છે જે તેમની પાસે દર્દીઓને ઝડપી અને વધુ અસરકારક રીતે મદદ કરવા અને તેમને નવી આશા આપવા સક્ષમ બનાવે છે.

### શરીરની અંદર નાના રોબોટ્સ કેવી રીતે કામ કરે છે

નવો વિકસિત માઈક્રોરોબોટ એક નાનો ગોળાકાર કેપ્સ્યુલ છે જે દ્રાવ્ય જેલ શેલમાંથી બનેલો છે. કેપ્સ્યુલની અંદર લોખંડના ઓક્સાઈડ નેનોપાર્ટિકલ્સ છે જે ડોકટરોને બાહ્ય ચુંબકીય ક્ષેત્રોનો ઉપયોગ કરીને રક્ત વાહિનીઓ દ્વારા તેને ચલાવવાની મંજૂરી આપે છે, અને ટેન્ટેલમ નેનોપાર્ટિકલ્સ છે જે રોબોટને એક્સ-રે બતાવવામાં આવે છે. જે ત્રણ ચુંબકીય વ્યૂહરચનાઓ સાથે જોડાયેલી છે, જેમાં એક કેપ્સ્યુલને રક્ત વાહિનીઓની દિવાલો સાથે ૪ મિલીમીટર પ્રતિ સેકન્ડની અત્યંત નિયંત્રિત ગતિએ ફેરવે છે. આ સુવ્યવસ્થિત નિયંત્રણ રોબોટને ચોક્કસ લક્ષ્યો સુધી પહોંચવાની મંજૂરી આપે છે, જેમ કે થ્રોમ્બસ જે સ્ટ્રોક દરમિયાન મગજમાં રક્ત પ્રવાહને અવરોધે છે. માઈક્રોરોબોટ્સ ૯૫ ટકાથી વધુ સમય સફળતાપૂર્વક તેમના લક્ષ્ય સુધી પહોંચી ગયા.

# અમરેલી: રાજયમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે રૂ.૮૦ કરોડથી વધુના વિકાસ કામોનું ખાતમુહુર્ત - લોકાર્પણ

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**



અમરેલી ઊર્જા અને કાયદો રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે અમરેલી જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં અંદાજે કુલ રૂ. ૮૦ કરોડથી વધુના વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ સંપન્ન થયું હતું. અમરેલીના મોટી કુંકાવાવ અને અમરેલી તાલુકા અંતર્ગત આવતા વિસ્તારોમાં વિકાસકામોની હારમાળા સર્જાઈ હતી.

મુખ્યત્વે માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરાનાર કામગીરીઓમાં નીચેના વિકાસકામોનો સમાવેશ થાય છે. જેમાં અમરેલી-નાના આંકડિયા-ચિતલ રોડ: અંદાજે રૂ. ૪૧ કરોડના ખર્ચે આ રોડના વાઈડનીંગ (૭ મીટર પહોળો), સ્ટ્રેન્ધનીંગ અને સીસી રોડની કામગીરીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.તો ચિતલ-રાંઢિયા-લુણીધાર રોડ અંદાજે રૂ. ૩૬ કરોડના ખર્ચે આ માર્ગને પણ ૭ મીટર પહોળો કરીને નવો સી.સી. રોડ બનાવવાની કામગીરીનું ખાતમુહૂર્ત કરાયું. તેમજ અમરેલીના પીપળલગ ખાતે આ રોડ સ્ટ્રક્ચરના નવા વિકાસકામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. હતું અમરેલીના પ્રતાપપરા એપ્રોચ રોડના વિકાસકામનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. રાજયમંત્રીએ અમરેલી-નાના આંકડિયા-ચિતલ રોડ પર માઈનોર બ્રિજની કન્સ્ટ્રક્શન કામગીરીનું ખાતમુહૂર્ત કર્યું હતું. માર્ગ અને મકાન વિભાગ દ્વારા અંદાજે ₹૪.૫ કરોડના ખર્ચે આ માઈનોર બ્રિજની કામગીરીનો શુભારંભ કરવામાં આવશે. જિલ્લામાં વિકાસકામોની યાત્રા અવિરત શરૂ છે અને નાગરિકોને ઉત્તમ સુવિધાઓ પૂરી પાડવાની નેમ વ્યક્ત કરી હતી.




ચોમાસાની વિદાય બાદ હાલમાં શિયાળાએ દસ્તક દીધી છે ત્યારે ભાણવડ નજીકના બરડા ડુંગરમાં લીલાછમ સૌંદર્યની ચાદર અને લીલાછમ ડુંગરને સ્પર્શતા વાદળો સહિતના પ્રાકૃતિક સૌંદર્ય સોળે કળાએ ખિલતા ખૂબ જ મનમોહક લાગી રહ્યો છે. બહોળી સંખ્યામાં પ્રકૃતિ પ્રેમીઓ બરડા ડુંગરની મુલાકાત લઈ રહ્યા છે. બરડા ડુંગર પાસે જ ઈન્દ્રેશ્વર મહાદેવ ત્રિવેણી સંગમ, ઘુમલી, આશાપુરા માતાજી મંદિર, સામુદ્રી માતાજી મંદિર, વિંધ્યવાસિની મંદિર, માતંદગેવ મંદિર, ભીમનાથ મહાદેવ, ત્રિકમરાય મંદિર, કિલેશ્વર મહાદેવ, બીલેશ્વર મહાદેવ સહિતના તીર્થસ્થળો અને પ્રાચીન શીલ્પ સ્થાપત્ય માટે જાણીતો નવલખો મહેલ પણ આવેલ હોય મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ અને પર્યટકો મુલાકાત લઈ રહ્યા છે.

(તસવીર : મહેન્દ્ર કક્કડ, દ્વારકા)

# રાજુલાના લોઠપુરથી કોવાયા ગામ સુધીનો આઠ કિમી રોડ પરથી ડામર સંપૂર્ણ ગુમ

## અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીએ દતક લીધેલા રસ્તો અચાનક સરકારને પરત આપી દેવાતા કંપની અને સત્તાધીશો સામે લોકોના અનેક સવાલો ઉભા થયા

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**



રાજુલા તાલુકાના ઉદ્યોગોથી ધમધમતા લોટપુર થી કોવાયા ગામ સુધીના આઠ કિલોમીટરના રોડ પરથી ડામર સંપૂર્ણપણે ગુમ થઈ ગયો હોય તેમ અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીએ દત્તક લીધેલા રસ્તા પર માત્ર ધૂળની ડમરીઓને ફૂટ ફૂટના ખાડાઓ બાકી વધ્યા હોય અને આ રોડ મંજૂર થયા ને એક પૂરું થયું છે પરંતુ વર્ષો પહેલા કંપનીએ આ રોડને બતક લીધો હતો આ રોડ ફરીથી કંપનીને રીપેર અને મેન્ટેનેન્ટ ન કરવું પડે તે માટે બળતું ઘર શ્રીકૃષ્ણને અર્પણ તેમ આ રસ્તાનો હવાલો ફરીથી પી ડબ્લ્યુ ડી ને સોંપી દીધા ના મામલે કંપની સામે લોકોમાં ભારે આક્રોશ ઉભો થયો છે.

આઠ કિલોમીટરનોરોડ કંપની ને આપેલ તે દત્તક પરત લઈ લેતા એક તગારુ પણ ધૂળ નાખતા નથી સરકાર અને બાંધકામ ખાતાના ગાંધીનગરના અધિકારીઓ કહે છે કે રસ્તા તાત્કાલિક રીપેરીંગ કરો પરંતુ અમરેલીના અધિકારીઓ કહેવાય છે કે આ માટે કંપની કોઈ મેન્ટેન્સ માટે રૂપિયા આપતી ન હોવાથી આ રોડ રીપેર કરાવતા નથી બીજી તરફ આ રોડ સાથે જ રાજુલા સાવરકુંડલા રોડ મંજૂર કર્યા પછી પણ બાંધકામ ખાતાએ લોકો અને અધિકારીઓ રજૂઆતો ધ્યાનમાં લઈ ત્રણ વાર રીપેરીંગ કરાયું જ્યારે આઠ કિલોમીટરના રસ્તા અંગે કંપની કહે છે આ રોડ બે વર્ષથી પીડબલ્યુ હસ્તક છે અમારા હસ્તક હતો.ત્યાં સુધી રીપેરીંગ કરતા હતા પણ આ બિલકુલ ખોટુ છે કંપની એ આ રોડ પર કોઈ ધ્યાન આપ્યુ નથી ખર્ચ ખુબ મોટા આવે તેમ છે રસ્તો ખરાબ હોવા ના કારણે ૧૫ કિલોમીટર પીપાવાવ ફરીને લોકો જાય છે આઠ કિલોમીટરમાં નાના મોટા ૫૦૦ કરતા પણ વધારે ખાડા છે ખરાબ રોડ ના કારણે પ્રાઈવેટ વાહનો ને ખાડા પાર કરવા પડે. હવેતો લોકો એવું કહેતા થયા છે કે રોડ માં ખાડા છે કે પછી આખો રોડ જ ખાડા વાળો છે.

રાજુલા તાલુકાનુંકોવાયા ઉદ્યોગિક ગામ છે ભારે વાહનો આ રોડ ઉપરથી પસાર થાય છે આઠ કિમિ,લોઠાપુર થી કોવાયા ભાકોદર પાવર પ્લાન એનર્જી રિલાયન્સ ડિફેન્સ ના વાહન બે મહિના પહેલા દરરોજ ૫૦૦ ઉપરાંત વાહનો આવન જાવન કરતા પરંતુ એક માસથી તો કોવાયાના લોકોએ પણ ૧૫ કિમી ફરવા પીપાવાવ ભેરાઈ થઈ અને રાજુલા આવે છે અને વાહન ચાલકો ખાનગી ટ્રક ચાલકો રોડ ખરાબના કારણે ઊંચા ભાડા દેવા છતાં અલ્ટ્રાટેક માં આવવાનું નામ લેતા નથી કોવાયા ગામ સુધી ડામર રોડ અલ્ટ્રાટેક સિમેન્ટ ના દત્તક પણ આમાં હોય તાત્કાલિક આ રોડને રીપેર કરાવવા માટે તંત્રએ લાલ આંખ કરવાની જરૂર હોવાનું લોકોમાંથી સુર ઉઠ્યો છે.

# કાલાવડ ભાજપનું સ્નેહમિલન યોજાયું



**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**

કાલાવડ તાલુકાના નવાગામ જિલ્લા પંચાયત સીટ તેમજ ખંઢેરા જિલ્લા પંચાયત સીટનું ભારતીય જનતા પાર્ટીનું સ્નેહમિલન યોજાયું જેમાં ભારતીય જનતા પાર્ટીના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ આર. સી. ફળદુ , જામનગર જિલ્લા ભાજપના પ્રમુખ ડો. વિનોદભાઈ ભંડેરી, ૭૬, કાલાવડના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા દ્વારા નવા વર્ષની તેમજ બિહારમાં ભાજપને મળેલ પ્રચંડ જીતની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. તેમજ સ્વદેશી અપનાવવા અંગેની પ્રતિજ્ઞા લેવામાં આવી. આ સ્નેહમિલનમાં જિલ્લા મહામંત્રી અભિષેકભાઈ પટવા, તાલુકા ભાજપના પ્રમુખ સંજયભાઈ ડાંગરીયા, શહેર ભાજપના પ્રમુખ નીરવભાઈ ભટ્ટ, ગૌરવભાઈ પાનસુરીયા સહિતના આગેવાનો તથા બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી: રાજ્યકક્ષાની સ્વિમિંગ સ્પર્ધામાં ગજેરા કેમ્પસના ખેલાડીઓએ જમાવ્યું ‘વર્ચસ્વ’

**અબતક**
**પ્રદિપ ઠાકર, અમરેલી**



રાજકોટના સરદાર પટેલ સ્વિમિંગ પુલખાતે અન્ડર-૧૪, અન્ડર-૧૭ ભાઈઓ અને બહેનોની રાજ્ય કક્ષા સ્વિમિંગ ટુનામેન્ટનું આયોજન થયું હતું, તેમાં રાજયના વિવિધ જિલ્લામાંથી મોટી સંખ્યામાં સ્પર્ધકોએ પાર્ટિસિપેટ કરેલ હતું. જેમાં અમરેલી જિલ્લા માંથી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્પોર્ટ્સ સ્કૂલ (ડીએલએસએસ)ના ખેલાડીઓએ ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન સાથે કાંસ્ય પદક પ્રાપ્ત કર્યા હતા. સમગ્ર રાજ્યમાંથી ટેલન્ટેડ સ્વિમિંગ ખેલાડીઓની વચ્ચે અમરેલી ટીમની આ સિદ્ધિ પ્રસંશાસ્પદ ગણાઈ રહી છે. જેમાં ધરજીયા ક્લ્પેશ ૨૦૦મી .ફ્રીસ્ટાઈલ અને ૧૦૦ મી. બેક સ્ટ્રોક, શેખ પુજા ૨૦૦મી. બેક સ્ટ્રોક વાળા અર્ચના ૫૦મી. ફ્રી સ્ટાઈલ ક અને ૧૦૦મી. ફ્રી સ્ટાઈલ તેમજ ૫૦મી. બેક સ્ટ્રોકમાં મેડલ મેળવી સિધ્ધીઓ પ્રાપ્ત કરી શાળા અને અમરેલી જિલ્લાનું નામ રાજ્યકક્ષાએ રોશન કરેલ છે ત્યારે આ સિદ્ધિ સંસ્થાના ખેલ પ્રણાલી અને નિયમિત કઠિન પ્રશિક્ષણનું શ્રેષ્ઠ પરિણામ છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ સ્વિમિંગ ખેલાડીઓ તેમજ કોચ પ્રીતમ પટેલ, ટ્રેનર દીપેન ઘૂતને અભિનંદન પાઠવ્યા હતા.

# વેરાવળ: શહેર કારડીયા રાજપુત સમાજનો કાલે યોજાશે સ્નેહમિલન

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

વેરાવળ શહેર કારડિયા રાજપૂત સમાજ દ્વારા વાર્ષિક સ્નેહ મિલન કારડિયા રાજપૂત બોર્ડીંગ વેરાવળ ખાતે આયોજન કરાયું છે. આ સ્નેહમિલનમાં ઉપસ્થિત રહેવા જ્ઞાતિજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

આગામી તા.૧૬ નવેમ્બરને રવિવારના રોજ સાંજે ૬ કલાકે, કારડિયા રાજપૂત બોર્ડીંગ વેરાવળ ખાતે કારડિયા રાજપૂત સમાજ વેરાવળ શહેર દ્વારા આયોજિત સ્નેહમિલન નુતન વર્ષાભિનંદન, નવા વર્ષના રામ રામ... અને આવનારૂ નવું વર્ષ આપ તથા આપના પરિવાર માટે મંગળમય રહે, તે હેતુથી નવા વર્ષ નિમિતે વેરાવળ શહેરનું સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્નેહ મિલનમાં પરિવાર સાથે સમયસર આવવા જય ભવાની યુવા સંગઠન વેરાવળ અનુરોધ આ સ્નેહમિલન બાદ સમુહ ભોજન જ્ઞાતિજનો યોજાશે.

# કાલાવડ: સનાળા, મછલીવડ ગામે ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાએ કર્યું ડામર કામનું ખાતમુહુર્ત

## સનાળા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના રસ્તા રીપેરીંગથી અવર જવર સરળ બનશે

**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**



કાલાવડ તાલુકાના સનાળા તેમજ મછલીવડ ગામે ડામર રોડ રિકારોટનું ખાતમુહૂર્ત ૭૬, કાલાવડના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાના હસ્તે કરવામાં આવ્યું. આ તકે કાલાવડ તાલુકા ભાજપ પ્રમુખ સંજયભાઈ ડાંગરીયા, મહામંત્રી ભાવેશભાઈ વિરડીયા, જામનગર જિલ્લા ભાજપના ઉપ પ્રમુખ ગાંડુભાઈ ડાંગરીયા, જિલ્લા યુવા ભાજપના પ્રમુખ ભૂમિતભાઈ ડોબરીયા, ભાજપ અગ્રણી છગનભાઈ સોરઠીયા, પી.ડી. જાડેજા, વલ્લભભાઈ વાગડીયા, રાજુભાઈ મારવિયા, જમનભાઈ તારપરા, પરાક્રમસિંહ જાડેજા, પૃથ્વીસિંહ જાડેજા, રમેશભાઈ સાંગાણી, ધનાભાઈ નંદાણિયા , સરપંચઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ગ્રામજનોએ ધારાસભ્યઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ધ્રાંગધ્રા: બાળ દિવસે સાધના સ્કુલના બાળકોને આરોગ્ય જાગૃત્તિ વિશે અપાયું માર્ગદર્શન



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ચિલ્ડ્રન્સ ડેના પાવન અવસર પર ધ્રાંગધ્રા સાધના સ્કૂલ ખાતે બાળકોના સર્વાંગી વિકાસ અને સ્વાસ્થ્ય જાગૃતિને ધ્યાને રાખીને વિશેષ અવરનેશ કાર્યક્રમ યોજાયો હતો આ કાર્યક્રમમાં બાળકોને આરોગ્ય, સ્વચ્છતા અને પોષણ અંગે યોગ્ય માર્ગદર્શન આપવા માટે બાળરોગ વિશેષજ્ઞ ડો.હર્ષિલભાઈ મહેતા (એમ.ડી. પેડીયાટ્રીક્સ) સવા આયુષ હોસ્પિટલ સુરેન્દ્રનગર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રોગ્રામ દરમિયાન બાળકોને શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય વિષે જાગૃતિ સ્વચ્છતા, પોષણ અને રોગ પ્રતિરોધક શક્તિ વધારવાના ઉપાયો વિવિધ રમૂજી પ્રવૃત્તિઓ દ્વારા ફિટનેસ પ્રત્યે રસ વિકસાવવો રમત-ગમત અને આનંદદાયક પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં આત્મવિશ્વાસ અને ટીમવર્કની ભાવના જગાડવી સહિતની સમજ આપવામાં આવી હતી. બાળકોને સરળ ભાષામાં સ્વચ્છતા, પોષક આહાર તથા નિયમિત કસરતની અગત્યતા વિશે સમજાવવામાં આવી હતી. સાધના સ્કૂલના સંચાલક દિલીપભાઈ પટેલ અને ડો.હર્ષિલભાઈ મહેતા દ્વારા સરસ આયોજન સાથે કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

## નમ્રમુનિ મ.સા.ની પ્રેરણાથી

# લાઠી: જરૂરીયાતમંદને રાશનકિટનું વિતરણ

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**



અમરેલીના લાઠીમાં રાષ્ટ્રસંત ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબની દિવ્ય પ્રેરણાથી અને તેમની કરુણાને અનુસરીને, અરહમ ગ્રુપના સહયોગથી વતન લાઠી ખાતે માનવતાના સત્કાર્યોની ધારા વહી રહી છે. લાઠીના ૫૦ જરૂરિયાતમંદ પરિવારોને જીવનજરૂરી ચીજ વસ્તુઓની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કીટમાં ચા, ખાંડ, દાળ સહિત કુલ ૧૪ આવશ્યક વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેથી ગરીબ પરિવારોને રોજિંદી જીવન જરૂરિયાત પૂરી પાડવામાં મદદ મળી શકે.કબાટનું વિતરણ કરીને ખુશી બમણી આ પહેલાં, માત્ર બે દિવસ અગાઉ જ, નમ્રમુનિ પ્રેરણાથી લાઠીમાં ૧૦૦ જરૂરિયાતમંદ પરિવારોને સ્ટોરવેલ કબાટ અર્પણ કરવામાં આવ્યા હતા. આ કબાટો ઘરવખરી અને જરૂરી વસ્તુઓ સાચવવામાં લાભાર્થીઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થઈ રહ્યા છે.



<<પ્રથમ ટેસ્ટ>>

# બુમરાહ ''ફાઈવ સ્ટાર'': ભારત ડ્રાયવીંગ સીટ ઉપર!!!

## ભારતે પ્રથમ ઈનિંગમાં ૧૫૦+ રનની લીડ લેવી અતિ આવશ્યક કેમકે ચોથી ઈનિંગ ઈડન ગાર્ડનમાં બેટ્સમેનો માટે પડકારરૂપ બની રહેશે

**અબતક, કોલકતા**

સાઉથ આફ્રિકા સામે ઈડન ગાર્ડન્સ ખાતે શરૂ થયેલી પ્રથમ ક્રિકેટ ટેસ્ટ અગાઉ ટેમ્બા બાવુમાની ટીમ પાસેથી મોટા પડકારની અને સારા પ્રદર્શનની અપેક્ષા રખાતી હતી પરંતુ મેચના પ્રથમ દિવસે જ તેઓ ભારતના બોલિંગ આક્રમણ સામે શરણે થઈ ગયા હતા. તેમાંય જસપ્રિત બુમરાહ અન મોહમ્મદ સિરાઝની વેધક બોલિંગ સામે સાઉથ આફ્રિકન બેટર્સ ટકી શક્યા ન હતા. જો કે પીચ પણ બોલરોને મદદ કરે તેવી છે. પ્રથમ દિવસ સંપૂર્ણપણે ભારતનો અને ખાસ કરીને તેના બોલર્સનો રહ્યો હતો.સાઉથ આફ્રિકન ટીમ ટી બ્રેકની થોડી વારમાં ૧૫૯ રનના સામાન્ય સ્કોર પર આઉટ થઈ ગઈ હતી જેના જવાબમાં ભારતે પ્રથમ દિવસની રમતને અંતે એક વિકેટે ૩૭ રન કર્યા હતા.હવે ભારતે પ્રથમ ઈનિંગમાં ૧૫૦ + રનની લીડ લેવી આવશ્યક બની જશે કેમ કે ચોથી ઈનિંગમાં ઈડન ગાર્ડન પીચ પર રમવું બેટરો માટે અતિ મુશ્કેલ બની જશે.પ્રથમ દિવસની રમતના અંત સુધીમાં ભારતે ઓપનર યશસ્વી જયસ્વાલની વિકેટ ગુમાવી દીધી હતી. ઝડપી બોલર માર્કો યાનસેનની બોલિંગમાં તે બોલ્ડ થયો હતો. મુંબઈના આ ડાબેરી ઓપનરે ૧૨ રન ફટકાર્યા હતા. દિવસાન્તે કે એલ રાહુલ ૧૩ અને વોશિંગ્ટન સુંદર છ રન સાથે રમતમાં હતા. ભારતે દિવસ દરમિયાન ૨૦ ઓવર રમી હતી.અગાઉ સાઉથ આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. સવારના સત્રમાં એક સમયે આ નિર્ણય યોગ્ય જણાતો હતો.૧૧મી ઓવર સુધીમાં તેના બંને ઓપનરે મળીને ૫૭ રન ઉમેર્યા ત્યાં સુધી બાજી બરાબરી પર હતી પરંતુ આ તબક્કે જસપ્રિત બુમરાહે એઈડન માર્કરમને વિકેટ પાછળ રિશભ પંતના હાથમાં ઝડપાવી દીધો તે સાથે પ્રવાસી ટીમનો ધબડકો થયો હતો. વિના વિકેટે ૫૭ રન બાદ સાઉથ આફ્રિકાએ વધુ ૧૦૨ રનમાં તમામ વિકેટ ગુમાવી દીધી હતી. માર્કરમે ૩૧ રન ફટકાર્યા હતા તો રિયાન રિકેલ્ટન (૨૩) અને વિયાન મુલ્ડેરે (૨૪) થોડો પ્રતિકાર કર્યો હતો પરંતુ તેમની વિકેટો નિયમિત અંતરે પડતી રહી અને ટીમ વધુને વધુ મુશ્કેલીમાં મુકાઈ જતી હતી.સવારના સત્રમાં બુમરાહ ત્રાટક્યો હતો તો તેની સાથે સાથે લંચ અગાઉ કુલદીપ યાદવે પણ કમાલ કરી હતી. તેણે મુલ્ડેર અને હરીફ ટીમના કેપ્ટન ટેમ્બા બાવુમાને આઉટ કર્યા હતા. લંચ વિરામ બાદ સૌથી આકર્ષક બોલિંગ મોહમ્મદ સિરાઝે કરી હતી. વિરામ પછીના તબક્કામાં સિરાઝે સર્વશ્રેષ્ઠ સ્પેલ ફેંક્યો હતો. આ સમયે તે સૌથી ખતરનાક બોલિંગ કરી રહ્યો હતો અને વેરેયાન્ને અને માર્કો યાનસેનને આબાદ બોલમાં આઉટ કર્યા હતા. બુમરાહ ઉપરાંત મોહમ્મદ સિરાઝ અને કુલદીપ યાદવે બે બે તથા અક્ષર પટેલે એક વિકેટ ઝડપી હતી. આ મેચ અગાઉ એવી અપેક્ષા રખાતી હતી કે સાઉથ આફ્રિકા પાસે વેધક સ્પિન આક્રમણ છે. જોકે તેમની બેટિંગની નિષ્ફળતા અને ૧૫૯ રનના સ્કોર બાદ પ્રવાસી સ્પિનર્સ કેવી બોલિંગ કરે છે તે જોવાનું રહેશે.

### ઈડન ગાર્ડન ખાતે પ્રથમ ઈનિંગમાં ત્રીજો સૌથી ઓછો સ્કોર

ઈડન ગાર્ડન્સ ખાતે કોઈ વિદેશી ટીમ દ્વારા પ્રથમ ઈનિંગનો આ ત્રીજો સૌથી ઓછો સ્કોર છે. અહીં કોઈ વિદેશી ટીમ દ્વારા પ્રથમ ઈનિંગનો સૌથી ઓછો સ્કોર બાંગ્લાદેશ પાસે છે, જે ૨૦૧૯માં ફક્ત ૧૦૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. બીજો સૌથી ઓછો સ્કોર વેસ્ટ ઈન્ડિઝના નામે છે, જે ૨૦૧૧માં ૧૫૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. હવે, ૧૫૯ રનના સ્કોર સાથે, દક્ષિણ આફ્રિકા આ યાદીમાં ત્રીજા સ્થાને પહોંચી ગયું છે.

# શા માટે જાડેજાએ ચેન્નઈને બાય...બાય કર્યું?: ''ચીઠા'' ખોલતા શાસ્ત્રી



**અબતક, નવી દિલ્હી**

ચેન્નઈ સુપર કિંગ્સના સ્ટાર ઓલરાઉન્ડર રવિંદ્ર જાડેજા રાજસ્થાન રોયલ્સમાં જઈ રહ્યા છે, જેની અફવાઓ તીવ્ર બને છે. આ ટ્રેડ ડીલમાં આરઆરના કેપ્ટન સંજુ સેમસન સીએસકેમાં જોડાશે , અફવાઓ વચ્ચે ભૂતપૂર્વ ભારતીય કોચ રવિ શાસ્ત્રીએ જાડેજાના નિર્ણય પાછળની સત્યતા ખુલ્લી પાડી છે. તેમણે કહ્યું કે, જાડેજા હંમેશા જાણતો હતો કે તે ક્યાં જઈ રહ્યો છે અને તેની જેમાં આવશે તે પણ તેને ખબર હતી.

ભારત-દક્ષિણ આફ્રિકા વચ્ચેના પ્રથમ ટેસ્ટ મેચના કોમેન્ટરી દરમિયાન હર્ષા ભોગલેના પ્રશ્ન પર રવિ શાસ્ત્રીએ આ વિષય પર પોતાના વિચાર વ્યક્ત કર્યા. તેમણે કહ્યું, આ તમામ ચર્ચાઓ મોટાભાગે બહારના લોકો માટે છે. તેઓ ફક્ત જાણવા માંગે છે કે તે ક્યાં જઈ રહ્યો છે અને તેને કેટલા પૈસા મળશે. પણ જાડેજા જેવા કલાસના ખેલાડીને વાતોની કોઈ પરવા નથી. તેને શરૂઆતથી જ ખબર હતી કે તે ક્યાં જઈ રહ્યો છે અને તે તેને જાણ હતી.

શાસ્ત્રીએ જાડેજાની માનસિક તાકાતની પ્રશંસા કરી અને કહ્યું કે, તમે જાણો છો કે તમારે શું જોઈએ છે, તમારી પોકેટમાં શું આવશે તે પણ તમને ખબર હોય છે.

આ ટ્રેડ આઈપીએલ ૨૦૨૬ના ઓક્શનને વધુ રસપ્રદ બનાવશે. જાડેજા આરઆરમાં પાછા ફરીને તેમના કરિયરને નવી ઊંચાઈઓ આપશે,

(અનુ. આઠમા પાને)

# સૂર્યવંશીનો ''વૈભવ'': ૧૫ છગ્ગા અને ૩૨ બોલમાં સદીથી ''રાઈઝિંગ સ્ટારે'' જમાવટ કરી!!!

## એસીસી મેન્સ એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ ૨૯૮ રનના લક્ષ્યાંકના જવાબમાં,યુએઈ ટીમ ફક્ત ૧૪૯ રન જ બનાવી શકી: ભારતનો ૧૪૮ રને ભવ્ય વિજય: ગુર્જપનીતે ત્રણ વિકેટ ઝડપી



**અબતક, યુએઈ**

એસીસી મેન્સ એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ ૨૦૨૫ માં ઈન્ડિયા એ પોતાની પહેલી મેચ યુનાઈટેડ આરબ અમીરાત સામે રમી હતી. દોહાના વેસ્ટ એન્ડ પાર્ક ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાયેલી આ ગ્રુપ બી મેચમાં ઈન્ડિયા એ ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો.વૈભવ સૂર્યવંશીએ ૧૪૪ રનની ધમાકેદાર ઈનિંગ્સ રમી, જ્યારે કેપ્ટન જીતેશ શર્માએ પણ ઝડપી ૮૩ રન બનાવ્યા. ૨૯૮ રનના લક્ષ્યાંકના જવાબમાં,યુએઈ ટીમ ફક્ત ૧૪૯ રન જ બનાવી શકી.

ભારતીય ટીમે કેપ્ટન જીતેશ શર્માના નિર્ણયને સંપૂર્ણપણે યોગ્ય ઠેરવ્યો. વૈભવ સૂર્યવંશીએ શરૂઆતથી જ બોલર્સ પર પ્રહાર કરવાનું શરુ કર્યું. ૧૪ વર્ષીય ખેલાડીએ ૩૨ બોલમાં ૧૦ ચોગ્ગા અને ૯ છગ્ગા ફટકારીને પોતાની સદી પૂરી કરી. પોતાની ઈનિંગ દરમિયાન વૈભવે માત્ર ૧૭ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી. કુલ મળીને, વૈભવે ૪૨ બોલનો સામનો કર્યો અને ૧૪૪ રન બનાવ્યા, જેમાં ૧૫ છગ્ગા અને ૧૧ ચોગ્ગાનો સમાવેશ થાય છે. વૈભવ સૂર્યવંશી અને નમન ધીરે બીજી વિકેટ માટે ૫૬ બોલમાં ૧૬૩ રન ઉમેર્યા. નમનએ ૨૨ બોલમાં ૩૪ રન બનાવ્યા, જેમાં ત્રણ ચોગ્ગા અને બે છગ્ગાનો સમાવેશ થાય છે.

એકલા ભારતીય બેટ્સમેનોએ ઈનિંગ્સમાં ૨૯૭ રન બનાવ્યા, જેમાં ૨૫ છગ્ગા અને ૨૪ ચોગ્ગા ફટકાર્યા. ભારતીય ટીમે ફક્ત બાઉન્ડ્રીથી ૨૪૬ રન બનાવ્યા.

(અનુ. આઠમા પાને)

### એશિયાકપ રાઈઝિંગ સ્ટાર્સમાં કાલે ભારત-પાકિસ્તાન વચ્ચે જંગ

કાલે અશિયાકપ રાઈઝિંગ સ્ટાર્સમાં ભારત-પાકિસ્તાન મેચ રમાશે. ભારત ૧૮ નવેમ્બરે ઓમાન સામે રમશે. આ પછી બંને સેમિફાઈનલ ૨૧ નવેમ્બરે રમાશે. બંને વિજેતા ટીમો ૨૩ નવેમ્બરે ફાઈનલમાં રમશે, જેનાથી એક નવો ચેમ્પિયન સ્થાપિત થશે. જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે ટકરાવ નિશ્ચિત છે, જો બંને ટીમો આગળ વધે તો વધુ મેચ શક્ય બની શકે છે. આ માટે તૈયાર રહો.ભારતના યુવા વિસ્ફોટક બેટ્સમેન, વૈભવ સૂર્યવંશી, પાકિસ્તાની બોલરો સામે કેવું પ્રદર્શન કરશે.

# ઈન્ડોનેશિયામાં ISOની બેઠક મળી: મોરબીના સિરામિક ઉદ્યોગને મોટો ફટકો આપવાનો ચીનનો પ્રયાસ નિષ્ફળ

## મોરબીની સ્લેબ ટાઈલ્સ જે બિનજરૂરી સ્ટાન્ડર્ડ પાસ ન કરી શકે તે લાગુ કરવા ચીને પ્રયાસ કર્યો, મોરબી સિરામિક એસો.પ્રમુખ હરેશ બોપલીયા સહિતના ડેલીગેશને આ સ્ટાન્ડર્ડનો સખત વિરોધ નોંધાવી તેને લાગુ ન થવા દીધો



**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીમાં ઈન્ડોનેશિયામાં ISO-TC/૧૮૯ ઓર્ગેનાઈઝેશનની વર્કિંગ કમિટીની બે દિવસની બેઠક આજે સંપન્ન થઈ છે. જેમાં મોરબી સિરામિક એસો.ના પ્રમુખ હરેશભાઈ બોપલીયા સહિત ૫ પ્રતિનિધિઓએ ભારત તરફથી હાજરી આપી હતી. તેઓએ આ બેઠકમાં નવું બિનજરૂરી સ્ટાન્ડર્ડ લાવી મોરબીની સ્લેબ ટાઈલ્સને ઈન્ટરનેશનલ માર્કેટમાં ખતમ કરી દેવાના ચીનના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો.

તા.૧૩ અને ૧૪ નવેમ્બર ઈન્ડોનેશિયાના યોગ્યાકર્તા સિટીમાં ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશનની વર્કીંગ કમિટીની મીટીંગ યોજાઈ હતી. આ ઓર્ગેનાઈઝેશન ISO-TC/૧૮૯ સિરામિક ટાઈલ્સ માટેનુ ઈન્ટરનેશનલ સંગઠન છે. જેમાં સમગ્ર વિશ્વમાંથી ૨૯ દેશ સભ્ય છે. તેમાંથી ૨૬ દેશના ડેલિગેશન હાજર રહ્યા હતા. આ મિટિંગમાં ભારતીય ડેલિગેશનના પ્રતિનિધી તરીકે પાંચ મેમ્બર ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ડો. અશોક ખુરાના (ચેરમેન, બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ - દિલ્હી), આર.ડી.માથુર (BIS કમિટી મેમ્બર) પોલસન કે. (BIS કમિટી મેમ્બર) હરેશભાઈ બોપલીયા (મોરબી સિરામિક એસોસિએશન પ્રમુખ) અને જેરામભાઈ કાવર (BIS કમિટી મેમ્બર)એ હાજરી આપી હતી.

ગત વર્ષે ચાઈના ડેલિગેશન સ્લેબ ટાઈલ્સમાં ઈલાસ્ટીક મોડ્યુલસ ફોર સબટ્રેસ એન્ડ ગ્લેઝ લેયર નામનો ટેસ્ટ ફરજીયાત દાખલ કરવા ઈચ્છતું હતું. સાથે તેઓએ આ ટેસ્ટ મેથડ પણ રજુ કરી હતી. ભારતીય ડેલિગેશન તરફથી આ ટેસ્ટનો જોરદાર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો અને આ વિરોધને ટેકો આપવા માટે અમેરિકા, ઈટાલિ, બ્રાઝીલ, ઓસ્ટ્રેલિયા અને તર્કીનું ડેલિગેશન પણ આગળ આવ્યું હતું. જેને પગલે કમિટીના ચેરમેન ડો. સેન્ડર્સ જોહ્ન પી.(અમેરિકા) એ ભારતની

(અનુ. આઠમા પાને)

# રાજકોટ-પોરબંદર ટ્રેનનું ગોંડલ રેલવે સ્ટેશન પર ભાજપ પરિવાર દ્વારા સ્વાગત

## પોરબંદરની બે ટ્રેન દોડતી કરાતા લોકોમાં હર્ષ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

પોરબંદરનાં સાંસદ તથા કેન્દ્રીયમંત્રી ડો.મનસુખભાઈ માંડવીયાનાં પ્રયત્નો થી રેલ્વે તંત્ર દ્વારા કરાતા પોરબંદર થી રાજકોટ વચ્ચે રોજીંદા ભારે ટ્રાફિક ને પંહોચી વળવા પોરબંદર રાજકોટ વચ્ચે બે ટ્રેન મંજુર કરતા રોજીંદા મુસાફરો તથા અપડાઉન કરતા નોકરીયાતો માં હર્ષ ની લાગણી ફેલાઈ છે.આજે રાજકોટ થી ટ્રેન નો પ્રારંભ કરાતા પોરબંદર તરફ જતી ટ્રેન સવારે પોણા બારે ગોંડલ રેલ્વેસ્ટેશન પર પંહોચતા ટ્રેન માં મુસાફરી કરી પ્રારંભ કરાવનાર સાંસદ કેન્દ્રીય મંત્રી ડો.મનસુખભાઈ માંડવીયા, રાજ્ય નાં કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા,

(અનુ. આઠમા પાને)

## જામજોધપુરમાં નવી શરૂ કરાયેલ લોકલ ટ્રેનના વધામણા કરાયા



પોરબંદર રાજકોટ તા.૧૪થી શરૂ કરાયેલ ટ્રેનને જામ જોધપુર રેલ્વે સ્ટેશન મુકામે કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા અર્જુનભાઈ મોઢવડીયા સાંસદ પુનમબહેન માડમ જીલ્લા ભાજપ પ્રમુખ વિનોદભાઈ ભંડેરી તેમજ સ્થાનિક ભાજપ અગ્રણીઓ વેપારી ગણની ઉપસ્થિતીમાં રેલ્વે સ્ટેશને વધામણા કરાયા હતા.


## રાજકોટ-પોરબંદર બે નવી ટ્રેનો ચાલુ કરાવનાર કેન્દ્રીય મંત્રી ડો.માંડવીયાનું ૨૫ જેટલી સામાજીક સંસ્થા દ્વારા રેલવે સ્ટેશને સ્વાગત કરાયું

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ગઈકાલે કેન્દ્રીય મંત્રી અને પોરબંદરના સાંસદ ડો. માંડવીયા મધ્યસ્થીથી રાજકોટ-પોરબંદર બે નવી ટ્રેનો શરૂ થઈ તે ઉપલેટા રેલવે સ્ટેશને પહોચતા રેલવેમાં સવાર ડો.મનસુખ માંડવીયાનું શહેરની જુદી જુદી ૨૫ જેટલી સામાજીક સંસ્થાઓએ સ્વાગત કર્યું હતુ.

ઉપલેટા, ધોરાજી, ભાયાવદર, કોલકી સહિત ૧૦થી વધારે ગામોની વર્ષો થયા રાજકોટ-પોરબંદર ટ્રેન શરૂ કરવા માંગ ઉઠાવી હતી જેમ ચેમ્બર ઓફ કોમર્સ સહિત સામાજીક સંસ્થાઓ અનેક વખત રેલવે વિભાગને અને ચૂટાયેલા પ્રતિનિધીઓને રજૂઆત કરવા છતા પરિણામ નહોતું આવતું આખરે પોરબંદરના જાગૃત સાંસદ અને કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયાએ આ પ્રશ્ન હાથ ઉપર લઈ કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વીની વૈષ્ણવને રાજકોટ-પોરબંદર વચ્ચે વધુમાં

(અનુ. આઠમા પાને)



તસ્વીર: શહેઝાદ

## ભાયાવદર: નવી ટ્રેનને સ્ટોપ આપવા રજૂઆત



**અબતક, હાર્દીક રાવલ, ભાયાવદર:** ભાયાવદર શહેર ને નવી ટ્રેન નો સ્ટોપ મળે તેની રજૂઆત કરતા જામકંડોરણા તાલુકાના પ્રભારી ઈન્દ્રવિજય સિંહ ચુડાસમા ભાયાવદર શહેર ના પુર્વ પ્રમુખ તથા કારોબારી સમિતી ના પ્રતિનિધિ અતુલભાઈ વાછાણી સરજુભાઈ રાજકોટ પોરબંદર વચ્ચે શરૂ થનાર બે ટ્રેનને લીલી જંડી આપતા આપણા પોરબંદર લોકસભાના લોકલાડીલા સાંસદ અને ભારત સરકારના કેન્દ્રીય કેબિનેટ મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયા અને જામનગર ના સાંસદ પૂનમબેન માડમ. સાથે રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા અને રાજકોટ જિલ્લા ભાજપ આગેવાન ઈન્દ્રવિજયસિંહ ચુડાસમા. કારોબારી ચેરમેન ના પ્રતિનિધિ અતુલભાઈ વાછાણી. એ આપણા સાંસદ સભ્ય મનસુખભાઈ માંડવીયા સાથે ટ્રેનમાં મુસાફરી કરી હતી અને ભાયાવદર શહેરને આ ટ્રેન નો સ્ટોપ આપવા માટેની રજૂઆત કરી હતી. સાંસદ સભ્ય એ ખાતરી આપી હતી કે ભાયાવદર શહેરમાં ટ્રેનનો સ્ટોપ વેહેલીતકે આપવામાં આવશે

### યાયાવર મહેમાનો સાથે શિયાળાનું સૌંદર્ય ખીલી ઉઠ્યું

# ખીજડીયા પક્ષી અભયારણ્યમાં ૨૦૦થી વધુ પ્રજાતિના પક્ષીઓનું આગમન

## રામસર સાઈટનો દરજ્જો મળ્યા પછી પ્રવાસીઓની ભીડ વધી; વોચ ટાવર પરથી ટેલિસ્કોપ દ્વારા દુર્લભ પક્ષી નિહાળવાની સુવિધા

જામનગરથી ૧૨ કિલોમીટર દૂર આવેલું અને ૬૦૫ હેકટર વિસ્તારમાં ફેલાયેલું ખીજડીયા પક્ષી અભયારણ્ય હાલ ફરી એક વખત યાયાવર પક્ષીઓના આગમનથી જીવંત બની ગયું છે.

શિયાળાની ઋતુના આરંભ સાથે અહી દેશ-વિદેશમાંથી આવતા યાયાવર તથા સ્થાનિક મળીને લગભગ ૨૦૦ જેટલા પ્રજાતિના પક્ષીઓ મહેમાન બન્યા છે. વહેલી સવારે અભયારણ્ય વિસ્તારનું દ્દશ્ય પક્ષીપ્રેમીઓ માટે અનન્ય અને મનમોહક અનુભૂતિ કરાવતું બની રહ્યું છે.


ખીજડીયા અભયારણ્યને રામસર સાઈટનો દરજ્જો મળ્યા બાદ પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

ખારા તેમજ મીઠા પાણીના ઝરા હોવાથી પક્ષીઓને અનુકૂળ કુદરતી વાતાવરણ મળે છે, જેના કારણે વર્ષ દર વર્ષે મોટી સંખ્યામાં માઈગ્રન્ટ પક્ષીઓ જામનગરની ધરતી પર ઉતરતા હોય છે. આ દ્દશ્ય નિહાળવા દેશ-વિદેશના પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે.



અભયારણ્યના પાર્ટ-૨ વિસ્તારમાં ફોરેસ્ટ વિભાગે ખાસ વ્યવસ્થા ઉભી કરી છે. અહીં આવેલ વોચ ટાવર પરથી ટેલિસ્કોપ દ્વારા પક્ષીઓનું નિરીક્ષણ કરાવવામાં આવે છે. સાથે સાથે વન વિભાગના કર્મચારીઓ વિવિધ પક્ષી પ્રજાતિ અંગે વિગતવાર માહિતી આપી પ્રવાસીઓનો અનુભવ વધુ રસપ્રદ બનાવે છે.

શિયાળાની ઋતુ વધુ ઠંડી બનશે તેમ યાયાવર પક્ષીઓની સંખ્યા અને પ્રવાસીઓની અવરજવર બમણી થશે એવી વનવિભાગની ધારણા છે. પક્ષીપ્રેમીઓ માટે આગામી દિવસો ખીજડીયામાં પ્રકૃતિનો સંગમ અને પક્ષીવિશ્વનું અનોખું સૌન્દર્ય માણવાનો સુવર્ણ અવસર સાબિત થઈ રહ્યા છે.



# હાલારમાં બિહાર ચૂંટણીમાં એનડીએના વિજયથી ખુશીનો જશ્ન

## સાંસદ પૂનમબેન માડમ ,મંત્રી કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયા મંત્રી રીવાબા જાડેજા સહિતના અગ્રણીઓએ ફટાકડા ફોડી કરી ઉજવણી

બિહાર વિધાનસભા ચૂંટણીમાં એનડીએના વિજય બાદ સમગ્ર દેશમાં ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો. તે જ રીતે જામનગરમાં પણ આનંદની લાગણી છવાઈ ગઈ હતી. જામનગરના ધારાસભ્ય અને રાજયકક્ષાના મંત્રી શ્રીમતી રિવાબા જાડેજાએ એનડીએના ભવ્ય વિજયની ખુશીમાં ફટાકડા ફોડીને ઉત્સવ ઉજવ્યો હતો. ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા અને મોં મીઠું કરાવી, ઢોલ-નગારા વગાડીને વિજયનો જશ્ન મનાવ્યો હતો.

ચૂંટણીના પરિણામો જાહેર થતાં જ જામનગર શહેરમાં ઉત્સાહનો માહોલ છવાઈ ગયો હતો. કાર્યકરોમાં ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો અને વિજયની ખુશી લોકોને એક સાથે ઉજવવાની પ્રેરણા આપી રહી હતી.બિહાર ચૂંટણીના પરિણામોને લઈને રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ આનંદ અને સંતોષ વ્યકત કરતા જણાવ્યુંહતું કે - બિહારમાં એનડીએને મળેલો મજબૂત જનમત લોકતંત્રની જીત છે. વિકાસ, સુશાસન અને સ્થિરતાના માર્ગે બિહારને આગળ વધારવાની જનતાની સ્પષ્ટ ઈચ્છા આ પરિણામોમાં પ્રતિબિંબિત થાય છે.

રિવાબા જાડેજાએ બિહારના મતદાતાઓને અભિનંદન પાઠવતા વધુમાં જણાવ્યું કે બિહારની પ્રગતિ અને વિકાસ માટે મળેલો આ જનસમર્થન દેશના અનેક રાજ્યો માટે પ્રેરણાત્મક છે. તેમણે નવા ચૂંટાયેલા પ્રતિનિધિઓને શુભેચ્છાઓ પાઠવી અને આશા વ્યક્ત કરી કે બિહાર સરકાર સર્વાંગી વિકાસને વેગ આપવા માટે વધુ શક્તિશાળી પગલાં ભરી શકશે.

તેમણે જણાવ્યું કે, દેશના વિવિધ રાજ્યોમાં લોકો વિકાસ, સુરક્ષા અને પારદર્શિતા આધારિત રાજકારણને પ્રાથમિકતા આપે છે. બિહારના પરિણામો એ દિશામાં વધુ એક મજબૂત સંકેત છે. જામનગર શહેરની ઉજવણી અને લોકોની ખુશી સાથે એનડીએના આ વિજયે રાજકીય જગતમાં પણ નવી ઊર્જા ભરી છે.

જામ જોધપુર ભાજપ દ્વારા કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા ગુજરાત રાજ્યના મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયા સાંસદ પુનમબહેન માડમ જીલ્લા ભાજપ પ્રમુખ વિનોદભાઈ ભંડેરીની ઉપસ્થિતમાં જીલ્લા ભાજપ મંત્રી કૌશીકભાઈ રાબડીયા અગ્રણી અમુભાઈ વૈશ્નાણી જિલ્લા ભાજપપૂર્વ મહામંત્રી ચેતનભાઈ કડીવાર પૂર્વ શહેર ભાજપ પ્રમુખ જયેશભાઈ ભાલોડીયા તથા શહેર તાલુકાના ભાજપ કાર્યકર્તા દવારા ફટાકડા ફોડી આતશબાજી કરી આ જીતને વધાવી હતી



તસ્વીર: ભરત ગોહિલ -જામજોધપુર





### મહંતસ્વામી મહારાજના દિવ્ય સાન્નિધ્યમાં

# બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે ગ્રામ્ય દિનની ભવ્ય ઉજવણી

## હરિમંદિર ખાતમુહૂર્ત, સંવાદ-ભજન અને હજારો હરિભક્તો માટે સ્વામીના આશિર્વાદ વરસ્યા

જામનગરના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંતસ્વામી મહારાજના દિવ્ય સાન્નિધ્યમાં તા. ૧૨ અને ૧૩ નવેમ્બરના રોજ ગ્રામ્ય દિનની ભવ્ય ઉજવણી હજારો હરિભક્તોની હાજરીમાં યોજાઈ. કાર્યક્રમની શરૂઆત પ્રાતઃપૂજાના દર્શન, પાવન હસ્તે વાનાવડ ગામના નવા હરિમંદિરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. સાથે જ લતીપર, નંદપુર અને હરિપર ગામમાં નવા નિર્માણ પામેલા હરિમંદિરોની મૂર્તિઓનું પૂજન કરવામાં આવ્યું. વાનાવડ, વિશાળ ઉપસ્થિતિ વચ્ચે સ્વામીએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના નકશા પર હાથ ફેરવી સત્સંગ વૃદ્ધિ, સુખ-શાંતિ અને સૌના કલ્યાણના આશીર્વાદ

કાર્યક્રમ દરમિયાન શ્રીહરિના સમયમાં કેવા ભક્તો હતા જેવા રસપ્રદ સંવાદો તથા આજ્ઞાપાલનના મહિમા સમજાવતા કાર્યક્રમો રજૂ થયા. બાળકો દ્વારા ભાગ્ય મોટા એ ભૂમિના સંવાદ રજૂ

સ્વામી સમક્ષ કાર્યકરોનો પરિચય અને અપૂર્વમુની સ્વામી દ્વારા પ્રશ્નોત્તરી યોજાઈ. પ્રશ્નોત્તરીમાં સ્વામીએ જણાવ્યું કે ગ્રામ્ય વિસ્તારોમાં મંદિરો વધશે, સત્સંગ વિકસશે અને ગુણાતીતાનંદ સ્વામીનાં આશિર્વાદ મુજબ પાંદડે-પાંદડે સત્સંગ થશે. અંતે



સંગીતજ્ઞ વૃંદ દ્વારા ભજન-કીર્તન અને નાના બાળકોના મુખપાઠથી થઈ હતી. બાળકોના ઉત્તમ મુખપાઠથી સ્વામી રાજી થયા હતા.

મહંતસ્વામી મહારાજના મજોઠ અને વરણા ગામના મંદિરો તથા આશ્રમો માટે ઈષ્ટિકાઓનું પૂજન પણ સ્વામીએ કર્યું.

ભાણવડ, ખંભાળીયા અને ભાદરા વિસ્તારના હરિભક્તોની આપ્યા. ગ્રામ્ય વિસ્તારોમાંથી પધારેલા હરિભક્તોએ કલાત્મક હાર, પ્રસાદ અને ઉપહારો ભક્તિભાવથી તૈયાર કરી અર્પણ કર્યા.

કરાયો, જેમાં ભાદરા ગામના દિવ્ય મહિમાનું ગાન કરવામાં આવ્યું. સ્વામીએ પણ ભાદરા ગામ વિશે લખેલા પત્રના નિરૂપણથી સૌને આશીર્વાદ આપ્યા.

અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુહરિની સમૂહ આરતી સાથે કાર્યક્રમ પૂર્ણ થયો.

# દ્વારકા: ટાટા કેમિકલ્સની સાયકલોથોન સ્પર્ધામાં ૨૬૬ લોકોએ ઉત્સાહભેર લીધો ભાગ




**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

મીઠાપુર સ્થિત ઔદ્યોગિક એકમ ટાટા કેમીકલ્સ લીમીટેડ દ્વારા તાજેતરમાં ૨૪મી કે.એસ. સોમશેખરન નાયર મેમોરીયલ ઓપન ઓખા મંડળ સાઈકલોથોન ટાટા કંપનીના ટાઉનશીપમાં યોજવામાં આવી હતી. સામુદાયિક સુખાકારી અને એકતાની ભાવનાની સાથે યોજેલ ૪૨ કિમી એન્યુરન્સ રેસ અને ૧૪ કિમીની સ્પ્રીન્ટ એમ બે પ્રકારની સાઈકલોથોનમાં ૩૧ મહિલાઓ સહિત કંપનીના ૧૪૭ કર્મચારીઓ સહિત ૨૬૬ લોકો જોડાયા હતા. ૧૯૮૪ થી ૧૯૮૭ સુધી મીઠાપુર પ્લાન્ટમાં એસ્ટેટ અને સિક્યોરીટી ઓફીસર તરીકે સેવા આપનાર અને સોમન નાયર તરીકે જાણીતા સ્વ.કે.એસ. સોમશેખરનના વારસને સન્માનિત પણ કરવામાં આવ્યા હતા. ૪૨ કિમીની રેસમાં ભાવેશ સુમણીયા પ્રથમ રહ્યા હતા. કર્મચારી કેટેગરીમાં જગદીશસિંહ વાઢેર પ્રથમ ક્રમે રહ્યા હતા. તમામ વિજેતાઓનું આગેવાનો દ્વારા પુરસ્કાર સાથે સન્માન કરાયું હતું.

### બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી

# આદિજાતિ સમુદાયમાં સામાજિક ચેતના અને ગૌરવ ઉજાગર કરવામાં નિમિત્ત બનશે: મંત્રી રીવાબા

બિરસા મુંડાની ૧૫૦મી જન્મજંયંતિ નિમિત્તે ગુજરાતમાં તા.૧ થી તા.૧૫ નવેમ્બર દરમિયાન જન જાતીય ગૌરવ ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના રાજ્યકક્ષાના મંત્રી રીવાબા જાડેજાની અદયક્ષતામાં જામનગર શહેરના ટાઉનહોલ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં રાજ્યકક્ષાના મંત્રી રીવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, આદિવાસી સમાજના એક મહાન યોદ્ધા, સમાજ સુધારક અને આંદોલનકાર બિરસા મુંડા આદિવાસી સમુદાયના નેતા હતા.

કાર્યક્રમમાં મંત્રીના હસ્તે જામનગર જિલ્લાના વિવિધ વિભાગો જેમાં માર્ગ અને મકાન વિભાગ(રાજ્ય), શિક્ષણ વિભાગ હેઠળના સમગ્ર શિક્ષા અભિયાન હેઠળના પ્રોજેક્ટ અંતર્ગતના કામો, ગુજરાત




પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા સામાન્ય વહીવટી વિભાગ અંતર્ગત વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળના કુલ રૂ. ૨૧,૭૭૩.૬૧ લાખના ૫૪ પ્રકલ્પોનું ઈ-ખાતમુહુર્ત તથા ૨૪૪૯.૯૨ લાખના ૧૦૬ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેઓના જીવન વિશે વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ મહાનુભાવોના હસ્તે આદિજાતિ સમાજના અગ્રેસર આગેવાનોનું સમ્માન, વિવિધ સ્પર્ધાઓમાં પસંદ થયેલા વિદ્યાર્થીઓ, શ્રેષ્ઠ શાળાઓના આચાર્યનું સમ્માન, વિવિધ યોજનાઓ જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને ચાવી વિતરણ તથા મંજૂરીપત્રો, ૩ સખી મંડળોને કેસ ક્રેડીટ લોન અંતર્ગત રૂ.૧૪લાખની રકમના ચેક, પ્રધાનમંત્રી સ્વનિધિ અંતર્ગત શહેરી ફેરિયાઓ માટે લોનની રકમના ચેક એનાયત કરવામાં આવ્યા હતા.

**રાજ્યકક્ષાના મંત્રી રીવાબા જાડેજાની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં રૂ. ૨૪ લાખના પ્રકલ્પોનું ઈ-ખાતમુહૂર્ત**

રાજકોટના જામનગર રોડ પર કરૂણ બનાવ

# નાગેશ્વર વિસ્તારના એપાર્ટમેન્ટમાં પત્નીને ગોળી ધરબી પતિનો આપઘાત: પરિણીતા સારવાર હેઠળ

**દોઢેક માસથી પતિથી અળગા બહેનપણી સાથે રહેતા તૃષાબેન જીમમાંથી પરત આવતા લાલજી પઢીયારે બે રાઉન્ડ ફાયર કરતા માથા અને ગળાના ભાગે ગોળી વાગી: ગંભીર રીતે ઈજાગ્રસ્ત**

**અબતક, રાજકોટ**

રાજકોટના જામનગર રોડ પર આવેલ નાગેશ્વર વિસ્તારમાં એક અત્યંત કરૂણ બનાવ બનવા પામ્યો છે. જ્યાં પતિએ પત્નીને ગોળી ધરબી દેતાં પરિણીતાને માથા અને ગળાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. બાદ પતિએ પોતે પણ ગોળી ધરબી આપઘાત કરી લેતાં ચકચાર મચી જવા પામી હતી. બનાવને પગલે ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી,



લાલજીભાઈ    તૃષાબેન

ગાંધીગ્રામ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને પતિના મૃત્તદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. જ્યારે બીજી બાજુ ગંભીર રીતે ઘવાયેલી પરિણીતાને સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. ઘટનાને પગલે ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઇ અને એસીપી રાધિકા ભારાઇ

(અનુ. આઠમા પાને)

## ભાભીનાં અનૈતિક સંબંધમાં મારા ભાઈનો જીવ ગયો: લાલજીભાઈની બહેનનો વલોપાત

**આડા સંબંધ ધરાવતી ભાભીને રંગેહાથ પકડી લીધાં બાદ દોઢ મહિનાથી રોકડ, દાગીના અને મિલકતના દસ્તાવેજ ઘરેથી લઈ જઈ પ્રેમી અને બે સહેલી સાથે રહેતી'તી : ગંભીર આક્ષેપ**

નાગેશ્વર વિસ્તારનાં સમેત શીખર એપાર્ટમેન્ટમાં પતિએ પત્ની પર બે રાઉન્ડ ફાયરીંગ કરી પોતે પણ લમણે ગોળી મારી આપઘાત કરી લેવાના બનાવમાં મૃતકની બહેન સહિતનો પરીવાર દોડી આવ્યો હતો અને આક્રંદ મચાવ્યો હતો. મૃતકની બહેને જણાવ્યું હતું કે, તેમની ભાભીને કૌટુંબિક ભત્રીજા વિશાલ નામના યુવક સાથે અનૈતિક સબંધ હતાં. જે વાતની દોઢ મહિના પહેલા તેમના ભાઈ લાલજીને જાણ થઈ હતી અને પત્નીને બગીચામાં પ્રેમી સાથે રંગેહાથ પણ પકડી લીધી હતી. જે બાદ બંને વચ્ચે અવારનવાર ઝઘડા થતાં હતાં. જે બાદ ભાભી તૃષા ઘરેથી રોકડ પાંચ લાખ, દાગીના, મિલકતના દસ્તાવેજ સહિતનો મુદામાલ લઈ તે તેની સહેલી પૂજા, સોનુ અને પ્રેમી વિશાલ સાથે રહેવા ચાલી ગઈ હતી. અવારનવાર તેને સમજાવી ઘરે આવી જવા કહ્યું છતાં તે પરત આવી નહતી (અનુ. આઠમા પાને)

**તૃષાનું સારવારમાં મોત નહીં થાય તો હું તેને મારી નાંખીશ: બહેને આક્રોશ ઠાલવ્યો**

**પતિએ પોતાને પણ ગોળી મારી લેતાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યું: બનાવને પગલે ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઇ, એસીપી રાધિકા ભારાઇ સહિતના અધિકારીઓ દોડી ગયા**

# રાજકોટનાં જયપાલસિંહ વાઘેલાએ મંગાવેલો રૂ. ૬૮.૩૨ લાખનો દારૂ મેટોડાની સીમમાંથી ઝડપાયો

**કટીંગ થાય તે પૂર્વે જ રૂરલ એલસીબી ટીમ ત્રાટકી: જામનગરનાં નામીચા શખ્સોને દબોચી ૨૦૬૬૪ બોટલ દારૂ કબ્જે કરાયો**

**પીઆઈ વી વી ઓડેદરા અને પીએસઆઈ એચ સી ગોહિલની ટીમનો દરોડો**

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલ મેટોડાની સીમમાંથી ૬૮.૩૨ લાખના દારૂ સાથે જામનગરના બે શખ્સોને રૂરલ એલસીબીની ટીમે પકડી પાડી મોટી કાર્યવાહી કરી હતી. દારૂનું કટીંગ થાય તે પહેલાં જ ટીમ ત્રાટકી હતી અને દારૂની રખેવાળી કરતાં નામીચા શખ્સોને દબોચી ૨૦૬૬૪ બોટલ દારૂ કબ્જે કર્યો હતો. રાજકોટના જયપાલસિંહ વાઘેલાએ દારૂ મંગાવ્યો હોવાનું ખુલતાં તેની શોધખોળ આદરી હતી.







રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા દારૂ-જુગારની પ્રવૃતિ શોધી કાઢી ગેર-કાયદેસર પ્રવૃતિ સદંતર નાબુદ કરવાની આપેલ સૂચનાથી રૂરલ એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ.સી.ગોહીલ ટીમ સાથે નાઈટ કોમ્બીંગ રાઉન્ડમા હતા જે દરમ્યાન સાથેના એએસઆઇ રવિદેવભાઇ બારડ, બ્રિજરાજસિંહ જાડેજા, રોહિતભાઇ બકોતરા અને કોન્સ્ટેબલ પ્રકાશભાઇ પરમારને મેટોડા ગામની સીમમા આવેલ એક વાડીની ઓરડીમા મોટો દારૂનો જથ્થો હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી બે શખ્સોને દબોચી લીધાં હતા. પકડાયેલ શખ્સોના નામ પૂછતા હનિફ એલિયાસ જેડા (ઉ.વ.૨૬, રહે. જામનગર ચકલી કાંટા પાસે, જોડીયા) અને જાકીર કાસમ સંઘાર (ઉ.વ.૨૬, રહે. જામનગર રામેશ્વર માટેલ ચોક) ને પકડી પાડ્યાં હતાં. પોલીસે વાડીની ઓરડીમાંથી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની કુલ ૨૦,૬૬૪ બોટલ રૂ.૬૮,૩૨,૮૦૦ જથ્થો મળી આવતાં બંને શખ્સોની ધરપકડ કરી દારૂ, બાઈક સહિત ૬૮.૯૨ લાખનો મુદામાલ કબ્જે કરી પૂછતાછ હાથ ધરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, પકડાયેલ બંને શખ્સો દારૂની રખેવાળી કરી અલગ અલગ બુટલેગરોને કટીંગ કરાવતાં હતાં. જ્યારે આ દારૂનો જથ્થો રાજકોટના જયપાલસિંહ ઉર્ફે યુવરાજસિંહ લાલુભા વાઘેલા નામના શખ્સે મંગાવ્યાની કબૂલાત આપતાં પોલીસે તેની શોધખોળ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, પકડાયેલ હનીફ જેડા સામે હત્યા, હત્યાનો પ્રયાસ અને જાકીર સંઘાર સામે પણ હત્યાનો પ્રયાસ, ચોરી સહિતના ગુના નોંધાયેલ છે. જ્યારે ફરાર જયપાલસિંહ વાઘેલા સામે પણ રાજકોટના પોલીસ મથકમાં ગુના નોંધાયેલ છે.

# રાજકોટ સહિત ચાર મહાપાલિકામાં રસ્તાની સમીક્ષા કરવા વિશેષ ટીમની રચના

**રાજ્ય સરકાર દ્વારા ટીમ બનાવાય: ટીમ લીડર અને અન્ય ત્રણ સભ્યો રાજકોટ, ભાવનગર, વડોદરા અને સુરતમાં તુટેલા માર્ગ બાદ કરાયેલી કામગીરીની સમીક્ષા કરશે**

**અબતક, રાજકોટ**

ચોમાસાની સિઝનમાં ભારે વરસાદના કારણે રાજ્યભરમાં રોડ - રસ્તાને પારાવાર નુકશાની થવા પામી છે. રસ્તાના કામમાં વેઠ ઉતારનારા કોન્ટ્રાકટરો સામે આકરા પગલા લેવા મુખ્યમંત્રી દ્વારા આદેશ આપવામાં આવ્યો છે. દરમિયાન રાજકોટ, ભાવનગર, વડોદરા અને સુરત મહાપાલિકામાં તુટેલા રસ્તાઓને રિપેર કરવા માટે થયેલી કામગીરીની સમીક્ષા કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ચાર-ચાર સભ્યોની સમિક્ષાની રચના કરવામાં આવી હતી. આગામી દિવસોમાં આ ટીમ દ્વારા અલગ અલગ મહાપાલિકામાં રૂબરૂ જઈ નીરીક્ષણ કરશે.

રાજકોટ મહાનગર પાલિકામાં રસ્તા કામગીરીના નિરીક્ષણ મો ટીમ લીડર તરીકે રોહિતભાઇ પટેલની નિમણુંક કરવામાં આવી છે. આ ઉપરાંત ટીમના ત્રણ સભ્ય તરીકે જયભાઇ તલાટી, જીયુડીસીના ડેપ્યુટી એન્જીનીયર અમિતભાઇ પટેલ અને ત્રીજા સભ્ય તરીકે મ્યુનિ. કમિશ્નર, સીટી એન્જીનીયર કે એકઝીકયુટીવ એન્જીનીયર રહેશે. ભાવનગર મહાનગરપાલીકામાં ટીમ લીડર તરીકે એમ.આઇ. શાહ સભ્ય તરીકે પ્રણવ ધોળીયા અને જીયુડીસીના પીઆઇયુ મેનેજર રહેશે ત્રીજા સભ્ય તરીકે સ્થાનીક લેવલેથી એક અધિકારીને સાથે રાખવામાં આવશે. વડોદરા મહાનગરપાલિકામાં રસ્તા કામગીરીની સમીક્ષા માટે રચાયેલી સમિતિમાં એમ.એમ. ચૌધરી, કૃણાલભાઇ રાવલ, જીયુડીસીના પીઆઇયુ મેનેજર તથા કોર્પોરેશનના કમિશ્નર કે એક એન્જીનીયર રહેશે જયારે સુરત મહાનગરપાલિકામાં રોડના કામોની સમીક્ષા માટે ટીમ લીડર તરીકે આર.વી. પટેલ સભ્ય પઠાણભાઇ, જીયુડીસીના પીઆઇયુ મેનેજર તથા મ્યુનિસીપલ કોર્પોરેશનના કમિશ્નર અથવા સિટી એન્જીનીયર રહેશે.

ગેરેન્ટી વાળા રસ્તા તુટવાના કેસમાં કોન્ટ્રાકટરો સામે ફોજદારી સહિતના આકરા પગલા લેવા સી.એમ. દ્વારા આદેશ આપવામાં આવ્યા છે.

# ક્યાં વિસ્તારમાં ક્યાં સમયે કેટલો વીજ વપરાશ થાય છે તેની માહિતી આંગળીના ટેરવે મળશે

**ઉર્જા વિભાગના ક્રાંતિકારી પોર્ટલ સંવર્ધનમનું લોન્ચીંગ**

**અબતક, રાજકોટ**

ઊર્જા વિભાગ હવે ડાટા ડ્રિવન ફોરકાસ્ટ કરી ભવિષ્યનું આયોજન કરશે જેના માટે ઊર્જા વિભાગના ક્રાંતિકારી પોર્ટલ ઊર્જા સવર્ધનમનું લોંચિંગ કરતા મંત્રી ઋષિકેશભાઇ પટેલે કર્યુ હતુ.

ઊર્જા મંત્રી ઋષિકેશભાઇ પટેલે વીજ વિભાગ માટે ક્રાંતિકારી સાબિત થનારા વેબપોર્ટલ ઊર્જા સંવર્ધનમનું લોંચિંગ કર્યું છે. આ વેબપોર્ટલમાં વીજ ઉત્પાદનથી માંડીને ગ્રાહકો દ્વારા થતાં વીજ વપરાશ સહિતનો તમામ ડેટા સંગ્રહિત કરી ભવિષ્યની યોજનાઓનું અમલીકરણ કરવા માટે ચાવીરૂપ સાબિત થશે.

મંત્રીએ વીજ સંવર્ધનમ પોર્ટલનું લોંચિંગ કરતા જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલની રાહબરી હેઠળ રાજ્ય સરકાર વિકાસ કામોનું લાંબાગાળાનું આયોજન કરે છે અને ભવિષ્યના આયોજન માટે ટેકનોલોજીનો વિનિયોગ કરવામાં આવી રહ્યો છે. તે ઉપક્રમમાં વીજ સંવર્ધનમ પોર્ટલ કાર્ય કરશે.

વીજ સંવર્ધનમના ફિચર્સ અંગે માહિતી આપતા શ્રી પટેલે જણાવ્યું કે, આ પોર્ટલમાં રાજ્યના તમામ સબ સ્ટેશન, સબ ડિવિઝનની માહિતી ફિડ કરવામાં આવી છે. ક્યાં વિસ્તારમાં, ક્યાં સમયમાં કેટલો વીજ વપરાશ થાય છે ? તેનો રિયલ ટાઇમ ડેટા આ પોર્ટલના માધ્યમથી ઉપલબ્ધ થશે.

આ ઉપરાંત ગ્રાહક સેવાઓ સુદ્રઢ કરવા માટે તેમના વીજ વપરાશ ઉપરાંત ક્યારે લાઇન ટ્રીપ થઇ, કેટલા સમય માટે ટ્રીપ થઇ, કેટલા સમય માટે શટ ડાઉન થયું? એ તમામ પ્રકારની માહિતી આ

(અનુ. આઠમા પાને)





